1500મી

મીલાદુન્નબી ﷺ ની ઉજવણી નિમિત્તે

મીલાદુન્નબી ﷺ વિશેષાંક

**(ભાગ-૫)**



# બરકાતે ખ્વાજા

(માસિક)

## ડિસેમ્બર-૨૦૨૫

હુઝૂર ﷺ શાફેએ મેહશર હોવાની સાબિતીમાં દલીલો

ઈદે મીલાદુન્નબી ﷺ મનાવવા વિશે સચોટ સાબિતી

ઈલ્મે ગયબે મુસ્તફા ﷺ (ઈલ્મ તથા તેહક઼ીક઼થી ભરપૂર ઈમાન અફરોઝ આર્ટિકલ)

નબી ﷺની સીરતમાં ચુકાદાના કેટલાક પાસાંઓ

અલ્લાહના રસૂલ ﷺનો ઈખ્તિયાર સહીહ હદીષોની રોશનીમાં

મેઅરાજમાં ખુદાના દીદાર વિશે વાંધાઓ અને તેના જવાબ

હુઝૂર ગરીબનવાઝ رحمة الله عليهની કેટલીક કરામતો


રહમતુલ્લિલ્ આલમીનનો અઝીમુશ્શાન લકબ તેની વિશિષ્ટતાઓ અને ફઝાઈલ

Name : Islamic Welfare Mission

બરકાતે ખ્વાજા માસિક લવાજમ રૂા. ૩૦૦/ ભરી મેમ્બર બનો !

તંત્રી.. પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

## કિતાબ છપાવવા માટે લિલ્લાહ, ઝકાત થકી મદદની અપીલ...




**જરૂરી એલાન :** આપને એ જાણીને ખુશી થશે કે અલ્લાહના રસૂલ ﷺની હદીષોની સમજૂતી દર્શાવતી કિતાબ **'મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ'** **(ભાગ-૬)** છપાવવા જઈ રહેલ છે. આશરે **650** પેજીસમાં ખૂબ જ ઉમદા શરહ છે.

**શરહકર્તા :** હકીમુલ ઉમ્મત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી رحمۃ اللہ علیہ

**અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)

જેમાં અક઼ીદા વિશે, ખાણાઓ વિશે, પાણીઓ વિશે, શરબતો વિશે, લિબાસ વિશે, અમામો બાંધવા વિશે, વીંટી વિશે, જોડા (પગરખાં) વિશે, કાંસકી કરવા વિશે, નખો કાપવા વિશે, સૂરમા વિશે, તસ્વીરો વિશે, ભાંગ ચરસ હરામ, દવાઓ તથા દુઆઓ વિશે, ફાલ તથા બદફાલી વિશે, ખ્વાબ વિશે, સલામ વિશે, ઈજાઝત લેવા વિશે, બેસવા, સૂવા, ચાલવા વિશે, છીંક તથા બગાસા વિશે, હસવા વિશે, નામો વિશે, વઅઝ તથા શેઅર વિશે, ઝબાનની હિફાઝત, ગીબત તથા ગાળ વિશે, વાયદા વિશે, ખુશમિજાઝી વિશે, ફખ્ર તથા પૂર્વગ્રહ, નેકી તથા સગાંથી સદ્‌વર્તાવ, મખ્લૂક પર પ્રેમભાવ તથા રહમત, અલ્લાહની રાહમાં મહોબ્બત તથા દુશ્મની, સગાઈ કાપવી તથા છુપા અયબ શોધવા, સાવધાની તથા કામો ઈત્મિનાનથી કરવા વિશે, નમ્રતા, શરમ તથા સારી આદતો વિશે, ગુસ્સો તથા ઘમંડ વિશે, જુલ્મ વિશે, સારી વાતોનો હુકમ આપવું....વગેરે પ્રકરણોની હદીષો સાથે સમજૂતી વાંચો અને દીન પર ચાલવા કોશિશ કરો.


**અપીલ :** મર્હૂમોના સવાબ અર્થે ૨૫ કોપી, ૫૦ કોપી, ૧૦૦ કોપી કે અધિક ફ્રી વહેંચવાની નિય્યતે સહકાર કરી પોતાને તથા તમારા મર્હૂમોને ક઼બ્ર આખેરતમાં સુકૂન પહોંચાડવા સહાય કરશો. અલ્લાહ સૌની નેકીઓ ક઼બૂલ ફર્માવે. બિજાહિન્નબી ﷺ

સંપર્ક કરો
PATEL SHABBIR ALI RAZVI
Mo. 94274 64411
Mo. 96645 21477

ચેક ઓફ બરોડા
A/c. Number
34620100000302
Anjumane Razae Mustafa
IFSC Code : BARB0DAYADR (Zero)

PhonePe G Pay paytm
Mo. 94274 64411
+91 9664521477

---




**૭૦૦ દુરૂદ શરીફોવાળી વિર્દની કિતાબ** (પેજીસ : ૩૨૮)

# દલાઈલુલ્ ખય્‌રાત શરીફ

હદિયો રૂપિયા **૨૫૦**
ટપાલ/કુરિયર ખર્ચ સહીત

**લેખક :** હઝરત અલ્લામા અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન સુલેમાન જઝૂલી رحمۃ اللہ علیہ
**ગુજરાતી સંપાદક :** પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)

પ્રસ્તુત બાબરકત કિતાબમાં **ફોર કલરમાં આર્ટ પેપર** પર **દુરૂદ શરીફો અરબીમાં, તથા ગુજરાતી લિપિયાંતર** તથા **ગુજરાતી તર્જુમો** પણ સામેલ છે. અસ્માઉલ હુસ્ના, અસ્માઉન્નબી ﷺ તેમજ સોમવારથી રવિવાર સુધી પઢવાની મંઝિલો (હિઝ્બો) જેને રોજ પઢવામાં **ફક્ત ૧૦-૧૫ મિનિટ જેટલો જ સમય** લાગી શકે છે પણ આ દુરૂદો પઢવાની ઘણી ફઝીલતો આવેલી છે. **તંદુરસ્તી, બીમારીઓથી શિફા, શૈતાનોથી હિફાઝત, જાદૂનો ઈલાજ, શાદી વિવાહમાં આસાની, આ દુનિયાથી આલમે બરઝખ, આલમે આખેરત સુધી તમામ મક઼ામો પર આસાની અને જન્નતમાં પ્રવેશ તથા દરજાઓની બુલંદીના દરેકે દરેક મોડ પર દુરૂદ શરીફ કામયાબીનો જામિન છે અને અલ્લાહ તઆલાના કરમથી તેને પઢવાવાળાનો ખાત્મો બિલખૈર (ઈમાન સાથે) થશે. જે ઘરમાં દલાઈલુલ્ ખય્‌રાતને પઢવામાં આવે છે ત્યાં શૈતાન નથી આવી શકતો.** વગેરે ફઝીલતો બરકતો છે તો દરેક મુસલમાને એને પઢવાની આદત પાડવી જોઈએ. પઢનારા માટે "ઈજાઝતનામા" પણ કિતાબમાં આપી દીધેલ છે. અલ્લાહ પાક તેના હબીબ ﷺના સદક઼ામાં આપણને એને પઢવાના આદી બનાવે. (આમીન)

સંપર્ક કરો
PATEL SHABBIR ALI RAZVI
Mo. 94274 64411
Mo. 96645 21477

ચેક ઓફ બરોડા
A/c. Number
34620100000302
Anjumane Razae Mustafa
IFSC Code : BARB0DAYADR (Zero)

PhonePe G Pay paytm
Mo. 94274 64411
+91 9664521477

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત

એટલે

મસ્લકે આ'લા હઝરત

નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**ડિસેમ્બર-૨૦૨૫**

જમાદિઉલ આખર – રજબુલ મુરજ્જબ

હિજરી સન : ૧૪૪૭

વર્ષ : ૨૨, અંક : ૧૨, સળંગ અંક : ૨૬૩

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા–૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000301

ISLAMIC WELFARE MISSION

IFSC Code : BARB0DAYADR


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/– |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/– |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/– |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/– |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/– |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/– |


: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | હુઝૂર ﷺ શાફેએ મેહશર હોવાની સાબિતીમાં દલીલો | 4 |
| 02 | ઈદે મીલાદુન્નબી ﷺ મનાવવા વિશે સચોટ સાબિતી | 10 |
| 03 | ઈલ્મે ગયબે મુસ્તફા ﷺ (ઈલ્મ તથા તેહકીકથી ભરપૂર ઈમાન અફરોઝ આર્ટિકલ) | 15 |
| 04 | નબી ﷺની સીરતમાં ચુકાદાના કેટલાક પાસાંઓ | 22 |
| 05 | અલ્લાહના રસૂલ ﷺનો ઈખ્તિયાર સહીહ હદીષોની રોશનીમાં | 26 |
| 06 | મેઅરાજમાં ખુદાના દીદાર વિશે વાંધાઓ અને તેના જવાબ | 31 |
| 07 | હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہની કેટલીક કરામતો | 35 |
| 08 | રહમતુલ્લિલ્ આલમીનનો અઝીમુશ્શાન લકબ તેની વિશિષ્ટતાઓ અને ફઝાઈલ | 41 |
| 09 | બરકાતે ખ્વાજા ટપાલ | 49 |


## ફૌજે ગમ કી બરાબર ચઢાઈ હૈ

અઝ : હુઝૂર મુફતિયે આ'ઝમે હિંદ મુસ્તફા રઝા رحمۃ اللہ علیہ

ફૌજે ગ઼મ કી બરાબર ચઢાઈ હૈ  
દાફ–એ–ગ઼મ તુમ્હારી દુહાઈ હૈ  
ઉમ્ર ખેલોંમેં હમને ગંવાઈ હૈ  
ઉમ્ર ભરકી યહી તો કમાઈ હૈ  
જબ ખુદા ખુદ તુમ્હારા હુઆ તો ફિર  
કૌન સી ચીઝ હૈ જો પરાઈ હૈ  
તાજ રખા તેરે સર ર–ફઅ્–ના કા  
કિસ કદર તેરી ઈઝ્ઝત બઢાઈ હૈ  
અંબિયાકો રસાઈ મિલી તુમ તક  
બસ તુમ્હારી ખુદા તક રસાઈ હૈ  
મેરા બેળા કિનારે લગે પ્યારે  
નૂહકી નાવ કિસને તિરાઈ હૈ  
કાશ ! વો હશ્ર કે દીન કહેં મુઝસે  
નારે દોઝખસે તુઝ કો રિહાઈ હૈ  
પ્યારે ખુશ્બુ તુમ્હારે પસીને કી  
ખુલ્દ કે ફૂલોં સે ભી સિવાઈ હૈ  
તયબાહ જાઉં વહાંસે ન વાપસ આઉં  
મેરે જી મેં તો અબ યે સમાઈ હૈ  
મર રહા હું તુમ આ જાઓ જી ઉઠ્ઠું  
શરબતે દીદ મેરી દવાઈ હૈ  
શૌકે દીદારે નૂરમેં અય **'નૂરી'**  
રૂહ ખીંચ કર અબ આંખોમેં આઈ હૈ

# હુઝૂર ﷺ શાફેએ મેહશર

## હોવાની સાબિતીમાં દલીલો

**તંત્રી લેખ**

પ્યારા દીની ભાઈઓ ! નબી કરીમ રઉફો રહીમ, શાફેએ મેહશર, શફીઉલ મુઝનબીન, રહમતુલ્ લિલ્આલમીન ﷺ કયામતમાં આપણા સૌની શફાઅત કરનાર છે એ આપણો પુખ્તા અક઼ીદો છે પણ કેટલાક દિલના આંધળાઓ એનાથી પણ ઈન્કાર કરે છે અને ગુમરાહી ફેલાવવા કોશિશ કરે છે તેમની બદઅક઼ીદગીની રદમાં અત્રે **મુજદ્દિદે દીનો મિલ્લત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ**નો ફત્વો** રજૂ કરીએ છીએ તેને વાંચો અને ઈમાની નૂરથી દિલને ભરી દો.

**સવાલ** : શું ફર્માવે છે દીનના ઉલમા આ મસ્અલામાં કે નબી ﷺનું શફીઅ (શફાઅત કરનાર) હોવું કઈ હદીષથી સાબિત છે ? બૈયનૂવ તૂજરૂ.

**અલ્જવાબ** : الحمدلله البصير السميع والصلاة والسلام علا البشير الشفيع واعلیٰ اله وصحبه كل مساء ومطيع સુબ્હાનલ્લાહ ! આવા સવાલ સાંભળીને કેટલુ આશ્ચર્ય થાય છે કે મુસલમાન અને સુન્નિયતનો દાવેદાર આ સ્પષ્ટ અક઼ીદાઓમાં શંકાકુશંકાની આફત ?! આ પણ કયામત નજીક હોવાની નિશાની છે. اِنَّا لِلّٰہِ وَاِنَّآ اِلَیۡہِ رٰجِعُوۡنَ શફાઅતની હદીષો પણ એવી ચીજ છે જે કોઈ રીતે છુપાય શકે ?! અનેક સહાબા, સેંકડો તાબઈન, હજારો મુહદ્દિષો તેના રાવી. અનેક કિતાબો સિહાહ, સુનન, મસાનીદ, મઆજીમ, જવામેઅ, મુસન્નફાત એનાથી માલામાલ છે. અહલે સુન્નતનો દરેક વ્યક્તિ ત્યાં સુધી કે સ્ત્રીઓ બાળકો બલ્કે ગામડાના અજ્ઞાનો પણ આ અક઼ીદાથી માહિતગાર છે. ખુદાનો દીદાર મુહમ્મદની શફાઅત એક એક બાળકની ઝબાન પર જારી છે. صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

ફકીર ગુફિરલહૂ તઆલા (આ'લા હઝરત)એ سمع وطاعته لا حاديث الشفاعته માં ખૂબ જ અધિક પ્રમાણમાં એ હદીષોને એકત્ર કરી તેના ખુલાસા દર્શાવ્યા છે. અહીં ખૂબ જ સંક્ષિપ્તમાં કેવળ ૪૦ હદીષો રજૂ કરું છું એનાથી પહેલાં અમુક કુર્આની આયતો તિલાવત કરું છું :

**આયત-૧** : રબ ફર્માવે છે : عَسٰۤى اَنۡ يَّبۡعَثَكَ رَبُّكَ مَقَامًا مَّحۡمُوۡدًا "નજીક છે કે તારો રબ તને મક઼ામે મહમૂદમાં મોકલે." (સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૭૯) સહીહ બુખારી શરીફમાં છે કે હુઝૂર શફીઉલ મુઝનબીન ﷺથી અર્ઝ કરવામાં આવી, મકામે મહમૂદ શું ચીજ છે ? ફર્માવ્યું : "એ શફાઅત છે."

**આયત-ર** : રબ ફર્માવે છે : وَلَسَوۡفَ يُعۡطِيۡكَ رَبُّكَ فَتَرۡضٰى "અને નઝીકતર છે તને તારો રબ એટલુ આપશે કે તું રાજી થઈ જઈશ." (સૂ. દુહા ૯૩/૫) દયલમી મુસ્નદુલ ફિરદોસમાં અમીરુલ મો'મિનીન મૌલા અલી کرم اللہ وجہہ الکریم થી રાવી. જયારે આ આયત ઉતરી તો હુઝૂર શફીઉલ મુઝનબીન ﷺએ ફર્માવ્યું : "અલ્લાહ તઆલા મને રાજી કરી દેવાનો વાયદો ફર્માવે છે, તો હું રાજી ન થઈશ જો મારો એક ઉમ્મતી પણ દોઝખમાં રહ્યો." اللهم صل وسلم وبارک عليه તિબ્રાની મોઅજમે અવસત અને બઝ્ઝાર મુસ્નદમાં

આ જનાબ મૌલા અલી رضی اللہ عنہથી રાવી. હુઝૂર શફીઉલ મુઝનબીન ﷺ ફર્માવે છે : "હું મારી ઉમ્મતની શફાઅત કરીશ ત્યાં સુધી કે મારો રબ પુકારશે, મુહમ્મદ ! તું રાજી થયો ? હું અર્ઝ કરીશ, રબ મારા ! હું રાજી થયો."

**આયત-૩** : રબ ફર્માવે છે : وَاسْتَغْفِرْ لِذَنْۢبِكَ وَلِلْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ "હે મહબૂબ ! તમારા ખાસ તથા આમ મુસલમાન પુરૂષો તથા સ્ત્રીઓના ગુનાહોની માફી માગો (બખ્શાવો)". *(સૂ. મુહમ્મદ, ૪૭/૧૯)*

**આયત-૪** : રબ ફર્માવે છે :–

لَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْۤا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا "અને જો તેઓ પોતાની જાનો પર જુલ્મ કરે, તારી પાસે હાજર થાય પછી ખુદાથી માફી માગે અને રસૂલ તેમની બખ્શિશ માગે તો બેશક ! અલ્લાહ તઆલાને તૌબા કબૂલ કરનાર મહેરબાન પામે." (સૂ. નિસાઅ, ૪/૬૪) આ આયતમાં મુસલમાનોને ઈર્શાદ ફર્માવ્યો છે કે ગુનાહ કરીને એ નબીની સરકારમાં હાજર થાવ અને તેનાથી શફાઅતની દરખાસ્ત કરો, મહબૂબ તમારી શફાઅત ફર્માવશે તો અમે યક઼ીનન ! તમારા ગુનાહ બખ્શી દઈશું.

**આયત-૫** : રબ ફર્માવે છે : اِذَا قِيْلَ لَهُمْ تَعَالَوْا يَسْتَغْفِرْ لَكُمْ رَسُوْلُ اللّٰهِ لَوَّوْا رُءُوْسَهُمْ "જ્યારે એ મુનાફિકોને કહેવામાં આવે કે આવો ! રસૂલુલ્લાહ તમારી મગફિરત માગે તો પોતાના માથાં ફેરવી લે છે." (સૂ. મુનાફિક઼ીન, ૬૩/૫) આ આયતમાં મુનાફિકોના બુરા હાલ દર્શાવવામાં આવ્યા છે કે તેઓ હુઝૂર શફીઉલ મુઝનબીન ﷺથી શફાઅત નથી ચાહતા, તો જેઓ આજે નથી ચાહતા તેઓ કાલે પામશે નહીં. અલ્લાહ આપણને એમની શફાઅતથી લાભ ઉઠાવનાર બનાવે.

*હશ્રમેં હમ ભી સૈર દેખેંગે – મુન્કિર આજ ઉનસે ઈલ્તિજા ન કરે*

## ★ શફાઅત વિશે હદીષો ★

શફાઅતે કુબરાની હદીષો જેમનામાં સાફ સ્પષ્ટપણે ઈર્શાદ થયો કે મેહશરના મેદાનમાં તે લાંબો દિવસ હશે કે કાપ્યો ન કપાય, અને માથાંઓ પર સૂરજ અને દોઝખ નજીક હશે. એ દિવસે સૂરજમાં દસ વરસ કામિલની ગરમી ભેગી કરશે અને માથાંઓથી થોડાક જ અંતરે લાવીને રાખશે. તરસની તે સખ્તી કે ખુદા ન દેખાડે, કયામતની તે ગરમી કે અલ્લાહ બચાવે ! પરસેવો થશે જે જમીનમાં શોષાયને ઉપર ચઢ શે ત્યાં સુધી કે ગળા ગળાથી પણ ઊંચો થશે કે નાવ છોડે તો તરવા લાગે ! લોકો એમાં ડૂબકીઓ ખાશે, ગભરાય ગભરાયને દિલ ગળા સુધી આવી જશે. લોકો આ મહાન આફતોમાં જાનથી તંગ આવીને શફીઅની તલાશમાં ઠેક ઠેકાણે ફરશે, આદમ, નૂહ, ખલીલ તથા કલીમ તવા મસીહ علیہم السلامની પાસે હાજર થઈને સાફ જવાબ સાંભળશે. સર્વ અંબિયા ફર્માવશે, અમારો એ મર્તબો નથી, અમે એના લાયક નથી, અમારાથી આ કામ ન થશે, નફસી ! નફસી ! તમે કોઈ અન્યની પાસે જાવ. ત્યાં સુધી કે સૌના પછી હુઝૂર પુરનૂર ખાતમુન્નબીય્યીન, સૈયદુલ અવ્વલીનો આખરીન, શફીઉલ મુઝનબીન, રહમતુલ્ લિલ્આલમીન ﷺની ખિદમતમાં હાજર થશે હુઝૂર ﷺ انا لها انا لها ફર્માવશે એટલે "હું છું શફાઅતના માટે, હું છું શફાઅતના માટે." પછી પોતાના રબ્બે કરીમ عزوجلની બારગાહમાં હાજર થઈને સજદો કરશે. તેમનો રબ તબારક વ

તઆલા ઈર્શાદ ફર્માવશે : "હે મુહમ્મદ ! તમારું માથુ ઉઠાવો અને અર્ઝ કરો, તમારી વાત સાંભળવામાં આવશે, અને માગો ! અતા થશે. અને શફાઅત કબૂલ છે." આ જ મક઼ામે મહમૂદ હશે જ્યાં સર્વ અવ્વલીન તથા આખરીનમાં હુઝૂરની તારીફ તથા હમ્દો ષનાનો શોર મચી જશે. અને માનનારા તેમજ વિરોધી સૌના પર ખુલી જશે કે બારગાહે ઈલાહીમાં જે પ્રતિષ્ઠા (ઈજ્જત) આપણા આક઼ાની છે એવી કોઈની પણ નથી, અલ્લાહ ﷻને ત્યાં જે અઝમત આપણા મૌલા ﷺના માટે છે તેવી કોના માટે નથી. وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ۝

એટલા જ માટે અલ્લાહ તઆલા પોતાની હિકમતે કામિલાના મુજબ લોકોના દિલોમાં નાખશે કે પ્રથમ અન્ય અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ની પાસે જાય અને ત્યાંથી મેહરૂમ પરત થઈને એમની ખિદમતમાં હાજર થાય જેથી સૌ જાણી લે કે શફાઅતનો મન્સબ (સ્થાન) આ સરકારની જ વિશિષ્ટતા છે, અન્યની મજાલ નથી કે એનો દરવાજો ખોલી શકે. وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ۝

આ હદીષો સહીહ બુખારી તથા સહીહ મુસ્લિમ સર્વ કિતાબોમાં વર્ણન પામેલ અને મુસલમાનોમાં મશહૂર તથા જાણીતી છે, વર્ણનની જરૂરત નથી કે ખૂબ જ લાંબી છે. શક લાવનારો જો બે અક્ષર પણ પઢેલો હોય તો મિશ્કાત શરીફનો ઉર્દૂમાં તર્જુમો મંગાવીને જોઈ લે, અથવા કોઈ મુસલમાનને કહે કે પઢીને સંભળાવી આપે. (હવે તો ગુજરાતીમાં પણ મળે છે. તંત્રી) અને એ જ હદીષોની છેવટમાં એ પણ ઈર્શાદ થયો છે કે શફાઅત કરશે, અને દરેક વખતે અલ્લાહ તઆલા એ જ કલેમાત ફર્માવશે, અને હુઝૂર દરેક વખતે અસંખ્ય ખુદાના બંદાઓને નજાત બખ્શશે. હું આ મશહૂર હદીષો ઉપરાંત ૪૦ હદીષો અધિક લખુ છું જે પબ્લિકના કાનો સુધી ઓછી પહોંચી હોય, જેનાથી મુસલમાનનું ઈમાન તરકકી પામે, મુન્કિરનું દિલ ગુસ્સાની આગમાં સળગી ઉઠે, ખાસ કરીને જેનાથી એ નાપાક હેરાફેરીનો રદ શરીફ થાય જે અમુક બેદીનો, ખુદાથી ન ડરનારાઓ, બેકારમાં મથનારાઓ, બાતિલ પરસ્તોએ શફાઅતના અર્થમાં કરી છે અને શફાઅતના ઈન્કારના નાપાક ચહેરાને છુપાવવાની એક જૂઠી સૂરત નામની શફાઅત દિલથી ઘડી. એ હદીષથી સ્પષ્ટ થશે કે આપણા આક઼ાએ આ'ઝમ ﷺ શફાઅતના માટે નિયુક્ત છે, એમની જ સરકારે બેકસ પનાહ છે, એમના દરથી બેયારોનો નિભાવ છે. ન જે રીતે એક બદમઝહબ કહે છે કે, "જેને ચાહશે પોતાના હુકમથી શફીઅ બનાવી દેશે." આ હદીષો સ્પષ્ટ કરશે કે આપણને ખુદા વ રસૂલે ઓપનલી શફીઅનું પ્યારુ નામ બતાવી આપ્યું અને સ્પષ્ટ ફર્માવ્યું કે તે મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ છે. ન એ વાત અધ્ધર રાખી હોય જેમ કે એક બદબખ્ત કહે છે કે, "એના અખત્યાર પર છોડી દો, જેને તે ચાહે આપણો શફીઅ કરી આપે." આ હદીષો મુઝદાએ જાંફિઝા આપશે કે હુઝૂરની શફાઅત ન તેના માટે છે જેનાથી આકસ્મિક રીતે ગુનોહ થઈ ગયો હોય અને તે એના પર દરેક સમયે શર્મિંદો તથા પરેશાન અને ડરતો તથા કાંપતો રહે છે. જેવી રીતે એક દુઝદ બાતિન (દિલમાં ચોરવાળો) કહે છે કે ચોર પર તો ચોરી સાબિત થઈ ગઈ પણ તે હમેશાંનો ચોર નથી અને ચોરીને તેણે કાંઈ પોતાનો ધંધો નથી ઠરાવ્યો પણ નફસની ખરાબીથી કુસૂર થઈ ગયો જેથી એના માટે શર્મિંદો છે, અને રાત દિન ડરે છે." નહીં ! નહીં ! તેમના રબની ક઼સમ ! જેણે તેમને શફીઉલ મુઝનબીન કર્યા એમની શફાઅત આપણા જેવા કાળમુખાઓ,

ગુનાહોથી ભરપૂર, સિયાહકારો, સિતમગારોના માટે છે જેમનો બાલ બાલ ગુનાહોમાં ગુંચવોલો છે, જેમના નામથી ગુનાહ પણ શરમ ધરાવે છે...........

**હદીષ-૧ તથા ૨ :** ઈમામ અહમદ સહીહ સનદ સાથે પોતાની મુસ્નદમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી, અને ઈબ્ને માજહ હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રાવી. હુઝૂર શફીઉલ મુઝનબીન ﷺ ફર્માવે છે : "અલ્લાહ તઆલાએ મને અખત્યાર આપ્યો કે ક્યાં તો શફાઅત લો અથવા એ કે તમારી અડધી ઉમ્મત જન્નતમાં જાય. મેં શફાઅત લીધી કે અધિક તમામ (પરિપૂર્ણ) અને અધિક કામ આવનારી છે. શું તમે એ સમજી બેઠા છો કે મારી શફાઅત પાકીઝા મુસલમાનો માટે છે ?! નહીં ! બલ્કે તે એ ગુનેહગારો માટે છે જેઓ ગુનાહોમાં ખરડાયેલા અને સખત કાર છે."

**હદીષ-૩ :** ઈબ્ને અદી હઝરત ઉમ્મુલ મો'મિનીન સલમા رضی اللہ عنہا થી રાવી. હુઝૂર શફીઉલ મુઝનબીન ﷺ ફર્માવે છે : "મારી શફાઅત એ ઉમ્મતીઓ માટે છે જેમને ગુનાહોએ હલાક કરી દીધા." હક્ક છે હે મારા શફીઅ ! તારા પર કુર્બાન ! ﷺ

**હદીષ-૪ થી ૮ :** અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને હબ્બાન, હાકિમ તથા બયહકી બઈફાદએ તસ્હીહ હઝરત અનસ ઈબ્ને માલિક, અને તિર્મિઝી, ઈબ્ને માજહ, ઈબ્ને હબ્બાન તથા હાકિમ હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહથી, અને તિબ્રાની મોઅજમે કબીરમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, અને ખતીબ બગદાદી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ફારૂક તથા કઅબ ઈબ્ને ઉજરા رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ થી રાવી. હુઝૂર શફીઉલ મુઝનબીન ﷺ ફર્માવે છે : "મારી શફાઅત મારી ઉમ્મતમાં તેમના માટે છે જેઓ કબીરા ગુનાહોવાળા છે. صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ وَالْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعٰلَمِیْنَ

**હદીષ-૯ :** અબૂ બકર અહમદ બિન અલી બગદાદી હઝરત અબૂ દર્દા رضی اللہ عنہ થી રાવી. હુઝૂર શફીઉલ મુઝનબીન ﷺએ ફર્માવ્યું, "મારી શફાઅત મારા ગુનેહગાર ઉમ્મતીઓ માટે છે. અબૂ દર્દા رضی اللہ عنہએ અર્ઝ કરી, ભલે ઝિનાકાર તથા ચોર હોય ?! ફર્માવ્યું, ભલે ઝાની હોય ભલે ચોર હોય. અબૂ દર્દાની ખ્વાહિશની વિરૂધ્ધ."

**હદીષ-૧૦ તથા ૧૧ :** તિબ્રાની તથા બયહકી હઝરત બરીદા, અને તિબ્રાની મોઅજમે અવસતમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રાવી. હુઝૂર શફીઉલ મુઝનબીન ﷺએ ફર્માવ્યું, "પૃથ્વીના પટ પર જેટલાં ઝાડો, પથ્થર, ઢેફાં છે હું કયામતમાં એ સૌથી વધુ માણસોની શફાઅત કરીશ."

**હદીષ-૧૨ :** બુખારી, મુસ્લિમ, બયહકી, હાકિમ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રાવી. હુઝૂર શફીઉલ મુઝનબીન ﷺ ફર્માવે છે : "મારી શફાઅત દરેક કલ્મા ગો માટે છે જે સાચા દિલથી કલમો પઢે છે કેમ કે ઝબાનનું સમર્થન દિલ કરે છે."

**હદીષ-૧૩ :** અહમદ, તિબ્રાની તથા બઝ્ઝાર, મઆઝ ઈબ્ને જબલ તથા હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રાવી. હુઝૂર શફીઉલ મુઝનબીન ﷺ ફર્માવે છે : "શફાઅતમાં ઉમ્મતના માટે અધિક વિશાળતા છે કે તે દરેક શખ્સના માટે છે જેનો ખાત્મો ઈમાન પર થાય."

**હદીષ-૧૪ :** તિબ્રાની મોઅજમે અવસતમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રાવી. હુઝૂર શફીઉલ

મુઝનબીન ﷺ ફર્માવે છે : હું જહન્નમનો દરવાજો ખોલાવીને તશરીફ લઈ જઈશ. ત્યાં ખુદાની તારીફો કરીશ એવી કે ન મારાથી પહેલાં કોઈએ કરી ન મારા બાદ કોઈ કરે. પછી દોઝખથી દરેક તે શખ્સને કાઢીશ જેણે ખાલિસ (નિખાલસ) દિલથી લાઈલાહ ઈલ્લલ્લાહ કહ્યું.......

**હદીષ-૧૫ :** હાકિમ બઈફાદા તસ્હીહ અને તિબ્રાની તથા બયહકી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રાવી. હુઝૂર શફીઉલ મુઝનબીન ﷺ ફર્માવે છે : "નબીઓ માટે સોનાના મિમ્બર બિછાવવામાં આવશે. તેઓ એમના પર બેસશે, અને મારો મિમ્બર બાકી રહેશે કે હું તેના પર બેસીશ નહીં બલ્કે પોતાના રબની હુઝૂર સીધો ઉભો રહીશ એ ડરથી કે ક્યાંક એવું ન થાય કે મને જન્નતમાં મોકલી આપે અને મારી ઉમ્મત મારા બાદ રહી જાય. પછી અર્ઝ કરીશ, હે રબ મારા ! મારી ઉમ્મત ! મારી ઉમ્મત ! અલ્લાહ તઆલા ફર્માવશે, હે મુહમ્મદ ! તારી શું મરજી છે ? હું તારી ઉમ્મત સાથે શું કરું ? અર્ઝ કરીશ, હે મારા રબ ! તેમનો હિસાબ જલ્દી કરી આપ ! પછી હું શફાઅત કરતો હોઈશ ત્યાં સુધી કે મને તેમના છૂટકારાની ચિઠ્ઠીઓ મળશે જેમને દોઝખ મોકલી દેવામાં આવ્યા હતા. ત્યાં સુધી કે માલિક દોઝખનો દરવાન અર્ઝ કરશે, હે મુહમ્મદ ! આપે આપની ઉમ્મતમાં રબનો ગઝબ નામનો ન છોડયો !"

**હદીષ-૧૬ થી ૨૧ :** બુખારી તથા મુસ્લિમ તથા નસાઈ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અને અહમદ બસનદે હસન અને બુખારી તારીખમાં, અને બઝ્ઝાર તિબ્રાની તથા બયહકી તથા અબૂ નુઐમ, તથા બયહકી હઝરત અબૂ ઝર અને તિબ્રાની મોઅજમે અવસત બસનદે હઝરત અબૂ સઈદ ખુદરી, અને કબીરમાં હઝરત સાઈબ ઈબ્ને યઝીદ, અને અહમદ બઅસ્નાદે હસન, અને ઈબ્ને શયબા તથા તિબ્રાની હઝરત અબૂ મૂસા અશ્અરી رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી રાવી. આ છ હદીષોમાં એ બયાન થયું કે ફર્માવ્યું : "હું શફીઅ નિયુક્ત કરી દેવામાં આવ્યો અને શફાઅત ખાસ મને અતા થશે. મારા સિવાય કોઈ નબીને એ મન્સબ ન મળ્યો."

**હદીષ-૨૨ થી ૨૩ :** ઈબ્ને અબ્બાસ તથા અબૂ સઈદ તથા અબૂ મૂસાથી, એ હદીષોમાં એ વર્ણન પણ છે જે અહમદ તથા બુખારી તથા મુસ્લિમે અનસ, અને શયખૈને અબૂ હુરૈરહથી રિવાયત કરી رضوان اللہ تعالیٰ علیہم اجمعین કે હુઝૂર શફીઉલ મુઝનબીન ﷺ ફર્માવે છે : "અંબિયા علیہم السلام ની જો કે હજારો દુઆઓ કબૂલ થાય છે પણ એક દુઆ તેમને ખાસ જનાબે બારી તબારક વ તઆલાથી મળે છે કે જે ચાહો માગી લો, બેશક ! આપવામાં આવશે. તમામ અંબિયા આદમથી ઈસા علیہم السلام સુધી સૌ પોતપોતાની એ દુઆ દુનિયામાં કરી ચૂક્યા અને મેં આખેરતના માટે રહેવા દીધી, એ મારી શફાઅત છે મારી ઉમ્મતના માટે કયામતના દિવસે. મેં તેને મારી સર્વ ઉમ્મતના માટે રાખી છે જે ઈમાન પર દુનિયાથી ઉઠી."

અલ્લાહુ અકબર ! હે ઉમ્મતના ગુનેહગારો ! શું આપણે આપણા માલિક તથા મૌલા ﷺ ની આ કમાલની રાહત તથા રહમત આપણા હાલ પર ન જોઈ કે બારગાહે ઈલાહી عزوجل થી ત્રણ સવાલ હુઝૂરને મળ્યા : જે ચાહો માગી લો અતા થશે. હુઝૂરે એમાં કોઈ સવાલ પોતાની પાક ઝાત માટે ન રાખ્યો, સૌ તમારા જ કામમાં ખર્ચી કાઢયા. બે સવાલ દુનિયામાં કર્યા એ પણ તમારા જ માટે અને ત્રીજો આખેરત માટે બાકી રાખ્યો તે તમારી મહાન હાજતના માટે. જ્યારે આ મહેરબાન મૌલા, રઉફો રહીમ આકા ﷺ ના સિવાય કોઈ કામ આવનાર, બિગડી બનાવનાર ન હશે. હક્ક ફર્માવ્યું હઝરતે હક્ક عزوجل એ

عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيْصٌ عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ (તમારી ભલાઈના અતિશય ચાહનારા મુસલમાનો પર કમાલના મહેરબાન ! મહેરબાન ! સૂ. તૌબા, ૯/૧૨૮)

વલ્લાહુ અઝીમ ! કસમ તેની તેમને આપના પર મહેરબાન કર્યા કે કદાપિ કદાપિ કોઈ મા પોતાના પ્યારા અઝીઝ એકના એક પુત્ર પર કદાપિ આટલી મહેરબાન નથી જેટલા પ્રમાણમાં તે પોતાના એક ઉમ્મતી પર મહેરબાન છે. ﷺ

ઈલાહી ! તું અમારી આજીજી તથા કમજોરી અને તેમના મહાન હક્કોની અઝમતને જાણે છે. હે કાદિર ! હે વાહિદ ! હે માજિદ ! અમારા તરફથી તેમના પર અને તેમની આલ પર તે બરકતવાળાં દુરૂદો નાઝિલ કર જે તેમના હક્કોને પૂરતાં હોય, અને તેમની રહમતને પૂરતાં હોય.......

સુબ્હાનલ્લાહ ! ઉમ્મતીઓએ તેમની રહમતનો એ મુઆવેઝા (બદલો) રાખ્યો કે કોઈ અફઝલિયતમાં શંકા કુશંકાઓ કાઢે છે ! કોઈ તેમની શફાઅતમાં શક રાખે છે, કોઈ તેમની તારીફ પોતાના જેવી જાણે છે ! કોઈ તેમની તાઝીમ પર બગડીને નારાજ થઈ જાય છે ! મહોબ્બતના કામોનું નામ બિદઅત, ઈજ્જત તથા અદબ પર શિર્કના હુકમો આપે છે ! اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رٰجِعُوْنَ

**હદીષ-૨૪ :** સહીહ મુસ્લિમમાં હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہથી મરવી છે. હુઝૂર શફીઉલ મુઝનબીન ﷺ ફર્માવે છે : "અલ્લાહ તઆલાએ મને ત્રણ સવાલ અતા કર્યા. મેં બે વાર તો દુનિયામાં અર્ઝ કરી લીધી. ઈલાહી ! મારી ઉમ્મતની મગફિરત ફર્માવ ! ઈલાહી ! મારી ઉમ્મતની મગફિરત ફર્માવ ! અને ત્રીજી અર્ઝ એ દિવસના માટે બાકી રાખી જેમાં સર્વ મખ્લૂકે ઈલાહી મારી તરફ નિયાઝમંદ હશે, ત્યાં સુધી કે ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلام.

**હદીષ-૨૫ :** બયહકી હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રાવી. હુઝૂર શફીઉલ મુઝનબીન ﷺએ મેઅરાજની રાતે અસ્રા પોતાના રબને અર્ઝ કરી કે તેં અંબિયા علیہم السلامને આ ફઝાઈલ બખ્શ્યા. રબ عزوجلએ ફર્માવ્યું : "મેં તને અતા કર્યું જે એ સૌથી બેહતર છે, મેં તારા માટે શફાઅત છુપાવી રાખી અને તારા સિવાય બીજાને ન આપી."

**હદીષ-૨૬ :** અબી શયબા તથા તિર્મિઝી બ ઈફાદાએ તહસીનો તસ્હીહ અને ઈબ્ને માજહ તથા હાકિમ બહુકમે તસ્હીહ હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہથી રાવી. હુઝૂર શફીઉલ મુઝનબીન ﷺ ફર્માવે છે : "કયામતના દિવસે હું નબીઓનો પેશવા અને તેમનો ખતીબ અને તેમની શફાઅતવાળો હોઈશ, અને આ કાંઈ ફખ્રની રીતે નથી કહેતો."

**હદીષ-૨૭ થી ૪૦ :** ઈબ્ને મુનીઅ હઝરત ઝયદ ઈબ્ને અરકમ વગેરે ૧૪ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી રાવી. હઝરત શફીઉલ મુઝનબીન ﷺ ફર્માવે છે : "મારી શફાઅત કયામતના દિવસે હક્ક છે. જે એના પર ઈમાન ન લાવશે તે એના પાત્ર ન રહેશે." ..........

મુન્કિર, મિસ્કીન આ મુતવાતિર હદીષને જુએ અને પોતાની જાન પર રહમ કરીને શફાઅતે મુસ્તફા ﷺ પર ઈમાન લાવે...... *(ઈસ્તિકામત ડાયજેસ્ટ કાનપુરના તહફ્ફૂઝે અકાઈદ નંબરના સૌજન્યથી)*

# ઈદે મીલાદુન્નબી صلی اللہ علیہ وسلم મનાવવા વિશે સચોટ સાબિતી

**(યાદો મિટાવવામાં ન આવે, યાદો મનાવવામાં આવે)**

**અઝ : પાસબાને મિલ્લત અલ્લામા મુશ્તાક અહમદ નિઝામી** عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَان

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

نَحْمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِہِ الْکَرِیْم

આપણે અહલે સુન્નત વ જમાઅત વરસના વિવિધ મહીનાઓના ખાસ દિવસોમાં આપણા અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો) તથા અકાબિર (મહાન હસ્તીઓ)ની યાદો મનાવીએ છીએ. હું ઢાંકી છુપી વાતો કહેવાને માનનારો તથા આદી નથી, એવા ઈશારા તથા નિર્દેશો જે દિમાગોને ભારે તો બનાવી દે પણ સમસ્યાને હલ ન કરી શકે તેને નાપસંદીદા નજરોથી જોઉં છું.

*મયકદે ને તેરી આંખોંસે છુપાયા જિનકો*
*ખલ્વતે કોહે બયાંબાં મેં વો અસ્રાર હૈં ફાશ*

હું ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં એનો ઈઝહાર કરી આપુ છું કે અમે અહલે સુન્નત વ જમાઅત કદી મેહફિલે મીલાદ શરીફ ગોઠવીએ છીએ, ૧૨ રબીઉલ અવ્વલ શરીફના ઈદે મીલાદુન્નબીનો જુલૂસ કાઢીએ છીએ, ૧૧ રબીઉષ્ષાની શરીફે પીરાને પીર દસ્તગીર હુઝૂર સૈયદી સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہની ફાતિહા અપાવડાવી તેમની યાદ મનાવીએ છીએ, છટ્ઠી રજબ શરીફના સુલ્તાને હિંદ ખ્વાજએ ખ્વાજગાં સૈયદી સરકાર ગરીબ નવાઝ رضی اللہ عنہની યાદ મનાવીએ છીએ. ૧૦ મુહર્રમુલ હરામ શરીફના નવાસએ રસૂલ સૈયદના ઈમામ આલી મક઼ામ સરકાર હુસૈન رضی اللہ عنہ અને ૧૪ મી શાબાને અલ્લાહના રસૂલના એક નાદીદા આશિક઼ હઝરત સૈયદના ઉવૈસ કરની અને ૨૫ સફરના ઈમામે અહલે સુન્નત મુજદ્દિદે દીનો મિલ્લત સૈયદના ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَની યાદો મનાવીએ છીએ અને ૧૦મી ઝિલહજ્જના હઝરત ઈબ્રાહીમ ખલીલ અને હઝરત સૈયદના ઈસ્માઈલ ઝબીહની યાદો મનાવીએ છીએ صلوۃ اللہ تعالا علیہما

સારાંશ કે સાલના મહીનાઓ ઘણી બધી સારી એવી યાદોમાં ઘેરાયેલા છે. જેથી આજે તમારે અને અમારે મલી જુલીને ફૈસલો કરવાનો છે કે આપણે અક઼ીદતના જોશમાં અને મહોબ્બતના અતિરેકમાં મનમાની યાદો મનાવીએ છીએ ? આ મનઘડત દિમાગી ઉપજ છે કે કોઈ કાલ્પનિક મનઘડત ખયાલ છે ? કે પછી ખરેખર ઈસ્લામ પોતાના માનનારાઓને એની ઈજાઝત આપે છે કે યાદો મિટાવવામાં ન આવે બલ્કે યાદો મનાવવામાં આવે અને તેને સલામત રાખવામાં આવે ?

**વિલાદતે પાકનો દિવસ :** હું યક઼ીન તથા વિશ્વાસની બુલંદતરીન ટોચથી ખુલ્લમ ખુલ્લા એનુ એલાન કરી આપવા ચાહું છું કે જો ઈસ્લામી સચ્ચાઈ અને દિયાનતદારીની સાથે ઊંડી તથા ગહરી નજરોથી અભ્યાસ કરવામાં આવે તો એ વાત સાબિત થશે કે ઈસ્લામ ઉઘાડા છોગે એની ઈજાઝત આપે છે કે, યાદો મિટાવવામાં ન આવે બલ્કે મનાવવામાં આવે.

જો કોઈ આંખ પર પૂર્વગ્રહ તથા સંકૂચિત દષ્ટિ અને પક્ષપાત તથા સંકૂચિત માનસના ચશ્મા લાગેલા હોય તો હવે તે એને ઉતારી દે અને ખૂબ જ

મધ્યમમાર્ગી રીતે ગંભીરતાપૂર્વક આવનારી ચર્ચા પર ધ્યાન આપે.

એના અનુસંધાનમાં સૌ પ્રથમ આપને રિસાલતના યુગની એક વાત યાદ અપાવતો ચાલુ. જમાનો આક઼ાએ કાઈનાત ﷺનો છે જેને ખયરે કુરૂન (બેહતરીન જમાનો) કહેવામાં આવે છે. મહીનો ગૈર રમઝાનનો છે અને દિવસ પીર (સોમવાર)નો છે. સૈયદે આલમ ﷺ રોઝાથી હતા.

એના અનુસંધાનમાં મુસલમાનોનો એક ઈસ્લામી મિઝાજ અને તેની ઈસ્લામી ફિત્રત એ છે કે જો કોઈ તાજો માજો, તંદુરસ્ત, હટ્ટો કટ્ટો જવાન રમઝાનના મહીનામાં રોઝાથી ન હોય તો તેને પૂછવામાં આવશે કે તમારે રોઝો કેમ નથી ?

અને એવી જ રીતે જો કોઈ દુરવેશ સિફત ગૈર રમઝાનમાં આવે. આપે તે મોહતરમ તથા મોઅઝ્ઝમ મહેમાન માટે ખાવાની વ્યવસ્થા કરી સર્વ નેઅમતો દસ્તખાન પર રાખી દીધી. હવે તમે અર્ઝ કર્યું, આવો અને ખાણુ ખાય લો. મહેમાન કહે હું ખાણુ ખાઈશ નહીં ? આપે આશ્ચર્યમાં પડીને પૂછયું કે શું કોઈ કમી તથા ઉણપ રહી ગઈ છે ? આવનાર મહેમાને જવાબ આપ્યો, એવું નથી બલ્કે મારે રોઝો છે. યક઼ીનન ! એવા મોકા પર આપ સવાલ કરશો, આજે આપનો રોઝો કેવો ?

જાણવા મળ્યું કે મુસલમાનોનો એ ઈસ્લામી મિઝાજ છે કે રમઝાનમાં રોઝો ન રાખવો આશ્ચર્યને પાત્ર અને ગૈર રમઝાનમાં રોઝો રાખવો આશ્ચર્યનો સબબ છે.

જેમ કે જયારે સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن ને જાણ થઈ કે આક઼ાએ દોજહાં ﷺ રોઝાથી છે તો સહાબાએ કિરામએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આ આજે સરકારનો રોઝો કેવો ? જવાબમાં સરકાર ﷺએ ફર્માવ્યું : "આજના દિવસે હું પેદા કરવામાં આવ્યો છું" એટલે આજે મારી વિલાદતનો દિવસ છે. એનાથી જાણવા મળ્યું અને હક઼ીક઼ત ખુલી કે સરકારે અબદ ક઼રાર ﷺએ "યૌમ"ની ક઼ૈદ (શર્ત) લગાડીને જણાવી આપ્યું કે મેં મારા "વિલાદતના દિવસ"ને મરવા નથી દીધો બલ્કે રોઝો રાખીને તેને ઝિંદા રાખ્યો છે. જાણવા મળ્યું કે મોટા સારા અને ઐતિહાસિક દિવસોને ભૂલાવી દેવામાં નથી આવતા બલ્કે તેમને કોઈ ન કોઈ રીતે ઝિંદા રાખવામાં આવે છે.

**એક સવાલ** : હા ! હવે કોઈ દુશ્મને રસૂલ એ સવાલ કરી શકે છે કે મેં આટલી હદે સ્વીકારી લીધું કે ઐતિહાસિક દિવસોને મિટાવવામાં નથી આવતા બલ્કે તેને યથાવત સલામત રાખવામાં આવે છે. તો પછી એવું કરો કે જેવી રીતે રસૂલે ખુદા ﷺએ ૧૨ રબીઉલ શરીફના રોઝો રાખ્યો તો તમે લોકો પણ રોઝો રાખ્યા કરો ! આ ગેટ અને શામિયાના (મંડપ) વગેરે કેવું ? રંગબેરંગી ઝંડીઓ કેવી ? પુલાવ અને બિર્યાની શા માટે ? આ સજાવટ તથા ડેકોરેશન કેવું ? મેહફિલે મીલાદ અને સલામો ક઼યામની ધૂમધામનો શો અર્થ ? જશ્ને ચિરાગાં અને તબર્રુકની વહેંચણીની વ્યવસ્થા કેવી ? વગેરે વગેરે. હા ! જો યાદ જ મનાવવી છે તો ખામોશી સાથે તમે લોકો પણ રોઝા રાખી લીધા કરો !

ઘણુ જ સરસ ! જાણવા મળ્યું કે પઢવા ગયા ન હતા બલ્કે ભટ્ટી ફૂંકવા ગયા હતા ! જી જનાબેવાલા ! શું તમને ખબર નથી કે આ પ્રકારના અમુક બનાવોથી એ જ કામને ખાસ કરવાનો હેતુ નથી હોતો કે બસ ! આ જ કરવામાં આવે, બલ્કે એનાથી નીતિ નિયમો, બંધારણ તથા દસ્તૂર જનમ લે છે. બલ્કે એ જ ફેઅલનો ક઼યાસ કરવામાં આવે છે અને અન્ય ચીજોને એના પર ક઼યાસ કરવામાં આવે છે.

**મહોબ્બતનો દસ્તૂર** : દા.ત. આક઼ાએ દો જહાં ﷺના નઅત પઢનારા શાયર ખાસ કરીને હઝરત હસ્સાન ઈબ્ને ષાબિત رضی اللہ عنہ જેમનો મામૂલ

(નિયમ, દસ્તૂર) હતો કે ભલે ને ક્યાં પણ રહેતા પણ આંખ એમની હોતી અને રૂએ ઝયબા મુસ્તફાનો, ઝબાન એમની હોતી અને ખુત્બો રસૂલુલ્લાહનો, સારાંશ સરકારની એક એક અદાને શેઅરો સુખનના સાંચામાં ઢાળવું અને એ બહાને મહોબ્બતની આગ પર શબનમને છાંટવું તેમનો દસ્તૂરે મહોબ્બત હતો. વિરાન દિલને મહબૂબની યાદોથી આબાદ રાખવું એ એમની જિંદગીની ખૂબ જ હસીન પ્રવૃત્તિ હતી. (શેઅર)

*ઉન્હેં જાના ઉન્હેં માના ન રખ્ખા ગૈરસે કામ*
*લિલ્લાહિલ્ હ્મ્દ મૈં દુન્યાસે મુસલમાન ગયા*

શાયરની ફિત્રત છે કે તે જ્યારે નઝમ, ગઝલ, નઅત તથા કસીદા વગેરેના બેચાર શેઅર પણ કહી લે છે તો કોઈ એવા શોખિન તથા દામિશમંદને શોધે જેને પોતાનુ કલામ સંભળાવીને તેનાથી દાદ મેળવી શકે, કદી કદી આ ઉમંગ તેને દીવાનગીની હદ સુધી પહોંચાડી આપે છે કે જ્યારે તે કોઈને નથી પામતો તો દરો દીવારને સંભળાવવા માંડે છે.

**ઈશ્કની મેઅરાજ** : દરરોજ તો હઝરત હસ્સાન رضی اللہ عنہ અન્યોને તલાશ કરતા હતા, પરંતુ આજે એમનું નસીબ ષુરૈયા સાથે ખભે મિલાવીને કમાલની હદોની આખરી હદોને સ્પર્શી રહ્યું છે. આજે કોઈ અન્ય નહીં ખુદ આકાએ દો જહાં ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, હસ્સાન ! મારા સંબંધે તમે શું કહ્યું છે ?! કાંઈક મને પણ તો સંભળાવો ! એ કોઈ નથી જાણતુ કે આવુ સાંભળતાં જ હઝરત હસ્સાન પર શું કૈફિયત છવાઈ ગઈ ?! મને કહી લેવા દો ! જાણે આજે આશિકની નહીં, ખુદ ઈશ્કની મેઅરાજ છે, હસીન નહીં ખુદ હુસ્ન સાંભળવા ચાહે છે. આગળ વધતા પહેલાં એક પોઈંટ જોઈ લો.

**નઅતે મુસ્તફા જાઈઝ હોવું** : હઝરત હસ્સાન رضی اللہ عنہને આ હુકમ આપીને કે તમારો નઅતિયા કલામ મને સંભળાવો, જાણે સરકાર ﷺ એનાથી નઅત લખવા, નઅત સંભળાવવા અને નઅત સાંભળવાનો જવાઝ (જાઈઝ હોવું) પેદા કરવા ચાહે છે. એટલે કે નઅત શરીફ લખવામાં પણ આવી શકે છે, સંભળાવી પણ શકાય છે અને સાંભળી પણ શકાય છે. વર્તમાનકાળના ફિરઔનો, બદબખ્ત તથા બદનસીબો નઅત શરીફનું નામ સાંભળીને મોં મચકોડે અને નાક ભવાં ચઢાવે છે અને તેમના મકરૂહ ચહેરા પર એવી કદરૂપી ઊંડી કરચલીઓ પડી જાય છે જેનાથી ચહેરાનો નકશો જ બદલાય જાય છે. જાણે મારા સરકાર ﷺનો આ (નઅત સંભળાવવા વિશેનો) મુબારક ઈર્શાદ તેમના કદરૂપા ચહેરા પર "ગયબી તમાચો" છે અને તેમની ઉઘાડી પીઠ પર ઈબ્રતનો ચાબુક છે. આ એમનો એ બદબખ્તાના કિરદાર છે કે ઈન્સાનિયત હમેશાં ઘૃણા તથા બુરાઈ કરતી રહેશે.

હા ! તો હું અર્ઝ કરી રહ્યો હતો કે સરકાર ﷺએ ફર્માવ્યું, "હસ્સાન !" મને મારી નઅત સંભળાવો ! હસ્સાન હુકમ પામતાં જ સરાપા અદબ થઈને ઉભા થઈ ગયા. હજી જીભની ટોચ પર કોઈ અક્ષર આવ્યો ન હતો, હજી કાંઈ અર્ઝ કરવા જ ચાહતા હતા કે સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું, "હસ્સાન ! થોભી જાવ !" આ સાંભળતાં જ કાંપી ઉઠયા, ખામોશી તથા સન્નાટાનું વાતાવરણ છવાઈ ગયું !

હવે સરકાર ﷺએ સહાબીને હુકમ આપ્યો, જાવ અને મિમ્બર લાવો ! હુકમ પામતાં જ તે સહાબી આગળ વધ્યા. કેમ ન જતા ! એ સહાબી હતા ! ..... અને મિમ્બર હાજર કર્યો. હવે મારા સરકારે હઝરત હસ્સાનને બીજીવાર હુકમ આપ્યો કે, "હસ્સાન ! આ મિમ્બર પર આવી જાવ ! અને મારી નઅત પઢો !"

હું દુનિયાને પૂછવા ચાહું છું કે શું એ નઅતિયા

કલામ માટીની ફર્શ પર ઉભા રહીને ન પઢી શકાતો હતો ? મિમ્બર જ શા માટે મંગાવવામાં આવ્યો ?

આ બનાવને રજૂ કરીને લખાણને લંબાવવાનો હેતુ નથી બલ્કે એક ખાસ પોઈંટ આપને સમજાવવા ચાહું છું, એટલે મિમ્બરને સરકાર ﷺ "એહતેમામ" (વ્યવસ્થા કરવા)ની દલીલ બનાવી દેવા ચાહે છે. એટલે કે આ કોઈ અન્યનું ઝિક્ર નથી, મારું ઝિક્ર છે ! જેથી મારા ઝિક્રમાં "એહતેમામ" (વ્યવસ્થા) કરવો જોઈએ. જાણવા મળ્યું કે, બોલવામાં તો મિમ્બર જ કહેવામાં આવી રહ્યું છે, પણ હવે એનાથી મુરાદ મિમ્બર જ નથી બલ્કે ભાવાર્થ એ છે કે જ્યારે મારો ઝિક્ર કરવામાં આવે તો એમાં "એહતેમામ" (આયોજન, વ્યવસ્થા) કરવામાં આવે. જાણે મિમ્બર મૂકાવવું એ એહતેમામ તથા આયોજન કરવા બાબતે દલીલ પૂરી પાડે છે એટલે કે ઝિક્રે મુસ્તફા ﷺ તદન સાદા તરીકાથી ન કરવામાં આવે બલ્કે એમાં આયોજન થવું જોઈએ.

**એહતેમામ એટલે આયોજન :** એનાથી એ હકીકત સ્પષ્ટ થઈ ગઈ કે મિમ્બર મંગાવીને આયોજનપૂર્વક કરવાની દલીલ આપવું મક્સૂદ છે. અને "એહતેમામ" (આયોજન) એક એવો સમૃધ્ધ શબ્દ છે કે એમાં તખ્ત, ખુરશી, મિમ્બર, ચાદર, ગાલીચા, કાર્પેટ, મંડપ, ગેટ, લાઈટ, ઝંડીઓ, અગરબત્તી, અત્તર, તબર્રુક તથા લંગર...એ સૌ બધું જ એમાં જ સામેલ છે. જાણે "એહતેમામ" ના પેટમાં આ સૌ મૌજૂદ છે. હા ! એ જરૂર છે કે આવી ગહરાઈઓ અને રહસ્યોને જોવા તથા સમજવા માટે નૂરે ઈમાન તથા મોમિનની નિગાહ જોઈએ. પ્યાજનું એક જ છીલકુ નથી હોતુ, છીલકા પર છલકુ હોય છે, બસ એ જ પ્રમાણે ઘણા મસાઈલનાં રાઝો હોય છે જેમાં પડ પર પડ હોય છે, ખઝીનામાં ખઝીના અને ગંજીનામાં ગંજીનો હોય છે.

"એહતેમામ" (આયોજન, arrangment) જાહેરી રીતે જોતાં એક હલકો ફુલકો શબ્દ જણાય છે, પરંતું તેના ફેલાવ તથા વિશાળતાઓમાં બેપનાહ ગહરાઈઓ છે. જેમ કે મેહફિલે મીલાદ શરીફમાં શણગાર તથા ડેકોરેશનના વિશે જેટલા પ્રમાણમાં પણ ફેલાવ જોવામાં આવે છે એ તમામે તમામ એ જ શબ્દ "એહતેમામ"ની કૂખથી જન્મ પામેલ છે. તેમને ન તો કોઈ જગાએ શોધવામાં આવ્યા ન બીજે ક્યાંકથી લાવવામાં આવ્યાં.

જેથી સરકાર ﷺનો રોઝો રાખવાનો મક્સદ ઉમ્મતને ફક્ત રોઝો જ રખાવવાનો નથી બલ્કે સરકાર ﷺ સોમવારે રોઝો રાખીને તે દિવસના મહત્વનું પ્રદર્શન કરવા ચાહે છે, એટલે આજના દિવસે કોઈ પણ એવું જાઈઝ તથા શરીઅત મુજબનું કામ કરવામાં આવે કે જેને જોઈને લોકો એવું પૂછવા લાગતા હોય કે કાલે આવું ન હતું તો આજે આવું શાથી ?

જેથી ઈદે મીલાદુન્નબી ﷺનું જુલૂસ અને જલસા, ઈદે મીલાદુન્નબી ﷺના ગેટ, સ્ટેજ, મંડપ તથા ડેકોરેશન વગેરે એ એ જ સવાલની નિશાની તથા અલામત છે. એ બધાને જોઈને ન જાણનારા જાણનારાઓને પૂછે છે કે આજે આ કેવી વ્યવસ્થા થઈ રહી છે ? હવે એમને જવાબ આપવામાં આવે છે કે આજે જ તો ઈસ્લામના પયગંબરની પેદાઈશનો દિવસ છે.

હવે તમે જ બતાવો કે જો એવું ન કરવામાં આવે તો બીજી કૌમોને એ કેવી રીતે ખબર પડતી કે મુસલમાન કોઈ મુર્દા કૌમનું નામ છે કે કોઈ ઝિંદા કૌમ છે ? અને એના બારામાં રબનો ઈર્શાદ પણ છે : وَاَمَّا بِنِعْمَةِ رَبِّكَ فَحَدِّثْ "અને તમારા રબની નેઅમતનું એલાન તથા ચર્ચા કરો." (સૂ. દુહા, ૯૩/૧૧) સરકાર ﷺથી વધીને આપણા માટે અન્ય કઈ નેઅમત હોય શકે છે ?!

જાણવા મળ્યું કે રબની આપેલી નેઅમતોને છુપાવવામાં નથી આવતી, બલ્કે તેનું એલાન અને ચર્ચા કરવામાં આવે છે. આ જુલૂસે ઈદે મીલાદુન્નબી અને જલ્સએ ઈદે મીલાદુન્નબી આ બંનેવ તહદીષે નેઅમત (નેઅમતનું પ્રદર્શન) અને એલાન તથા ઈઝહારના હસીન મન્ઝરો તથા પ્રદર્શનો છે, જે ખુશ અક઼ીદા મુસલમાનોના મહોબ્બતના જોશ અને અક઼ીદતના જઝબાની એક ચમકતી તથા રોશન દલીલ છે. આ આપણો એક જમહૂરી હક્ક઼ છે, ન તો આજથી પહેલાં કોઈએ એના પર પ્રતિબંધ લગાડયો, ન કોઈએ પેહરો બેસાડયો. આપણે આ રસ્મે સઈદને મનાવતા આવી રહ્યા છીએ અને આપણી આ થોડા દિવસોની હયાતના આખરી શ્વાસ સુધી જો પોતે ન મનાવીએ શકીએ તો કમસે કમ ઝિંદા દિલમાં એ આરઝૂ જરૂર મચલતી રહેશે કે જશ્ને ચિરાગાંની ધૂમધામને ઈશ્ક઼ની પરવરિશ પામેલી આંખો જોતી રહે.

*ગો હાથમેં તાક઼ત નહીં આંખો મેં તો દમ હૈ*
*રહને દો અભી સાગરો મીના મેરે આગે*

વાત ક્યાંથી ક્યાં પહોંચી ગઈ ! હું અર્ઝ એ કરી રહ્યો હતો કે સરકાર ﷺનો રોઝો રાખવાનો મક઼સદ કદાપિ કદાપિ રોઝો જ રાખવાનો નથી બલ્કે કોણ પણ શરઈ તથા જાઈઝ કાર્ય થકી એ દિવસની હુર્મત તથા ઈજ્જતને ક઼ાયમ રાખીને એનું એલાન તથા ચર્ચાનો પણ હેતુ છે જેથી કરીને એ દિવસની યાદ બાકી રહી જાય.

હઝરાત ! જ્યારે હસ્સાન رضی اللہ عنہનો ઝિક્ર આવી જ ગયો છે તો સાથો સાથે તેમના ઈશ્ક઼ના કમાલ અને નિઃસ્વાર્થ મહોબ્બતની દિલ જીતનારી અદા જોઈ લો : હઝરત હસ્સાન رضی اللہ عنہ એક જગાએ ફર્માવે છે :–

ما ان مدحت محمد ابمقالتی لکن مدحت مقالة بمحمدٍ

"હે લોકો ! તમે ક્યાંક એ ધોકો ન ખાશો કે મારી શાયરી તથા શેઅરો સુખને રસૂલે કિર્દગાર ﷺનો મક઼ામ તથા મર્તબો ઊંચો કરી દેખાડયો, મઆઝલ્લાહ ! હાશા વ કલ્લા ! એવું નથી, મારી શાયરીથી એમનો મક઼ામ બુલંદ નથી થયો, બલ્કે મારી શાયરીમાં સરકાર ﷺનાં નામ આવી જવાથી મારુ કલામ ઊંચું થઈ ગયું. સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ !"

કુર્બાન જાવ ! આ હતો સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینનો ઝિંદા જાવિદ ઈશ્ક઼ ! ઈશ્ક઼ તથા મહોબ્બતના માર્ગમાં આવી મધ્યમમાર્ગી તથા સાવધાનીવાળી રવિશ જે ક્યાંક બીજે શોધી નહીં મળી શકશે. ક્યાં છે આજના નામ માત્રના ઈશ્ક઼ તથા મહોબ્બતના દાવેદારો ?! અને ક્યાં છે શિર્ક તથા બિદઅતના ખોખલા નારાઓના સહારે ભોળા ભાળા મુસલમાનોની ઈમાન તથા અક઼ીદા પર ધોળા દિવસે લૂટ મચાવનારા (દેવબંદી) જેઓ ખુદ પોતાના રસૂલને જ ઉર્દૂ ભાષા શીખવાડવાના દાવેદાર છે ?!

*(ઈસ્તિક઼ામત ડાયજેસ્ટ કાનપુરનો તહફ્ફૂઝે અક઼ાઈદ નબંર, પેજ : ૩૮૮,૩૯૩)*


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : રૂા. ૫૫૦/– (ટપાલ ખર્ચ રૂા.૧૫૦ અલગ)

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::
સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ઈલ્મે ગયબે મુસ્તફા ﷺ

## (ઈલ્મ તથા તેહકીકથી ભરપૂર ઈમાન અફરોઝ આર્ટિકલ)

**અઝ** : શયખુલ ઈસ્લામ હઝરત અલ્લામા સૈયદ **મુહમ્મદ મદની અશરફી જીલાની કછોછવી સાહબ**
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

રૂહ આ દુનિયામાં આવતાં પહેલાં આલમે અરવાહમાં હતી અને આ દુનિયાથી નીકળી જશે તો આલમે આખેરતમાં પહોંચશે, અને આ બંને આલમ આપણી નિગાહોથી છુપાં રાખવામાં આવેલ છે, પરંતુ આપણે એ બંને આલમનો ઈન્કાર પણ નથી કરી શકતા, ભલે કોઈને તેનો ઈલ્મ હાંસલ થઈ શકે કે ન થઈ શકે.

આલમે અરવાહ (રૂહોનો આલમ) પ્રથમ કડી અને આપણે જે આલમમાં છીએ એ બીજી કડી છે અને આલમે આખેરત એ ત્રીજી કડી છે, એટલે આપણે જે આલમમાં છીએ તે બંને આલમોની વચ્ચેની કડી છે. અને વચ્ચેની કડીને સમજવા માટે પ્રથમ તથા આખર બંનેને સમજવાં જરૂરી છે. અને જ્યારે આલમે આખેરતને ઈન્સાન સ્વીકારી લે છે એટલે આલમે અજસામ (શરીરોની દુનિયા)માં કોઈ હાદી (માર્ગદર્શક) કોઈ નબીની જરૂરત મેહસૂસ થાય છે. નબી એટલા માટે આવે છે કે તે આલમે અરવાહ અને આલમે આખેરત બંને આલમોથી બાખબર કરે, એટલા માટે કે માનવના હોશ હવાસ આલમે શહાદતના માટે છે આલમે આખેરતના માટે નથી.

જેવી રીતે ખુદા તઆલાએ પોતાના ફઝ્લો કરમથી માણસને હવાસ એટલે કાન, આંખ, જીભ, નાક તથા અન્ય અંગો અતા કર્યા છે, એ જ પ્રમાણે એ જ બુઝુર્ગો બરતર અલ્લાહે પોતાના ફઝ્લો કરમથી નબીને કુવ્વતે કુદસિયા અતા ફર્માવી છે, આ કુવ્વત (શક્તિ)નો એ આલમ હોય છે કે નબી જે તરફ ધ્યાનિત થાય છે તે તરફ સર્વ કાંઈ તેના પર જાહેર થઈ જાય છે.

### ★ અંબિયાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના ઈન્કેશાફાત (ભેદો ખોલવું) ★

એ નબી જ તો છે કે જરા સરખુ ધ્યાન કર્યું તો આસમાનના દરવાજાઓના ખુલવાના અવાજો સાંભળી રહ્યા છે ! આ જ તે નબી છે કે નમાઝની હાલતમાં નમાઝીઓના રૂકૂઅ તથા ખુશૂઅને જોઈ રહ્યા છે, સજદાઓને જોઈ રહ્યા છે. આ જ તે નબી અકરમ છે કે સૈયદુલ મલાઈકા જિબ્રઈલે અમીન આવવાનો ઈરાદો કરે છે તો તેમની આગમનની ખુશ્બુને સૂંઘી લીધા કરે છે. આ નબી જ્યારે કબ્ર પાસેથી પસાર થાય છે તો આલમે બરઝખના અહવાલ તેમના સમક્ષ જાહેર થઈ જાય છે !

### ★ હુઝૂર ﷺનું બે કબરો પાસેથી પસાર થવું ★

નબીયે રહમત ﷺ કબર પાસેથી પસાર થયા અને ત્યારબાદ રોકાય ગયા. સહાબાએ કિરામને ફર્માવ્યું : આ બે કબરો પર અઝાબ થઈ રહ્યો છે અને તે પણ કોઈ એવા સબબથી નહીં જેનાથી તેઓ બચી શકતા ન હતા. ત્યારબાદ નબીયે કૌનેન ﷺએ ઝાડની ડાળી તોડીને તેના બે ટુકડા કર્યા અને બંને કબરો પર એ બે લીલીછમ ડાળીઓને ખોસી આપી અને પછી ફર્માવ્યું : "જ્યાં સુધી એમનામાં લીલાપણુ (તાજગી) રહેશે અને આ ડાળીઓ લીલી રહેશે ત્યાં સુધી અલ્લાહ તઆલા તેમના અઝાબમાં કમી કરશે.

નબીયે ઉમ્મીએ કબ્રના આલમને જોયો પણ અને કબ્રના અઝાબમાં કમીનો સામાન પણ પૂરો પાડયો. સહાબાએ કિરામ પણ નબીની સાથે હતા પણ કોઈની નજર આલમે બરઝખ પર ન પડી. જાહેર છે કે નબીની પાસેવાળી શક્તિ કાંઈક અલગ હતી અને નબીના ઉમ્મતીઓ પાસેવાળી શક્તિ કાંઈક અલગ હતી.

નબીયે ઉમ્મી ﷺનું આ ફર્માન કે, "બંને પર ફલાણા સબબથી અઝાબ થઈ રહ્યો છે અને જ્યાં સુધી આ ડાળીઓ લીલી તાજી રહેશે અઝાબ મૌકૂફ રહેશે." આનાથી ત્રણ ગયબોનો હાલ જાહેર થઈ રહ્યો છે.

૧. અઝાબનું થવું – એક ગયબ.

૨. ફલાણા કારણે અઝાબ થવું – બીજો ગયબ.

૩. અઝાબ મૌકૂફ રહેશે – ત્રીજો ગયબ.

સહાબાએ કિરામે નબીની કોઈ ખબર પર સવાલ જવાબ ન કર્યા. તેમની દરેકે દરેક વાતને સાચી માની લીધી. નબીની દરેક વાત પર યક઼ીન, નબીના સાચા અને સચ્ચાઈ પર યક઼ીન અને હક઼ીક઼તના સ્વીકારે જ તો સહાબાએ કિરામને ઈમાનની લિજ્જતથી સરશાર (તૃપ્ત) કરી દીધા હતા, અને તેમને તે શક્તિ તથા અઝમત અતા કરી આપી હતી તે તાકત તથા અઝમત કયામત સુધી કોઈને નસીબ થઈ શકશે નહીં.

જ્યારે સૌથી મહાન ગયબ ખુદાના વજૂદને સહાબાએ કિરામે નબીયે ઉમ્મી ﷺના ઈર્શાદ : "અશહદુ અલ્‌લાઈલાહ ઈલ્લલ્લાહ"ને માની લીધો હતો, અને એ જ તસ્લીમ તથા સ્વીકારે તેમને મુસલમાન થવા અને કહેડાવવાનો શરફ બખ્શ્યો હતો, તો પછી આ ગયબુલ ગયબ પછી તેઓ નબીના અન્ય બતાવેલા ગયબોને કેમ ન માની લેતા ?! નબીએ જ તો ક઼બર, ક઼બરના અઝાબ, જન્નત તથા જહન્નમ અને આખેરતના આલમનો પતો બતાવ્યો. નબીએ કેવળ ગયબની જ ખબર નથી આપી બલ્કે એ પણ સાબિત કરી આપ્યું કે એ એક આલમમાં રહીને બીજા આલમમાં પરેશાન હાલ ગુલામો, અઝાબમાં સપડાયેલા મુસલમાનોને પણ મદદ પહોંચાડી શકે છે, અને યક઼ીનન ! મેહશરના દિવસે સૌનો સહારો આપ જ બનશે.

આ તો નબીયે કૌનેન ﷺનું એહસાન છે કે તેમણે ઈમાન આપ્યું, જમાઅતમાં લીધા, આલમે આખેરતનો પતો આપ્યો, મદદનો વાયદો કર્યો.

## ★ વિવિધ આલમો અને નબીનો ઈલ્મે ગયબ ★

આપણે જે દુનિયામાં મૌજૂદ છીએ એ દુનિયામાં અગણિત દુનિયાઓ આબાદ છે :

અવાજવાળી દુનિયા, સાંભળવાવાળી દુનિયા, જોવાવાળી દુનિયા, સ્વાદવાળી દુનિયા, સ્પર્શવાવાળી દુનિયા, બુધ્ધિવાળી દુનિયા....વગેરે. જો શ્રવણ શક્તિ છીનવી લેવામાં આવે તો માણસ અવાજવાળી દુનિયાથી કપાઈને રહી જશે. જો જોવાની શક્તિ ખતમ થઈ જાય તો માનવ જોવાવાળી દુનિયાથી અલગ થઈ જશે. જો સ્વાદ ચાખવાની શક્તિ છીનવી લેવામાં આવે તો માણસ ચાખવાવાળી દુનિયાથી અલગ થઈ જશે. જો સ્પર્શવાવાળી શક્તિ જતી રહે તો માનવી સ્પર્શવાવાળી દુનિયાથી અલગ થઈ જશે. જો માણસથી બુધ્ધિ લઈ લેવામાં આવે તો બુધ્ધિની દુનિયાથી તેનો સંબંધ કટ થઈ જશે. ખુદાએ લમ યઝીલનું આ કેટલુ મોટુ એહસાન છે કે તેણે ઈન્સાનને પેદા કર્યો અને એક દુનિયામાં રહીને તે જ દુનિયાની વિવિધ દુનિયાઓથી મુસ્તફીઝ થયો (લાભ પામ્યો) અને તેને સમજવાને માટે અલગ અલગ ઈન્દ્રિય શક્તિઓ અને વિવિધ તાકતો અતા કરી. હવે અધિક આગળ જુઓ : કાનના માટે જે ચીજ શહાદત (સાક્ષી) છે તે આંખના માટે ગયબ છે, એટલે કાનથી આપણે જે ચીજ સાંભળી શકીએ

છીએ તેને આંખથી નથી જોઈ શકતા. એ જ પ્રમાણે આંખથી જે ચીજ જોઈ શકીએ છીએ તેને કાન વડે સાંભળી નથી શકતા. અને એ જાહેર છે કે દરેક ચીજને સાંભળવા, જોવા, સમજવા માટે એક શક્તિની જરૂરત છે. એ જ પ્રમાણે રસૂલ ﷺની પાસે ગયબ જાણવા તથા સમજવાની શક્તિ છે અને એ શક્તિથી અન્ય લોકો વંચિત છે.

નબીને એટલા માટે મોકલવામાં આવ્યા હતા કે તે આપણને એ વાતોનો ઈલ્મ અતા કરી આપે જેનો પતો માણસ હવાસ એટલે કાન, નાક, આંખ, દિમાગથી ન પામી શકે.

નબીએ જ અલ્લાહનો પતો બતાવ્યો, આલમે બરઝખ, આલમે આખેરતનો પતો બતાવ્યો, કુર્આને કરીમ કલામે રબ્બે અઝીમ નબીએ જ તો પેશ કર્યું. શું એમના પેશ કરતાં પહેલાં કોઈ પોતાના હવાસથી એના સુધી પહોંચી શકતો હતો ? પોતાના દિમાગ વડે એ કિતાબને લાવી શકતો હતો ? સમજી શકતો હતો ? કુર્આને અઝીમ બિસ્મિલ્લાહની બેથી લઈને વન્નાસની સીન સુધી સર્વ ગયબ જ ગયબ રહ્યું, એટલા માટે કે કલામુલ્લાહ ગયબુલ ગયબ જ ખુદાએ લમ યઝીલની સિફત છે, એ ગયબને રસૂલે મક઼બૂલ ﷺએ જાહેર કર્યું. તેમને ગયબનો ઈલ્મ અતા કરવામાં આવ્યો હતો, કુવ્વતે કુદસિયા બખ્શવામાં આવી હતી. અને ખૂબી એ કે ઈલ્મે ગયબે રસૂલે મક઼બૂલ એકી સાથે જ નથી આપવામાં આવ્યો, અતા કરનારાએ ક્રમે ક્રમે અતા કર્યો, અને જ્યાં સુધી કુર્આને મુક઼દ્દસ નાઝિલ થવાનો ક્રમ ચાલુ હતો ત્યાં સુધી ગયબ આપવાનો ક્રમ પણ ચાલુ રહ્યો.... હવે કેટલો આપ્યો ?..... શું શું આપ્યું ? આપનાર જાણે અને લેનાર જાણે ! અમે એટલુ જાણીએ છીએ કે ૨૩ વરસો સુધી ગયબ આપતા રહેવાનો ક્રમ ચાલુ રહ્યો અને જ્યારે કુર્આનનું નુઝૂલ (ઉતરાણ) સંપૂર્ણ થઈ ગયું તો રસૂલે કૌનેન ﷺનો કાઈનાતનો ઈલ્મ પણ સંપૂર્ણ થઈ ગયો, એટલે જ્યારથી દુનિયા બની અને જ્યાં સુધી દુનિયા રહેશે "મા કાન વમા યકૂન" (ભૂત, વર્તમાન, ભાવિ)નો ઈલ્મ ! અલ્બત્ત, ખુદાવંદે કુદ્દુસના ઈલ્મ સામે રસૂલ ﷺનો ઈલ્મ એક ટીપાની પણ હૈસિયત નથી ધરાવતો.

કુર્આને કરીમનો ફેંસલો છે : تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ (અને અમે તમારા પર આ કુર્આન ઉતાર્યું કે એમાં દરેક ચીજનું વર્ણન છે. સૂ. નહ્લ, ૧૬/૮૯) કુર્આને કરીમમાં દરેક ચીજનું સ્પષ્ટ વર્ણન છે અને રસૂલે કરીમ ﷺ કુર્આનને સ્પષ્ટપણે જાણનારા છે. જેથી હુઝૂર ﷺની સમક્ષ દરેક ચીજ સ્પષ્ટ ઉઘાડી છે. અને એનાથી એ હક઼ીક઼ત પણ સ્પષ્ટ થઈ ગઈ કે નબી ﷺ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની તરફથી ગયબની માલૂમાતનો ઝરીયો છે.

## ★ ઈલ્મે ગયબે મુસ્તફા ﷺ બુધ્ધિની દષ્ટિએ ★

**આયત :** وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ (અને તમને શીખવ્યું જે કાંઈ તમે ન જાણતા હતા. સૂ. નિસાઅ, ૪/૧૧૩) જલાલૈન શરીફમાં આ આયતની તફસીર : ای من الاحكام والغيب કરવામાં આવી છે. એટલે કે અલ્લાહે રસૂલને શીખવી આપ્યું. શું શું શીખવી આપ્યું ? હુકમો શીખવી આપ્યા અને ગયબ શીખવી આપ્યું. શીખવનાર ખુદા અને શીખનાર મુસ્તફા ! શું મુસ્તફા કરતાં વધુ સલાહિયત (ક્ષમતા)વાળો અને પાત્રતાવાળો કોઈ છે ? અને તેમને શીખવનારો તે રબ્બે અઝીમ છે જે આદમ عليه السلامને શીખવ્યું તો સર્વ ફરિશ્તા આશ્ચર્ય ચકિત રહી ગયા. આ શીખવનારો તે છે જેણે ઈન્સાનની બરતરી ફરિશ્તાઓ પાસે મનાવી લીધી. હવે શીખનાર રસૂલે અરબી જેવો, અને શીખવનાર ક઼ાદિરે મુત્લક ! તો એ રબ્બે ક઼દીરને ગયબની વાત બતાવવાથી કઈ વાત રોકી શકે છે ?

## ★ ઈલ્મે ગયબ : કુર્આન તથા હદીષની રોશનીમાં ★

મઅકૂલાત (ફિલોસોફી)ની વાત ખત્મ થઈ હવે મન્કૂલાત (હદીષ, તફસીર)ની તરફ ચાલીએ અને રસૂલે કાઈનાતની કુવ્વતે કુદ્સિયા (ફરિશ્તા જેવી શક્તિ)નો જલ્વો જોઈએ :

હઝરત બરાઅ ઈબ્ને આઝિબ આ હદીષના રાવી છે. ગઝવએ ખંદકનો મોકો છે. એક ચટ્ટાન (શીલા) છે તોડવા છતાં તૂટતી નથી. સરકારે અબદ કરાર ﷺ સુધી ખબર પહોંચી. સરકાર તશરીફ લાવ્યા. પ્રથમ ઘા માર્યો તો ચટ્ટાનનો ૧/૩ ભાગ તૂટી ગયો. એ વખતે સરકાર ﷺએ નારો બુલંદ કર્યો : الله اكبر اعطيت مفاتيح الشام "અલ્લાહના માટે બડાઈ છે, મને શામની કુંજીઓ અતા કરી દેવામાં આવી છે." ત્યારબાદ જ્યારે બીજો ઘા માર્યો તો બીજો ત્રીજો ભાગ નીકળી ગયો. તો સરકાર ﷺ ફર્માવે છે : الله اكبر اعطيت مفاتيح الفارس "અલ્લાહના માટે બડાઈ છે, ફારસ (ઈરાન)ની કુંજીઓ પણ મને આપવામાં આવી." અને જ્યારે ત્રીજો ઘા માર્યો તો તે પથ્થર ચૂર ચૂર થઈ ગયો અને સરકાર ﷺએ ફર્માવ્યું : الله اكبر انّي اعطيت مفاتيح اليمن "અલ્લાહના માટે બડાઈ છે, મને યમનની પણ કુંજીઓ આપવામાં આવી છે."

અલ્લાહુ અકબર ! એ જમાનો મુસલમાનો માટે જાહેરી રીતે તંગદસ્તી બેસરો સામાનીનો જમાનો હતો. ન લશ્કર ન સાઝો સામાન ! છતાં પણ સરકાર ﷺ આવું ઈર્શાદ ફર્માવી રહ્યા છે. તો જાણવા મળ્યું સરકાર ભૌતિક શક્તિના ભરોસે ન બોલી રહ્યા હતા, બલ્કે ગયબની ખબર આપી રહ્યા હતા, કે હે ઈસ્લામની બેસરોસામાની જોનારાઓ ! જમાનો આવનારો છે જ્યારે સર્વ કાંઈ, તાજો તખ્ત અમારા ગુલામોના કદમોમાં હશે, અમારું ભવિષ્ય ઘણુ ઉજ્જવળ છે.

"તફસીરે રૂહુલ બયાન"માં આ આયતે કરીમા : وَيَكُوْنَ الرَّسُوْلُ عَلَيْكُمْ شَهِيْدًا (અને આ રસૂલ તમારા નિગેહબાન તથા ગવાહ. સૂ. બકરહ, ૨/૧૪૩)ની તશરીહ તથા તફસીર જુઓ ! એ ન સમજી શકો તો શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہની "તફસીરે અઝીઝી" જુઓ રૂહુલ બયાન : "રસૂલ ﷺ દરેક દીનદારના મર્તબાને પહેચાને છે, માહિતગાર છે, બાખબર છે, અને રસૂલ જેના જેના પર ગવાહ થશે, એ ગુનાહોને પણ જોઈ રહ્યા છે, તેમના અમલોને પણ જોઈ રહ્યા છે, અને કેવળ જોવાની જ વાત નથી કરી બલ્કે يعرف પહેચાની રહ્યા છે, હવે મુશાહેદાનો શું ઉલ્લેખ કરવો ? પહેચાનવાનો મામલો છે.

## ★ ઈમાન તથા નિફાકનો ઈલ્મ ★

રસૂલુલ્લાહ ﷺ તમારા ઈખ્લાસને પણ પહેચાની રહ્યા છે. એટલે કે દિલની કૈફિયતોને પણ જાણી પિછાણી રહ્યા છે. એટલે કે ઈમાનને પણ જાણે છે અને ઈખ્લાસને પણ જાણે છે. ગુનાહને પણ જાણે છે, નિફાકને પણ જાણે છે અને ઈમાનનો બનાવટી ઢંઢેરો પીટનારાઓના ઈમાનની હકીકતને પણ જાણે છે !

તફસીરે નીશાપૂરીમાં : وَجِئْنَا بِكَ عَلٰى هٰٓؤُلَآءِ شَهِيْدًا (અને નિગેહબાન બનાવીને લાવીએ. સૂ. નિસાઅ, ૪/૪૧) આયતે કરીમાના હેઠળ ફર્માવવામાં આવ્યું છે : "રસૂલુલ્લાહ ﷺની રૂહ મુબારક તમામ રૂહોનો, તમામ નફસો (જીવો)નો, તમામ દિલોનો મુશાહેદો કરનારી છે. એટલા માટે કે રસૂલે કહ્યું છે કે હું સૌથી પ્રથમ મખ્લૂક છું.

જ્યારે રસૂલ સૌથી પ્રથમ છે તો જે પેદા થતુ ગયું તેને તે જોતા ગયા. તફસીરે મદારિકમાં છે : આ જ આયતના હેઠળ કે, "રસૂલ મોમિનના ઈમાનની ગવાહી આપશે અને કાફિરના કુફ્રની ગવાહી આપશે અને મુનાફિકના નિફાકની ગવાહી

આપશે." તમે અહીં છુપાવો ત્યાં છપાઈ જશો !

### ★ જંગના મેદાનનો ઈલ્મ ★

હઝરત સૈયદના અનસ رضی اللہ عنہ ની હદીષ છે કે બીરે મઊના જે મદીનાથી ખૂબ જ દૂર છે ત્યાં જંગ થઈ રહી છે. તે કહે છે : હુઝૂરે અકરમ ﷺ એ એક જંગની ખબર, ત્યાંની ખબર લોકોની પાસે આવવાથી પહેલાં સંભળાવી દીધી. હઝરત ઝયદ, હઝરત જઅફર, હઝરત ઈબ્ને રવાહા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની શહાદતની ખબર પણ સંભાળવી દીધી હતી. હુઝૂર ફર્માવી રહ્યા છે : ઝંડો હઝરત ઝયદે લીધો તેમને શહીદ કરી દેવામાં આવ્યા, ઈબ્ને રવાહાએ ઝંડો ઉઠાવ્યો અને તેમને પણ શહીદ કરી દેવામાં આવ્યા. સરકાર ફર્માવી રહ્યા હતા અને આંખોથી આંસું વહેતાં હતાં. ત્યાર બાદ ફર્માવ્યું, હવે અલ્લાહની તલ્વાર ખાલિદે ઝંડો ઉઠાવી લીધો અને અલ્લાહે તેમને કામયાબ કરી આપ્યા.

આવી વિગત તો તે બતાવી શકે છે જેને અલ્લાહે એક એવી શક્તિ આપી હોય કે જે બાજુ ધ્યાન કરી દે એ બાજુનો પૂરો હાલ જાહેર થઈ જાય.

### ★ સિદરતુલ મુન્તહાનો ઈલ્મ ★

નસીમુર્રિયાઝમાં કાઝી અયાઝ લખે છે : અંબિયાએ કિરામ પોતાના જાહેરી શરીરોના લેહાઝથી માણસોની સાથે દેખાય રહ્યા છે માણસોની જેવા નથી. માણસો સાથે છે પણ તેમનું બાતિન (અંતર) અને તેમની રૂહાની શક્તિઓ મલકી (ફરિશ્તામય) છે. મલકૂતી શાન ધરાવે છે. એના વડે તે જમીનની પૂર્વ દિશાઓ તથા પશ્ચિમી દિશાઓને જોઈ રહ્યા છે. ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ કોઈ પણ એમનાથી છુપી નથી અને આ જ મલકી (ફરિશ્તામય) શક્તિ છે જેના કારણે આપ આસ્માનની ચરચરાહટનો અવાજ સાંભળી લે છે અને હઝરત જિબ્રઈલ જ્યારે સિદરાથી એમના ઉતરવાનો ઈરાદો કરે છે નબીઓ સૂંઘી લે છે કે એ આવી રહ્યા છે.

હદીષે જિબ્રઈલમાં છે : સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ રાવી છે : طلع علینا رجل અમારા પર એક મર્દ તુલૂઅ થયો. અને હઝરત જિબ્રઈલ પૂરી વાતચીત કરી ગયા પણ કોઈને ખબર ન પડી કે આ જિબ્રઈલ છે. જાણવા મળ્યું કે એ જાણવું તથા સમજવું કે વાત કરનાર કોણ છે ? એ શક્તિ નબીને આપવામાં આવી કે જેથી તે સમજી લે જિબ્રઈલનો કલામ શું છે અને ગૈર જિબ્રઈલનો શું છે.

હવે સાત આસ્માનો સુધી સાત હજાર વરસનો રસ્તો, અને એની ઉપર સિદરતુલ મુન્તહા છે. હજી ત્યાંથી રૂહુલ કુદ્સે ચાલવાનો ઈરાદો કર્યો છે, ચાલ્યા નથી ! અને અહીં ખબર પડી ગઈ !

### ★ હુઝૂર ﷺ આપણી વાતો સાંભળે છે ★

હઝરત શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "સારી રીતે જાણી લો કે હુઝૂરે અકરમ ﷺ તમારી વાતોને સાંભળે છે અને તમને બોલતા જોઈ રહ્યા છે, એટલા માટે કે હુઝૂર સિફાતે ઈલાહિયાના મઝહર, રબની સિફતોથી મુત્તસિફ (વિશિષ્ટતાવાળા) છે અને અલ્લાહ તઆલાની એક સિફત એ છે કે જે મારો ઝિક્ર કરશે હું તેનો હમનશીં છું, એ જ પ્રમાણે જે રસૂલનો ઝિક્ર કરશે રસૂલ તેના હમનશીં તથા નજીક છે.

### ★ રસૂલના મૌત તથા હયાતમાં કોઈ ફરક નથી ★

મવાહિબે લદુન્નિયામાં અલ્લામા કુસ્તલાની ફર્માવે છે કે આપણા ઉલમાએ કહ્યું છે કે રસૂલની મૌત તથા હયાતમાં કોઈ ફરક નથી, તે જેવી રીતે પહેલાં પોતાની ઉમ્મતનો મુશાહેદો કરી રહ્યા હતા આજે પણ ફર્માવી રહ્યા છે.

રસૂલુલ્લાહ ﷺની પહોંચની શક્તિ (કુવ્વતે ઈદરાક)ને સમજવા માટે તફસીરે રૂહુલ બયાન જુઓ : شاهداًની તફસીરમાં શું લખે છે : "રસૂલને શાહિદ (ગવાહ) બનાવવામાં આવ્યા છે તે ગવાહ છે. અલ્લાહે તેમને સૌ પ્રથમ પેદા કર્યા. રસૂલ ﷺ ખુદાની વહદાનિયતનો મુશાહેદો કરનારા છે. એટલે રસૂલે કરીમ ગયબુલ ગયબનો ઈલ્મ બતાવનારા છે.

### ★ રસૂલને પહેલા શાથી પેદા કરવામાં આવ્યા ? ★

તફસીરે રૂહુલ બયાનમાં "શાહિદ"ની જે તફસીર છે તે એ છે કે રસૂલુલ્લાહ ﷺ અલ્લાહની વહદાનિયતની ગવાહી આપનારા છે. એટલે જ્યારે તે અવ્વલ મખ્લૂક્ છે તો જે ચીજ પેદા થતી ચાલી ગઈ તે સૌનો મુશાહેદો કરતા ગયા (જોતા ગયા) અને અલ્લાહે તેમના પર કોઈ ચીજ એટલા માટે છુપી ન રાખી કે જેથી ન થાય કે અમુક ખૂબી કોઈ મખ્લૂક્ને હાંસલ હોય અને અલ્લાહના રસૂલનો દામન તેનાથી ખાલી હોય.

### ★ ઈલ્મે ગયબ પર એક સૂફિયાણો મુદ્દો ★

કાઈનાતનો રજકણ રજકણ, પાંદડુ પાંદડુ, દરિયાનું ટીપુ ટીપુ, આસ્માનનો તારો તારો એ સૌ ખુદા તઆલાની વહદાનિયતની દલીલ છે અને જે જેટલો એમને જાણશે તેમની પાસે એટલી અધિક દલીલો હશે. તેણે પોતાના નબીને ગાફિલ નથી રાખ્યો કે જેથી તૌહીદની કોઈ દલીલ રસૂલની નજરથી છુપી ન હોય.

### ★ રસૂલનું દરેક મજલિસમાં પહોંચવું ★

રસૂલ દરેક મજલિસમાં નથી પહોંચતા અલ્બત્ત દરેક મજલિસ તેમના ઈલ્મમાં છે. દુનિયામાં કેટલાં મૃત્યુ થાય છે, દરેક ક્ષણે જમીનના દરેક ખૂણામાં જેની ગણના નથી. નકીરૈન બે જ છે પરંતું એક જ સમયે હજારો કબરોની અંદર નજર આવી રહ્યા છે. તો જ્યારે ખુદા ફરિશ્તાઓને એ શક્તિ આપી શકે છે કે તેઓ એક જ સમયે કેટલીય જગાએ જોવા મળે તો જો પોતાના મહબૂબને એ શક્તિ આપી દે તો તેને આ અતાથી કોણ રોકી શકે છે ?!

આ જમીન મલકુલ મૌતના માટે એક થાળીની જેમ બનાવી દેવામાં આવી અને તેમની તે જ ગતિનો આલમ એ છે કે કોઈ એવો જીવ નથી જેની પાસે દરરોજ બે વાર ન આવતા હોય. અરે ! આ તો અલ્લાહના ફરિશ્તા અને મક્બૂલ તથા મહબૂબ મખ્લૂક્ છે, પણ એ રજીમ (મરદૂદ) મખ્લૂક શૈતાનને પણ અલ્લાહે એટલી શક્તિ આપી રાખી છે કે તે સૈર કરવા લાગે તો થોડીક જ વારમાં પૂરી દુનિયાનો ચક્કર લગાડી લે.

અજબની વાત છે કે શૈતાનની શક્તિને તો લોકો માની લે છે પણ મહબૂબે રહમાનની શક્તિને નથી માનતા !

### ★ રસૂલે ખુદા ﷺનો ઈર્શાદ મુબારક ★

તફસીરે ખાઝિનમાં સરકાર ﷺની આ હદીષ મૌજૂદ છે. હુઝૂરે અકરમ ﷺ ફર્માવે છે : હજી મારી ઉમ્મત પાણી તથા માટીની મંઝિલો પાર પાડી રહી હતી કે મને બતાવી દેવામાં આવ્યું જેવી રીતે હઝરત આદમ علیہ السلام પર સર્વ કાંઈ જાહેર કરી દેવામાં આવ્યું. તો અલ્લાહ તઆલાએ મને બતાવી દીધું કે કોણ મને માનશે અને કોણ મારો ઈન્કાર કરશે, કોણ મારા પર ઈમાન લાવશે અને કોણ મારો મુન્કિર હશે.

જ્યારે મુનાફિકોએ આ સાંભળ્યું તો કહેવા લાગ્યા કે, સરસ ! અમે એમની સાથે છીએ અને તે

અમારી સાથે મુસલમાનો જેવો વર્તાવ કરે છે તો અમને ક્યાં ઓળખી શકયા ?! જ્યારે હુઝૂરે એ સાંભળ્યું તો મિમ્બર પર જલ્વા અફરોઝ થયા અને ખુદાની હમ્દ બાદ ફર્માવ્યું, અરે ! કૌમોનો આ શું હાલ થઈ ગયો છે કે મારા ઈલ્મમાં ટોણ મારી રહ્યા છે ?! હે લોકો ! આજથી કયામત સુધી જે પૂછવા ચાહો પૂછી લો !

એક સાહબે હુઝૂરને પોતાના બાપનું નામ પૂછયું. હુઝૂરે ફર્માવ્યું, હુઝાફા ? મુનાફિક્થી સહન ન થયું. એને હલકુ જાણીને સવાલ કર્યો, હે અલ્લાહના રસૂલ ! મારુ ઠેકાણુ ક્યાં છે ? હુઝૂરે ફર્માવ્યું, તમારુ ઠેકાણુ જહન્નમ છે ! તમે તમારા નિફાક્ (મુનાફિકપણા)ને મારાથી છુપાવી રહ્યા છો, મારી રિઆયત (મહેરબાની)ની મજાક ઉડાવી રહ્યા છો ! જ્યારે એક એવો સમય પણ આવ્યો જ્યારે હુઝૂર ﷺએ એક એક મુનાફિક્ને પોતાની મજલિસ કાઢી ચૂક્યા.

અલ્લામા બદરૂદ્દીન અયનીની કિતાબ ઉમ્દતુલ ક્રારી શરહે બુખારી અને ફત્હુલબારી શરહે બુખારીમાં પણ આ બનાવ છે.

## ★ રસૂલે પાક ﷺ દુરૂદ પણ સાંભળે છે ★

દલાઈલુલ ખયરાત શરીફમાં એક હદીષ છે કે હુઝૂરે અકરમ ﷺને પૂછવામાં આવ્યું : હે રસૂલ ! જે આપનાથી ગાયબ આપના પર દુરૂદ મોકલે છે અથવા જેઓ આપના પર દુરૂદ મોકલશે શું એ દુરૂદને આપ સાંભળો છો ? તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, મહોબ્બતવાળાઓનાં દુરૂદ ખુદ સાંભળુ છું અને તેમને ઓળખું છું અને જેઓ મહોબ્બતથી નથી પઢતા, આમ જ પઢી દે છે તેમનું પણ દુરૂદ બેકાર નથી જતું.

## ★ દુરૂદ મોકલવાના પાંચ તરીકા ★

સરકાર અબદ ક્રરાર ﷺની બારગાહમાં દુરૂદ પેશ કરવાના પાંચ તરીકા છે : એક ફરિશ્તો હુઝૂર ﷺના મઝાર મુબારક પાસે નિયુક્ત છે. ખુદાએ તેને સાંભળવાની શક્તિ આપી છે. કોઈ ક્યાંયથી પણ દુરૂદ અર્ઝ કરે છે તે એને સરકારની બારગાહમાં પહોંચાડી આપે છે તેના અને તેના પિતાના નામ સાથે.

કેટલાક ફરનારા ફરિશ્તા છે જેઓ દુરૂદ પઢનારાઓનાં દુરૂદ સરકારની બારગાહમાં પહોંચાડી આપે છે કે ફલાણાના પુત્ર ફલાણાએ આપના પર દુરૂદ મોકલ્યું છે.

દરેક શખ્સની સાથે પાંચ ફરિશ્તા રહે છે એક જમણે એક ડાબે એક છાતી સામે એક પાછળ એક પેશાની સામે. પેશાનીવાળો ફરિશ્તો દુરૂદ પહોંચાડવા માટે નિયુક્ત છે. બારગાહે રિસાલત ﷺમાં દરરોજના અમલોની સાથે દુરૂદ પહોંચાડે છે. અઠવાડિયાના અમલો સાથે દુરૂદ પહોંચાડે છે એ જ રીતે એક દુરૂદ પર પેશી (પેશ કરવું) પર પેશી, પાંચ પાંચ વાર પેશી. કેવો કરમ છે સરકાર ﷺનો કે ગુલામોને યાદ કરે છે, જાણે ઓળખે છે અને સલામ તથા દુરૂદ કબૂલ ફર્માવે છે.

## ★ રસૂલ ﷺના ઈલ્મનો પ્રથમ વાંધો ઉઠાવનાર ★

રસૂલ ﷺના ઈલ્મ પર સૌ પ્રથમ વાંધો મુનાફિક્રોએ ઉઠાવ્યો, અને તેમને જવાબ ખુદ સરવરે કૌનેન ﷺએ આપ્યો. જાણે જવાબ આપવું સરકાર ﷺની સુન્નત છે. જેઓ વાંધો ઉઠાવી રહ્યા છે તેઓ મુનાફિક્રોની રવિશ પર ચાલી રહ્યા છે. આપણે તો ગુલામ છીએ, સરકારના ઈલ્મે ગયબના માનનારા છીએ. *(ઈસ્તિક્રામ ડાયરેજસ્ટ કાનપુરનો તહફફૂઝે અક્રાઈદ નંબર, ઈ.સ. ૧૯૯૬)*

# નબી ﷺની સીરતમાં ચુકાદાના કેટલાક પાસાંઓ

રજૂકર્તા : **મૌલાના આદિલ નજમી મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*

હુઝૂર ﷺના ચુકાદાઓ દુનિયાના દરેક ન્યાયાધીશ કોર્ટ અને પંચાયતના નિર્ણય લેનારાઓ તેમજ ક઼ાઝી, મુફ્તી અને હાકિમો માટે એક માપદંડ છે કે તેઓ આ પદ અને જવાબદારીને અમાનત જાણે કારણ કે તેમની ક઼લમનો એક ઘા કોઈના આખા જીવનને પ્રભાવિત કરી શકે છે.

અલ્લાહ તઆલાએ માનવજાતને માર્ગદર્શન આપવા માટે હુઝૂર ﷺને છેલ્લા નબી બનાવીને મોકલ્યા. હુઝૂર ﷺના ઉપદેશો ક઼યામતના દિવસ માટે છે. જેથી એ જરૂરી થયું કે હુઝૂર ﷺની જાતમાં માનવજાતીને જરૂરી બધા ગુણો અને પૂર્ણતાઓ હોવી જોઈએ. આ હક઼ીક઼તને કોઈ નકારી શકે નહીં કે જે પગલાઓ હુઝૂર ﷺએ દુનિયા પર છોડયા છે, માનવ ઈતિહાસ એના જેમ દષ્ટાંત લાવવાથી લાચાર છે. તેમની જાત બધી પૂર્ણતાઓનો સરવાળો અને બધા ઉમદા ગુણોનું ઉગમસ્થાન છે. આપ ﷺ એક મુઅલ્લિમ, ગુનાહોથી દૂર કરનાર, સાચો માર્ગ બતાવનારા, શરીઅત શીખવાડનાર, વહીવટકર્તા, રાજનીતિજ્ઞ સેનાપતિ અને લશ્કરી નેતા પણ છે. સમાજમાં રહેવાના તરીકાઓ તેમણે જ શીખવ્યા, તેમણે લોકોને અર્થતંત્ર વિશે પણ જ્ઞાન આપ્યું, યુદ્ધની પદ્ધતિઓ વિશે પણ માહિતી આપી, વેપારના સિદ્ધાંતો પણ શીખવ્યા. બાળકો સાથે વ્યવહાર, વડીલોનો અદબ, પત્નીઓ વચ્ચે સમાનતા અને આંતરરાષ્ટ્રીય સંબંધોના મુદ્દાઓ પણ સમજાવ્યા. હુઝૂર ﷺના જીવનચરિત્રના વિવિધ પાસાંઓ છે અને તે બધાં એટલા વ્યાપક છે કે તે માનવ જાતિ માટે સંપૂર્ણ માર્ગદર્શન બની જાય છે. જીવન ચરિત્રના વિવિધ પાસાંઓમાંથી એક એ છે કે તેઓ એક ન્યાયાધીશ હતા. એક સફળ અને શાંતિપૂર્ણ સમાજ માટે જરૂરી છે કે કોમનો ન્યાયાધીશ ન્યાયી હોય જે ન્યાયને યક઼ીની બનાવે. હુઝૂર ﷺથી વધુ ન્યાયી કોણ હોય શકે ? આ વિશે એક હદીષ શરીફ છે :

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما કહે છે કે અલ્લાહના રસૂલ ﷺ જિઈર્રાના નામી જગામાં હતા અને તેઓ હઝરત બિલાલ رضی اللہ عنہના ખોળામાંથી સોનુ, ચાંદી અને ગનીમતનો માલ વહેંચી રહ્યા હતા. એક માણસે કહ્યું : "મુહમ્મદ ! ન્યાય કરો ! તમે ન્યાયથી કામ નથી લીધું !" અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું : "તારા માટે બુરુ થાય ! જો હું ન્યાય નહીં કરું તો મારા પછી કોણ ન્યાય કરશે ?!" હઝરત ઉમર رضی اللہ عنہએ કહ્યું, હે અલ્લાહના રસૂલ ! મને આ મુનાફિક઼ની ગરદન કાપી નાખવાની પરવાનગી આપો. હુઝૂર ﷺએ ફર્માવ્યું : તેના બીજા સાથીઓ છે જે કુર્આન પઢે છે પરંતુ તે તેમના ગળાની નીચે ઉતરતુ નથી. તેઓ દીનમાંથી એવી જ રીતે નીકળી જશે જેવી રીતે તીર શિકારમાંથી નીકળી જાય છે. *(સુનને ઈબ્ને માજહ)*

નિઃશંકપણે, હુઝૂર ﷺનો દરેક નિર્ણય હમેશાં ન્યાય માટે ઉચ્ચ માપદંડ છે.

## હુઝૂર ﷺના ફૈસલાનું મહત્વ

અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને મુસલમાનો વચ્ચે ન્યાયાધીશ તરીકે મોકલ્યા અને લોકોના ઈમાનને તેમના નિર્ણય પર રાજી રહેવાને શરતી બનાવ્યું. જેમ કે કુર્આને મજીદમાં છે :

فَلَا وَ رَبِّكَ لَا يُؤْمِنُوْنَ حَتّٰى يُحَكِّمُوْكَ فِيْمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ لَا يَجِدُوْا فِيْٓ اَنْفُسِهِمْ حَرَجًا مِّمَّا قَضَيْتَ وَ يُسَلِّمُوْا تَسْلِيْمًا ﴿۶۵﴾

''તો હે મેહબૂબ ! તમારા રબના સોગંદ, તેઓ મુસલમાન નહીં થાય, જ્યાં સુધી તેમના અંદર અંદરના ઝઘડાઓમાં તમને હાકિમ નહીં બનાવે. પછી જે કાંઈ તમે હુકમ ફર્માવી દો તેના માટે પોતાના હૃદયોમાં રૂકાવટ ન પામે, અને (ખરા) જીવથી માની લે.'' *(સૂ. નિસાઅ, આ. ૬૫, કન્ઝુલ ઈમાન)*

અને બીજી જગા પર ફર્માવ્યું :–

اِنَّآ اَنْزَلْنَآ اِلَيْكَ الْكِتٰبَ بِالْحَقِّ لِتَحْكُمَ بَيْنَ النَّاسِ بِمَآ اَرٰىكَ اللّٰهُ ؕ

''હે મેહબૂબ ! બેશક ! અમે તમારી તરફ સત્ય કિતાબ ઉતારી જેથી તમે લોકોમાં ફૈંસલો કરો જે રીતે તમને અલ્લાહ દેખાડે.''

*(સૂ. નિસાઅ, આ. ૧૦૫, કન્ઝુલ ઈમાન)*

## નબુવ્વતના એલાન પહેલાં હુઝૂર ﷺના ચુકાદાઓ

હુઝૂર ﷺના અમુક ગુણો એવા હતા કે અરબવાસીઓ નબુવ્વતના એલાન પહેલાં પણ સ્વીકારતા હતા, નબુવતના એલાન પછી પણ તે ગુણો તેઓ વચ્ચે ચર્ચામાં રહ્યા. કોણ દુશ્મન અને કોણ દોસ્ત બધા જ લોકોએ આ ગુણોને માન્યા અને સ્વીકાર્યા. આ ગુણોમાંથી એક ગુણ ''સાચો અને હક઼ પર આધારિત ચુકાદો આપવો હતો.'' નબુવ્વતના એલાન પછી અને નુબવ્વતના એલાન પહેલાં પણ મક્કાના કાફિરો પોતાના અલગ અલગ ઝઘડાઓ અને તકરારોમાં તેમના ચુકાદાઓ પર પોતાનુ માથુ નમાવતા. આ જ કારણે માત્ર વીસ (૨૦) વર્ષની ઉમરે અલ્લાહના રસૂલ ﷺ શાંતિ અને સમાધાનનો પ્રચાર કરવા અને જુલ્મના વિરૂધ્ધ પીડિતોની મદદ માટે ''હલ્ફુલ ફુઝૂલ'' નામી કરારમાં ભાગ લીધો. આ જ રીતે હુઝૂર ﷺના નુબુવ્વતના એલાન પહેલાં જ્યારે કા'બા શરીફનું બાંધકામ થયું અને હજરે અસ્વદને તેની જગા પર રાખવા બાબતે ઝઘડો થયો તે સમયે લોકોએ હુઝૂર ﷺને જજ માનીને તેમના ચુકાદા પર અમલ કર્યો આ સમયે જનાબ અબૂ તાલિબ હુઝૂર ﷺની શાનમાં શેઅરો કહે છે :

''તે જ આપણા માટે પ્રથમ છે, તે જ આપણા માટે છેલ્લા છે, અને ચુકાદામાં અને ન્યાયમાં અમે તેમનો ઈન્કાર નથી કરતા.'' *(તબક઼ાતુલ કુબ્રા, ૧/૧૧૭, દારુલ કુતુબિલ ઈલ્મિયા)*

## હુઝૂર ﷺના ચુકાદા કરવાની પદ્ધતિ

હુઝૂર ﷺ બન્ને પક્ષો સાથે એક સમાન વર્તન કરતા અને તેમના વચ્ચે એવા ચુકાદો આપતા કે જેનાથી હકદારને પોતાનો હક મળી જતો. મોટાભાગે હુઝૂર ﷺ બન્ને પક્ષો વચ્ચે સુલહ કરાવી આપતા હતા અને તેને બીજાનો હક મારવા પર ખુદા તરફથી ચેતવણી સંભળાવતા હતા.

નીચે હુઝૂર ﷺના ચુકાદા કરવાની અલગ અલગ પદ્ધતિઓનો ઉલ્લેખ કરવામાં આવે છે :

### (૧) સુલહ કરવી

હુઝૂર ﷺનો મોટાભાગે પ્રયાસ એ રહેતો હતો કે બન્ને પક્ષોમાં સુલહ થઈ જાય અને સારી રીતે મામલો પૂરો થઈ જાય અને જો મસ્લેહત જોતા તો એક પક્ષના ભાગમાંથી કાંઈક ઓછુ કરી દેતા જેથી મામલો ઉકેલાય જાય. જેમ કે હઝરત કઅબ બિન માલિક رضی اللہ عنہما ફર્માવે છે : તેમનો થોડો કરજો હઝરત ઈબ્ને અબી હદરદ رضی اللہ عنہما પર હતો. તેમણે મસ્જિદ નબવીમાં તેમનાથી કર્ઝો મેળવવા માટે વિનંતી કરી. તે દરમિયાન થોડો અવાજ વધી ગયો. હુઝૂર ﷺએ પોતાના રૂમનો પડદો હટાવીને હઝરત કઅબને બોલાવ્યા અને કરજ થોડુ ઓછુ કરવાનુ કહ્યું તો તેમણે તરત જ ઓછુ કરી દીધું. હવે હુઝૂર ﷺએ ઈબ્ને અબી હદરદને બાકીનું કરજ ચુકવવાનો હુકમ આપ્યો. આમ બંને વચ્ચે ઝઘડો દૂર થયો. *(સહીહ બુખારી, હ–૪૫૭, દારે તૌક઼તુન્નજાર)*

## (૨) શરીઅતના કાયદા મુજબ ચુકાદો

જો બંને પક્ષોમાં સુલહ ન થતી તો અલ્લાહના રસૂલ ﷺ શરીઅતના કાયદા અનુસાર તેમના વચ્ચે ચુકાદો કરતા. જેમ કે એક સમયે એક અન્સારી સહાબીએ હઝરત ઝુબેર બિન અવ્વામની સાથે પાણીની બાબતે ઝઘડો કર્યો તો હુઝૂર ﷺએ શરૂમાં સુલહના માટે કાંઈક ઘટાડવાવાળો ફેંસલો કર્યો, પરંતુ અન્સારીના ન માનવાના કારણે શરીઅતના કાયદા મુજબ ચુકાદો કર્યો. *(સહીહ બુખારી, હ–૨૩૫૯)*

અહીં હુઝૂર ﷺએ શરૂઆતમાં કાંઈક ઘટાડાવાળો ફેંસલો કર્યો. અલ્લામા આલૂસી લખે છે કે હુઝૂર ﷺએ હઝરત ઝુબેર رضی اللہ عنہને ઈશારો પણ કર્યો કે તેઓ કાંઈક ઘટાડે જેથી બંને પક્ષો માટે સરળતા રહે. પરંતું બીજીવાર હઝરત ઝુબેર رضی اللہ عنہને તેમનો પૂરો હક આપ્યો અને અન્સારીના હકમાં પણ કોઈ કમી ન થઈ. *(તફસીરે રૂહુલ મઆની)*

## (૩) ખોટી કસમ ખાવાથી ડરાવવું

જો વાદી પાસે તેના દાવાને સમર્થન આપવા માટે કોઈ સાક્ષી ન હોય તો પ્રતિવાદી પાસેથી કસમ લેવામાં આવે છે. આ ઈસ્લામી કાયદો છે. હુઝૂર ﷺ સાક્ષી ન હોવાના સમયે પ્રતિવાદીને કસમ ખાવાનો આદેશ આપતા પરંતુ જૂઠી કસમ ખાવા પર ચેતવણીથી ડરાવતા. આ પણ તેમની રહમતની જ એક અભિવ્યક્તિ છે જેથી ઈન્સાન સમજી જાય અને દુનિયાના થોડા ફાયદા માટે પોતાની આખેરત અને કાયમી ફાયદાથી હાથ ન ધોઈ બેસે. એક ચુકાદાના વચમાં જ્યારે પ્રતિવાદી કસમ ખાવા લાગ્યો તો હુઝૂર ﷺએ તેનાથી ફર્માવ્યું, જે કોઈએ બીજાની જમીન અન્યાયી રીતે કબજે કરી લીધી તો તે અલ્લાહથી એ હાલમાં મરશે કે અલ્લાહ તેના પર ગઝબનાક હશે. *(સહીહ મુસ્લિમ, કિતાબુલ ઈમાન, હ–૨૦૦, મકતબે ફારૂકિયા)*

## (૪) શરીઅતની વિરૂધ્ધ હુકમોનો અસ્વીકાર કરવો

હુઝૂર ﷺ માત્ર શરીઅતના અનુસાર ચુકાદા ન આપતા પરંતુ શરીઅતના વિરૂધ્ધ કરવામાં આવેલ ચુકાદાઓને બદલીને યોગ્ય બનાવતા હતા. તેથી જ જ્યારે એક જગ્યાએ બે માણસો હુઝૂર ﷺની ખિદમતમાં આવ્યા અને તેઓ કોઈ મામલામાં રાજી ખુશીથી ચુકાદો કરી ચૂક્યા હતા પરંતુ હુઝૂર ﷺએ ફર્માવ્યું :

لَأَقْضِيَنَّ بَيْنَكُمَا بِكِتَابِ اللهِ أَمَّا الْوَلِيدَةُ وَالْغَنَمُ فَرَدٌّ عَلَيْكَ
وَعَلَى ابْنِكَ جَلْدُ مِائَةٍ وَتَغْرِيبُ عَامٍ

હું તમારા બંનેના વચ્ચે અલ્લાહની કિતાબના અનુસાર ચુકાદો કરીશ તે બાંદી અને તમારી બકરીઓ તમને પરત કરવામાં આવશે અને તમારા પુત્રને સો (૧૦૦) કોરડા લગાડવામાં આવશે અને એક વર્ષ સુધી તડીપાર કરી દેવામાં આવશે. *(સહીહ બુખારી, કિતાબુસ્સુલહ, હ–૨૬૯૫, દારે તૌકુન્નજાર)*

આ મામલામાં હુઝૂર ﷺએ શરીઅતના વિરૂધ્ધ ચુકાદાનો અસ્વીકાર કરી ન્યાયના અનુસાર ચુકાદો કર્યો.

## (૫) વિવાદ ઉકેલવા માટે દરેક શક્ય પ્રયાસ કરવો

હુઝૂર ﷺ બંને પક્ષોમાં સુલહ કરાવવા અને વિવાદ ઉકેલવા માટે દરેક શક્ય પ્રયાસ કરતા હતા. ત્યાં સુધી કે જો કોઈ મામલામાં કોઈ જવાબદારી લેવાવાળો ન હોય તો હુઝૂર ﷺ પોતે જ પીડિતની કાર્યવાહી ફર્માવતા. તેથી જ એક વાર હઝરતે અબ્દુલ્લાહ બિન સહલ رضی اللہ عنہماનું હત્યા કરેલ શરીર ખૈબરમાં મળી આવ્યું. કોઈ પણ રીતે તેમની હત્યા કરાવાવાળાની ખબર ન મળી અને મામલો કોઈ પણ રીતે ઉકેલાઈ શક્યો નહીં, તો હુઝૂર ﷺએ પોતાની પાસેથી તેમની દિયત આપી.

*(સહીહ બુખારી, હ–૭૧૯૨)*

આ જ રીતે હુઝૂર ﷺ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما ના વાલિદનું કરજ અદા કરવા માટે ખુદ તશરીફ લાવ્યા અને લેણદારોને પોતાના હાથથી ખજૂરો આપી જ્યારે કે એના પહેલાં લેણદારોએ આ ખજૂરો લેવાથી ના પાડી હતી. *(નસાઈ, કિતાબુલ વસાયા, હ–૩૬૩૯)*

## (૬) દેખાય રહેલ (જાહેરી) હાલત પર ચુકાદો આપવો

હુઝૂર ﷺ બંને પક્ષોની દેખાય રહેલ હાલત પર ચુકાદો આપતા હતા. અને ઘણીવાર વહી દ્વારા તે ચુકાદાનો આધાર અથવા તેના બારામાં કોઈ આયત ઉતરી આવતી. પોતે હુઝૂર ﷺએ ફર્માવ્યું :

''તમે બધા મારી પાસે પોતાના કેસો લઈને આવો છો અને કેટલીકવાર એવું થાય છે કે તમારામાં એક, બીજા પર પુરાવામાં પાકો હોય છે. ત્યાર પછી હું તેને જે તેના ભાઈનો હક અપાવી દઉં તો હું તેને દોઝખનો એક ટુકડો અપાવી રહ્યો છું. *(તિર્મિઝી, હ–૧૩૩૯)*

## જજો માટે નબીએ કરીમ ﷺની સૂચનાઓ

હુઝૂર ﷺએ જીવનના દરેક ભાગના બારામાં ઉમ્મતને સૂચના આપી છે. જજો અને ન્યાયાધીશોએ ચુકાદો કરતા સમયે કઈ વાતોનું ધ્યાન રાખવુ જોઈએ હુઝૂર ﷺએ પોતાના આદેશોથી આ અંગે સંપૂર્ણ માર્ગદર્શન આપ્યુ છે. જેમ કે હુઝૂર ﷺનું ફર્માન છે : જજ ગુસ્સાની સ્થિતિમાં ચુકાદો ન આપે. *(સુનને તિર્મિઝી, હ–૧૩૩૪)*

હુઝૂર ﷺએ હઝરતે અલી رضی اللہ عنہ થી ફર્માવ્યું, જ્યારે બંને પક્ષો તમારી સામે બેસી જાય તો ત્યાં સુધી ચુકાદો ન આપતા જ્યાં સુધી બીજાની વાત ન સાંભળી લો. *(સુનને અબૂ દાઊદ, હ–૩૫૮૨)*

## હુઝૂર ﷺના અલગ અલગ ચુકાદાઓ

હુઝૂર ﷺએ પોતાના જીવનમાં ખૂબ ચુકાદા કર્યા આ બધા ચુકાદાઓ સત્ય પર આધારિત હોવાની સાથે એમાં પૂરી ઉમ્મત માટે કેટલાક બોધપાઠ પણ છે. નીચે હુઝૂર ﷺના અમુક ચુકાદાઓનો ઉલ્લેખ કરવામાં આવે છે :

**(૧)** અલ્લાહના નબી ﷺએ બની મખ્ઝૂમની ઓરતનો હાથ કાપવાનો ચુકાદો આપ્યો, તે છતાં પણ કે તે ઓરતના હકમાં ઘણી બધી સિફારિશો હતી. *(સુનને તિર્મિઝી, હ–૧૪૩૦)*

**(૨)** હુઝૂર ﷺએ ચુકાદો આપ્યો કે જો કોનાથી કોઈ ભૂલથી મરી જાય તો તેની દિયત સો ઉંટ થશે. *(સુનને અબૂ દાઊદ, હ–૪૫૪૩)*

**(૩)** બાળકના વંશના બારામાં હુઝૂર ﷺએ ચુકાદો આપ્યો કે બાળકનો વંશ પોતાની માના પતિથી જ સાબિત થશે. *(સહીહ બુખારી, હ–૬૭૪૯)*

**(૪)** હુઝૂર ﷺએ વિભાજ્ય વસ્તુઓમાં સહભાગીઓ વચ્ચે ''શફઆ''નો ચુકાદો આપ્યો. *(સુનને તિર્મિઝી, હ–૧૩૬૭)*

**ખુલાસો :** હુઝૂર ﷺનું પાક જીવન આપણા માટે મશઅલે રાહ (દીવાદાંડી) છે અને હુઝૂર ﷺએ કુદરતના કારખાનામાં કામ કરનાર દરેક વ્યક્તિને તેના ક્ષેત્રને લગતુ સંપૂર્ણ માર્ગદર્શન આપ્યું. આ વર્તમાન યુગમાં જજ અને પંચાયતના ન્યાયાધીશો માટે એક બોધપાઠ છે કે તેઓ આ પદ અને જવાબદારીને અમાનત જાણે. તેમની કલમની હરકતથી કોઈ જુલ્મીનુ માથું પણ કપાવી શકાય છે અને પીડિતોના વિરોધમાં પણ વપરાય થઈ શકે છે. તેથી જજોએ કાળજી રાખવાની જરૂર છે. આ એક ખૂબ જ નાઝુક મોડ છે એટલા માટે જ હુઝૂર ﷺએ એક હદીષ શરીફમાં જજોના બારામાં ફર્માવ્યું : જેને જજ બનાવવામાં આવ્યો હોય તો તેને વગર છરીએ ઝબહ કરી દેવામાં આવ્યો. (સુનને અબૂ દાઊદ, હ–૩૫૭૪) મુસલમાન હોવાની હેસિયતથી જજ અને ન્યાયાધીશ એવા લોકોની જિમ્મેદારી છે કે જેઓ હુઝૂર ﷺની તા'લીમને સામે રાખી ચુકાદો કરે. *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, મુંબઈ, જાન્યુઆરી–૨૦૨૫)*

# અલ્લાહના રસૂલ ﷺનો ઈખ્તિયાર

## સહીહ હદીષોની રોશનીમાં

કાર્યાલય

હે સુન્ની ભાઈઓ ! બહેનો ! સાવધાન થઈ જાવ ! આજે કેટલીક જમાઅતો, ફિર્કાઓ પોતાને "અહલે સુન્નત વ જમાઅત"નું લેબલ લગાડીને સાચા સુન્નીઓને બહેકાવામાં નાખવાની કોશિશ કરી રહ્યા છે. જ્યારે કે **સાચા "અહલે સુન્નત વ જમાઅત" તેઓ જ છે જેમના અક઼ીદા સહાબાએ કિરામ જેવા છે.** બાકીના જેટલા પણ દાવેદારો છે તેઓ કલમા નમાઝના ઓઠા હેઠળ **છુપાયેલા મુનાફિક઼ો** જ છે. આ લેખમાં તમો સહીહ હદીષો થકી એ વાત સમજી શકશો અને એ પણ જાણી લેશો કે સહાબાના અક઼ીદા શું હતા જેમને રસૂલે પાક ﷺએ "અહલે સુન્નત વલ જમાઅત" કહ્યા અને એમના માર્ગને જ નજાતનો માર્ગ કહ્યો.

આજે અમુક ગુમરાહ જમાઅતો વાત વાતમાં શંકાઓ ખડી કરીને પૂછયા કરે છે કે શું આ હદીષમાં છે ?! કુર્આનમાં છે ?! (Is it in Hadith ? Is it in Quraan ?!)

તો આવો ! સૌને દઅવત છે કે ઈન્સાફની આંખોએ નબી કરીમ ﷺના ઈખ્તિયાર બાબતની હદીષો **સહીહ બુખારી શરીફ**ની તથા સાથોસાથ **કુર્આનની આયતો** પણ જોઈ લો ! અને દિલમાં કાંઈ વસવસો હોય, હુઝૂર ﷺને ઈખ્તિયારવાળા માનવું શિર્ક જાણતા હોઉં, તેમને લાચાર મજબૂર બંદા, આપણી જેવા બશર માનતા હોવ તો આજે જ તૌબા કરી લો, અને બંને જહાનમાં કામયાબી મેળવી લો.

*તુમ્હારે મુંહસે જો નિકલી વો બાત હો કે રહી*
*જો દિન કો કહ દિયા શબ હૈ તો રાત હોકે રહી*

કુર્આનમાં છે :–

وَ مَآ اٰتٰىكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ ۚ وَ مَا نَهٰىكُمْ عَنْهُ فَانْتَهُوْا ۚ وَ اتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ ۘ

"અને **જે કાંઈ તમને રસૂલ અતા કરે તે લો,** અને **જેનાથી મના કરે દૂર રહો.** અને અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહનો અઝાબ સખ્ત છે." *(પારા : ૫, રુકૂઅ : ૪, અલ્હશ્ર : ૭)*

શું આ આયત અલ્લાહની અતાથી રસૂલુલ્લાહ ﷺના ઈખ્તિયારનું એલાન નથી કરતી ?! આવો ! રસૂલે પાક ﷺનો ઈખ્તિયાર હદીષોની રોશનીમાં જોતા ચાલીએ અને ઈમાનને મજબૂત બનાવીએ.

### ★ હરમે પાકની ઘાસ કાપવાની ઈજાઝત ! ★

સહીહ બુખારી શરીફની હદીષ છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ મક્કાને હરમ ઠરાવ્યું, ન મારાથી પહેલાં કોઈના માટે હલાલ થયું અને ન કોઈના માટે કદી હલાલ થશે. અને મારા માટે પણ કેવળ થોડીવાર માટે દિવસના થોડા સરખા હિસ્સામાં જાઈઝ કરવામાં આવ્યું. અને હવે ન એની ઘાસ કાપવામાં આવશે અને ન ઝાડ, અને ન તો એનો શિકાર ભડકાવવામાં આવશે, અને ન અહીંની પડેલી ચીજ ઉઠાવવામાં આવશે, કેવળ એલાન કરનારા માટે ઉઠાવવું જાઈઝ થશે.

હઝરત અબ્બાસ رضی اللہ عنہ બોલ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ ઈઝખર ઘાસને અમારા સોનીઓ તથા કબ્રોને માટે જાઈઝ ઠરાવી દો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, સારું !

ઈઝખરના સિવાય. એટલે કે ઈઝખરને પોતાની જરૂરતના માટે કાપી શકો છો. *(બુખારી શરીફ, ભાગ : ૧, પેજ : ૧૭૯, કિતાબુલ જનાઈઝ, બાબુલ ઈઝખિરિ વલ્હશીશિ ફિલ્કબ્રિ, કબ્રમાં ઈઝખર ઘાસ બિછાવવાનું બયાન, હદીષ નં. ૧૩૪૯)*

આ હદીષથી જાણવા મળ્યું કે અલ્લાહ તબારક વ તઆલાએ રસૂલુલ્લાહ ﷺને ઈખ્તિયારવાળા બનાવીને મોકલ્યા છે. આપ જે ચીજને ચાહે હલાલ ફર્માવી આપે અને જે ચીજને ચાહે હરામ ઠરાવી આપે. કુર્આને કરીમથી અધિક માર્ગદર્શન મળે છે. ઈર્શાદે બારી તઆલા છે :–

يَأْمُرُهُمْ بِالْمَعْرُوْفِ وَ يَنْهٰهُمْ عَنِ الْمُنْكَرِ وَ يُحِلُّ لَهُمُ الطَّيِّبٰتِ

"અને તેમને ભલાઈનો હુકમ આપશે અને બુરાઈથી મના ફર્માવશે અને સુથરી ચીજો તેમના માટે **હલાલ ફર્માવશે** અને ગંદી ચીજો એમના માટે **હરામ ફર્માવશે.**" *(પારા : ૯, રુકૂઅ : ૯, સૂરએ અઅ્રાફ : ૧૫૭)*

શું આ આયતમાં અલ્લાહની અતાથી રસૂલે પાક ﷺને ઈખ્તિયાર હોવાની જાહેરાત નથી.

## ★ જેને ચાહ્યું હરમ બનાવી આપ્યું ★

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે હું રસૂલુલ્લાહ ﷺની સાથે ખયબરની તરફ નીકળી પડયો જેથી કરીને હું આપની ખિદમત કરતો રહું. જયારે હુઝૂર ﷺ ખયબરથી પરત થયા અને આપને ઓહદ પહાડ દેખાયો તો ફર્માવ્યું, આ પહાડ અમારી સાથે મહોબ્બત કરે છે અને અમે પણ એનાથી મહોબ્બત રાખીએ છીએ. પછી હુઝૂરે મદીના મુનવ્વરા પ્રતિ ઈશારો કરતાં ફર્માવ્યું :–

اَللّٰهُمَّ إِنِّي أُحَرِّمُ لَا بَتَيْهَا كَتَحْرِيمِ إِبْرَاهِيمَ اَللّٰهُمَّ بَارِكْ لَنَا فِي صَاعِنَا وَمُدِنَا

**"હે અલ્લાહ ! હું આ બંને પહાડોવાળી જગાને હરમ બનાવું છું** જેવી રીતે હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ મક્કાને હરમ બનાવ્યું હતું. હે અલ્લાહ ! અમને અમારા સાઅ અને મુદમાં બરકત અતા કર." *(બુખારી શરીફ, ભાગ : ૧, પેજ : ૪૦૪, કિતાબુલ જિહાદ, બાબુ ફદ્લિલ્ ખિદમતિ ફિલ્ ગઝ્વ, જેહાદમાં ખિદમત કરવાની ફઝીલત, હદીષ નં. ૨૮૮૯)*

છે કોઈ તમારામાં કે દુનિયામાં જે પોતાને મન ફાવે તે જગાને હરમ બનાવી લે ! તો શું અલ્લાહે નબી કરીમ ﷺને આ ઈખ્તિયાર આપેલો નહીં કહેવાય ?!

## ★ જમીનના ખજાનાની કૂંજીઓના માલિક કોણ ?! ★

*માલિકે કૌનૈન હૈ ગો પાસ કુછ રખતે નહીં–દો*
*જહાં કી નેઅમતેં હૈં ઉન્કે ખાલી હાથમેં*

હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એક દિવસ નીકળ્યા તો ઓહદના શહીદો પર આપે એ અંદાઝથી દુઆ ફર્માવી જેવી રીતે મૈયત પર દુઆ કરવામાં આવે છે. પછી મિમ્બરની તરફ આવ્યા અને ફર્માવ્યું, **ખુદાની કસમ ! હું મારા હોઝને અત્યારે જોઈ રહ્યો છું અને મને જમીનના ખજાનાની કુંજીઓ (ચાવીઓ) આપવામાં આવી.** અને કસમ ખુદાની હું મારા પછી એવું નથી ડરતો કે તમો મારા પછી શિર્ક કરશો, પરંતુ મને ડર છે કે ક્યાંક તમે દુનિયામાં ગુમ ન થઈ જાવ. *(બુખારી શરીફ, ભાગ : ૧, પેજ : ૧૭૯, કિતાબુલ્ જનાઈઝ, બાબુ સ્સલાતિ અલશ્શહીદ, શહીદ પર નમાઝે જનાઝા પઢવાનું બયાન, હદીષ નં. ૧૩૪૩)*

આ હદીષ પરથી **હુઝૂર ﷺનો ઈખ્તિયાર જુઓ કે દુનિયામાં રહીને હોઝે કૌષર જોઈ રહ્યા છે ! તેને પણ પોતાનો કહ્યો !"** મારા હોઝને જોઈ રહ્યો છું !" **છે કોઈનામાં આ ઈખ્તિયાર ?!**

**અને શું આ ગયબના ઈલ્મ પર હુઝૂર ﷺને ઈખ્તિયાર ન થયો** કે હોઝે કૌષર આપણા માટે ગયબની ચીજ છે જેને આપ ﷺ દુનિયામાં બેસીને જોઈ રહ્યા છે ! અને સહાબીઓને એના વિશે બતાવી રહ્યા છે ! અને **કોઈ સહાબી એવું નથી કહેતા કે આ ઈખ્તિયાર તમારામાં ક્યાંથી આવ્યો ? ગયબ તો અલ્લાહ જ જાણે છે ! આ તો શિર્ક છે !** ભાઈઓ ! શું આજના બાતિલ ફિર્કાવાળા ગૈર મુક઼લ્લિદ, દેવબંદી વગેરેને શિર્કની સમજ આવી ગઈ અને સહાબા તથા રસૂલને ન હતી ?! (મઆઝલ્લાહ !) સમજો ! કાંઈ સમજો અને આ ''શિર્ક ! શિર્ક !''ની રટ લગાડતા બાતિલ ફિર્ક઼ાઓથી બચો ! લોકોને છેતરવા તેઓ પોતાને ''અહલે સુન્નત'' જાહેર કરે છે, પણ તેમના ધોકાથી બચો !

વળી હુઝૂર ﷺ સ્પષ્ટપણે જમીનના ખજાનાઓની માલિકી જાહેર કરી રહ્યા છે ! તો જેઓ એ અક઼ીદો રાખે છે કે, ''જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના માલિક અને મુખ્તાર નથી.'' *–(તક઼વિયતુલ ઈમાન, ગુજરાતી, કંથારીયા, જિ. ભરૂચ, પેજ–૧૨)* તે સાચા કે અલ્લાહના રસૂલ સાચા ?! કોના પર તમારું ઈમાન છે ?!

### ★ હાથના ઈશારાથી વાદળો વરસાવી દીધાં અને હટાવ્યાં પણ ! ★

*નહીં હૈ બેબસ વ મજબૂર, હૈ કુર્આન શાહિદ*
*નબી લેકર જહાંમેં હર તરહ ઈખ્તિયાર આયા*

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺના જાહેરી જમાનામાં એક વરસે દુકાળ પડયો અને એ વખતે જ્યારે કે હુઝૂર ﷺ જુમ્આના દિવસે ખુત્બો આપી રહ્યા હતા. એક ગામડાવાસી ઉભા થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ માલ તબાહ થઈ ગયા, બીબી બચ્ચાં ભૂખ્યાં છે, આપ અલ્લાહ ﷻથી અમારા માટે દુઆ કરો ! રસૂલુલ્લાહ ﷺએ પોતાના બંને હાથ દુઆ માટે ઉઠાવી આપ્યા.

રાવી કહે છે, એ વખતે અમે આસ્માન પર વાદળનો નાનો ટુકડો પણ જોતા ન હતા. ક઼સમ છે એ જાતની જેની કુદરતના કબજામાં મારી જાન છે ! રસૂલુલ્લાહ ﷺએ પોતાના હાથ નીચે પણ કર્યા ન હતા એટલામાં પહાડોની તરફથી વાદળ ઉઠયું અને હુઝૂર હજી મિમ્બર પર જ હતા એવામાં વરસાદનું પાણી હુઝૂરની દાઢીએથી ટપક્તુ, જોયું ! ત્યાં સુધી કે એ દિવસે દિવસભર વરસાદ પડતો રહ્યો, તેના પછી બીજા દિવસે પણ સતત વરસાદ વરસતો રહ્યો, અને ત્રીજા દિવસે પણ, ત્યાં સુધી કે આગલી જુમ્આ સુધી સતત વરસાદ પડતો રહ્યો.

પછી એ જ ગામડાવાસી અથવા કોઈ સહાબી જુમ્આના દિવસે ખુત્બા વખતે ઉભા થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ વરસાદની અધિક્તાથી મકાનો પડી ગયાં, માલ પશુઓ ડૂબી ગયાં, અલ્લાહથી અમારા હક્ક઼માં દુઆ ફર્માવી દો !

રસૂલુલ્લાહ ﷺએ પોતાના બંનેવ હાથો ઉઠાવ્યા અને ફર્માવ્યું, ''હે અલ્લાહ ! અમારી આસપાસ વરસાવ ! અમારી ઉપર ન વરસાવ, અમારી ઉપર ન વરસાવ ! **હુઝૂર પોતાના હાથ વડે જે તરફ ઈશારો કરતા વાદળ ફાટી જતુ !** અને મદીના ગોળ હોઝની માફક થઈ ગયું અને વાદીએ ક઼નાત એક મહિના સુધી વહેતી રહી. જે તરફથી જે પણ આવ્યો પુષ્કળ પ્રમાણમાં વરસાદની ખબર આપી. *(બુખારી શરીફ, ભાગ : ૧, પેજ : ૧૨૭, કિતાબુલ્ જુમ્અહ, બાબુલ ઈસ્તિસ્ક઼ાઈ ફિલ્ખુત્બતિ યૌમલ જુમ્અહ, જુમ્આના ખુત્બામાં વરસાદ માટે દુઆ કરવાનું બયાન, હદીષ : ૩૫૮૨)*

**હુઝૂર ﷺના અલ્લાહના આપેલા ઈખ્તિયારનો હજી શો પુરાવો હુઝૂરને**

**મઆઝલ્લાહ ! ''લાચાર બંદા'' કહેનારાઓને જોઈએ છે ?!** શું આ હદીષો એ દિલના આંધળાઓને દેખાતી નથી ?! મુસલમાનો ! સમજો ! અને એવા બદ્‌બખ્તોથી દૂર થઈને સગાઈ સંબંધ તોડો ! નહીં તો તેમની સગાઈ તથા દોસ્તી તમને તથા તમારી આવનારી આખી નસલને સાથે જહન્નમમાં લઈ જશે !

**★ જેને ચાહે તેને નવાઝી આપે ! આને કહે છે ઈખ્તિયાર ! ★**

કુર્આને પાકમાં છે :

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُو اللّٰهَ

''અને જ્યારે તેઓ પોતાની જાનો પર જુલ્મ કરે, તો **હે મહબૂબ ! તમારી બારગાહમાં હાજર થાય** અને અલ્લાહથી માફી માગે, **અને રસૂલ તેમની શફાઅત ફર્માવે તો** જરૂર અલ્લાહને ઘણો જ તૌબા કબૂલ કરનારો મહેરબાન પામશે.''

*(પારા : ૫, રુકૂઅ : ૬, અંબિયા–૬૩)*

ખુદા ખૂદ ફર્માવે છે કે **''તમારી બારગાહમાં હાજર થાય''** અને પછી **''રસૂલ તેમની શફાઅત ફર્માવે તો...''** શું આ રસૂલને ઈખ્તિયાર આપ્યાની જાહેરાત નથી ?!

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત ફર્માવે છે કે અમે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં બેઠેલા હતા. એવામાં એક સાહબ હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું હલાક થઈ ગયો ! હુઝૂરે ફર્માવ્યું, શું થયું ? અર્ઝ કરી, મેં રોઝાની હાલતમાં મારી પત્ની સાથે સંભોગ કરી લીધો છે.

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું તમારી પાસે કોઈ ગુલામ છે જેને આઝાદ કરી શકો ? તેણે કહ્યું, નહીં ! હુઝૂરે પૂછયું, શું તમે સતત બે મહિનાના રોઝા રાખી શકો છો ? તેણે અર્ઝ કરી, મારામાં બે મહિનાના રોઝા રાખવાની શક્તિ નથી. ફરી હુઝૂરે પૂછયું, શું તમે સાઈઠ મિસ્કીનોને ખાવા ખવડાવી શકો છો ? તેણે કહ્યું, મને એ પણ મયસ્સર નથી.

હવે થોડીવાર માટે રસૂલુલ્લાહ ﷺ અટકી ગયા. અમે લોકો પણ ખામોશ બેસી રહ્યા, એવામાં રસૂલુલ્લાહ ﷺની સેવામાં એક ટોપલો ખજૂર પેશ થયું. હુઝૂર ﷺએ ફર્માવ્યું, સવાલ કરનાર ક્યાં છે ? તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું હાજર છું. હુઝૂરે ફર્માવ્યું, આ ખજૂરને લઈ જાવ અને સદકો કરી આપો ! તેણે અર્ઝ કરી, આ ખજૂર તેમને આપવાનુ છે જે મારા કરતાં વધુ મોહતાજ છે ! યા રસૂલલ્લાહ ! ﷺ મદીનાના બંનેવ પથરીલા મેદાનોની વચ્ચે મારાં બીવી બચ્ચાંથી અધિક કોઈ મોહતાજ નથી ! હું કોને આપું ?

આ વાત સાંભળીને રસૂલુલ્લાહ ﷺ હસી પડયા, ત્યાં સુધી કે સામેવાળા દાંત દેખાવા લાગ્યા, પછી હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જાવ ! તમારાં ઘરવાળાંઓને જ ખવડાવી દો ! *(બુખારી શરીફ, ભાગ : ૧, પેજ : ૨૫૯, કિતાબુસ્સૌમ, બાબુન્ ઈઝા જામઅ ફી રમદ્‌ાન, હદીષ નં. ૧૯૩૬)* તેમજ *(બુખારી શરીફ, ભાગ : ૨, પેજ : ૮૯૯, કિતાબુલ અદબ, બાબુત્તબસ્સુમિ વદ્દિહક મુસ્કુરાવા તથા હસવા વિશે બયાન, હદીષ નં. ૬૦૮૭)*

આ હદીષથી જાણવા મળ્યું કે **હુઝૂર ﷺને એ ઈખ્તિયાર છે કે જેના માટે ચાહે જે હુકમમાં ચાહે તબદીલી કરી આપે.** આપે આપના ઈખ્તિયાર વડે જેના પર કફ્ફારો લાગુ હતો તેને જ તે કફ્ફારો ખૂદના માટે જાઈઝ કરી આપ્યો.

**★ ઓછી ઉંમરની બકરીની કુર્બાનીની ઈજાઝત ! ★**

હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈદે અદહા (બકરા ઈદ)ના દિવસે ખુત્બો આપ્યો તો ઈર્શાદ ફર્માવ્યો,

જેણે અમારી નમાઝની જેમ નમાઝ પઢી અને અમારી કુર્બાનીની જેમ કુર્બાની કરી આપી તો એની કુર્બાની સહીહ થઈ, અને જેણે નમાઝથી પહેલાં કુર્બાની કરી લીધી તો તે ગોશ્તની બકરી થઈ. એટલે આનો મક઼સદ કેવળ ગોશ્ત હાંસલ કરવું થયું, ન કે કુર્બાની !

આ વાત સાંભળીને હઝરત અબૂ બરદહ બિન નયાર رضی الله عنہ ઉભા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મેં તો ઈદગાહ જતા પહેલાં જ કુર્બાની કરી નાખી છે ! મેં એવો ખયાલ કર્યો કે આજે ખાવા પીવાનો દિવસ છે એટલા માટે મેં કુર્બાનીમાં જલ્દી કરી અને કુર્બાનીના ગોશ્તને ખૂદ ખાધો અને મારા ઘરવાળાં તથા પડોશીઓને પણ ખવડાવ્યો.

રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, તારી બકરી ગોશ્તની બકરી છે ! હઝરત અબૂ બરદહ رضی الله عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારી બકરીનું એક બચ્ચુ છે જે એક વરસથી ઓછાનું છે પરંતુ તે ગોશ્તની બે બકરીઓથી બેહતર છે, શું એની કુર્બાની મારા તરફથી પૂરતી થશે ? રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **હા ! પરંતુ તમારા બાદ ફરી કોઈ બીજાના માટે જાઈઝ થશે નહીં !** *(બુખારી શરીફ, ભાગ : ૧, પેજ : ૧૩૪, કિતાબુલ ઈદૈન, બાબુ કલામિલ ઈમામિ વન્નાસિ ફિલ્ખુત્બતિલ્ઈદિ વઈઝા સુઈલલ્ઈમામુ અન્શયઈન્ વહુવ યખ્તુબ, ઈદના ખુત્બામાં ઈમામ તથા મુક઼્તદીઓનું વાતચીત કરવું, અને ઈમામના ખુત્બા દરમ્યાન કાંઈક પૂછવા વિશે બયાન, હદીષ નં. ૯૮૩)*

મુસલમાનો ! આ છે હુઝૂર ﷺના ઈખ્તિયાર સંબંધી સહીહ બુખારી શરીફની અમુક હદીષો જે તમારા ઈમાનને તાજગી બખ્શી રહી છે, દિલોમાં ઈમાનનુ નૂર તેજ કરી રહી છે, તમારી આંખોને ઠંડક પહોંચાડી રહી છે. આ સિવાય પણ બુખારી શરીફમાં હુઝૂર ﷺના ઈખ્તિયારને જાહેર કરતી અનેક હદીષો છે તેમજ હદીષની અન્ય કિતાબો મુસ્લિમ શરીફ, અબૂ દાઊદ શરીફ, નસઈ, ઈબ્ને માજહ, તિર્મિઝી સિહાહ સિત્તહની સર્વ કિતાબો ઉપરાંત મિશ્કાત વગેરેમાં સહીહ હદીષો મૌજૂદ છે. સ્થળ સંકોચને કારણે આટલે જ અટકીએ છીએ.

દેવબંદી, વહાબી, અહલે ખબીષ–ગૈર મુક઼લ્લિદ વગેરે જેઓ "બુખારીમાં છે ? સિહાહમાં છે ?!"નું રટણ (દરેક બાબત જે હુઝૂર ﷺની શાન જાહેર કરતી હોય તેના બારામાં !) કરતા રહે છે તેઓના દિલમાં રતીભર નૂર બાકી હોય તો આને વાંચે અને પોતાની બદ્અક઼ીદગીથી તૌબા કરી લે. નહીં તો દિલના અંધકાર સાથે જહન્નમનું બળતણ બને !

સુન્ની મુસલમાનો ! ઈમાનની કિંમત સમજો ! આજે આ સર્વ બાતિલ ફિર્ક઼ા નબી ﷺની ગુસ્તાખીમાં પડેલા છે અને તમો છો કે તેમની સાથે ક્યાંક માલની લાલચમાં, ક્યાંક ધંધા વેપારની શરમમાં, ક્યાંક સગાઈની ફિકરમાં, ક્યાંક સત્તા કે વાહવાહના લોભમાં દોસ્તી, ઉઠક બેઠક, સગાઈ કરતા જ જાવ છો ! તો એનાથી તૌબા કરી લો અને તમારા હાથે તમો સુન્નિયતના પાયામાં ઘા ન કરો, નહીં તો કાલે ક઼યામતમાં રબ તઆલાને તથા રબના પ્યારા રસૂલ ﷺને શું જવાબ આપશો ?! સમજો ! કાંઈ સમજો ! અલ્લાહ તૌફીક઼ આપે. (આમીન)

*(બરકાતે ખ્વાજા, ઓગષ્ટ–૨૦૧૪)*




**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**ના મેમ્બર બનવા માટે
ફક્ત **રૂા. ૮૦૦/–** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! *–તંત્રી...*

| | | | | |
|---|---|---|---|---|
| બેંક ઓફ બરોડા | A/c. No. **34620100000301** Islamic Welfare Mission | **IFSC Code : BARB0DAYADR** પાંચમો અંક ઝિરો છે. | Phone pay Google pay **Mo. 9427464411** | WhatsApp No. **Mo.9664521477** |

# મેઅરાજમાં ખુદાના દીદાર વિશે વાંધાઓ અને તેના જવાબ

કાર્યાલય

**તૂરે મૂસા ઔર હૈ, અર્શે મુઅલ્લા ઔર હૈ**
**અપના જાના ઔર હૈ, ઉસ્કા બુલાના ઔર હૈ**

"પાક છે તે ઝાત જેણે સૈર કરાવી પોતાના બંદાને રાતોરાત મસ્જિદે હરામથી મસ્જિદે અકસા સુધી." *(સૂ. બની. ઈસ્રાઈલ, આ. ૧)*

શબે મેઅરાજ (૨૭ રજબ શરીફ) નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ રાતોરાત મસ્જિદે હરામથી મસ્જિદે અકસા પહોંચી ત્યાં સર્વ અંબિયાની ઈમામત કરી ત્યાર બાદ આસ્માનોની સૈર કરી, જન્નત તથા દોઝખનો મુશાહિદો કર્યો તથા રબ્બે કરીમના દીદારથી મુશર્રફ થયા. રબ તઆલાએ પોતાના મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ શાનો શૌકત સાથે બોલાવ્યા કે જન્નતને દુલ્હન જેમ શણગારવામાં આવી, હૂરોને સજાવવામાં આવી, જહન્નમની તીવ્રતાને નરમ કરવામાં આવી, આસ્માનોના ફરિશ્તાઓને બાઅદબ હાથ બાંધીને ઊભા રહેવાનો હુકમ થયો, આસ્માનોના દરવાજાઓના દરવાનોને ચાવીઓ સાથે બાઅદબ ઊભા રાખવામાં આવ્યા..... સારાંશ કે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબને ખૂબ ઈજ્જત આપી અને પોતાના દીદાર કરાવ્યા.

પણ રબના દીદાર બાબતે કેટલાક લોકો વાંધા રજુ કરીને તેનો ઈન્કાર કરે છે તો એના રદિયામાં આ લેખ રજુ કરીએ છીએ જેને વાંચો અને ઈમાનને મજબૂત બનાવો.

**ઔર કોઈ ગૈબ ક્યા તુમ સે નિહાં હો ભલા**
**જબ ન ખુદા હી છુપા તુમ પે કરોડોં દુરૂદ**

## ★ રબના દીદાર કરવા વિશે હદીષો ★

મરફુઅન હદીષો થકી ઈમામ અહમદ પોતાની "મુસ્નદ"માં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરે છે. ફર્માવે છે, **મેં મારા રબ عزوجل ને જોયો.** ઈમામ અલ્લામા જલાલુદ્દીન સિયૂતી "ખસાઈસે કુબરા" અને અલ્લામા અબ્દુર્રઉફ મુનાવી તયસીર શરહે "જામેઉસ્સગીર"માં ફર્માવે છે, આ હદીષ સનદ સાથે સહીહ છે.

ઈબ્ને અસાકિર હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہما થી રિવાયત કરે છે, હુઝૂર સૈયદુલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે કે, **"બેશક ! અલ્લાહ તઆલાએ મૂસા علیہ الصلوٰۃ والتسلیم ને કલામની દૌલત બખ્શી અને મને પોતાનો દીદાર અતા ફર્માવ્યો, મને શફાઅતે કુબરા અને હૌઝે કૌષરથી ફઝીલત બખ્શી."**

એ જ મોહદ્દિષ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما થી રિવાયત કરે છે : "રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, મને મારા રબ عزوجل એ ફર્માવ્યું, મેં ઈબ્રાહીમને મારી દોસ્તી આપી અને મૂસા સાથે કલામ ફર્માવ્યું અને હે મુહમ્મદ ! મવાજેહ બખ્શયું કે **બેપર્દા તથા બેહિજાબ તમને મારો જમાલે પાક દેખાડયો."**

હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہا થી રિવાયત છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સિદરતુલ્ મુન્તહાની સ્થિતિ બયાન ફર્માવી રહ્યા હતા. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હુઝૂરે તેની પાસે શું જોયું ? ફર્માવ્યું, **"મને તેની પાસે દીદાર થયો !"**

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મેઅરાજ શરીફમાં રબ તઆલાના દીદાર કર્યા તેના સમર્થનમાં આ ઉપરાંત

ઘણી હદીષો બયાન કરવામાં આવી છે. પરંતુ કેટલાક તેના ઈન્કારમાં અમુક વાંધાઓ રજુ કરે છે તો તેને રજુ કરીને તેની સ્પષ્ટતા કરવામાં આવે છે.

**વાંધાઓ :** હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે, જો કોઈ કહે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અલ્લાહને જોયો, તો મારાં રુવાંટાં ઊભા થઈ જાય છે. તદ્ઉપરાંત હઝરત આઈશા સિદ્દીકા ફર્માવે છે કે જે કહે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના રબને જોયો તેણે અલ્લાહ તઆલા પર ઘણી જ મોટી તોહમત બાંધી.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના માટે રબના દીદારના મુન્કિર છે, બલ્કે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે, મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી "સૂરએ વન્નજમ"ની આયત **વલકદ્ રઆહુ નઝ્લતન્ ઉખ્રા**ના વિશે સવાલ કર્યો તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, **ઈન્નમા રઅયતુ જિબ્રીલ મુન્હબિતન્.**

આ હદીષથી માલૂમ થયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم ને જોયા, અલ્લાહ તઆલાને નહીં.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસની હદીષથી પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થકી અલ્લાહના દીદાર ન થવું સાબિત થાય છે. એટલા માટે ઈમામ કસ્તલાની શારેહે બુખારીએ ફર્માવ્યું કે હદીષમાં જે "દના" અને "તદલ્લા"નો ઉલ્લેખ છે તે "સૂરએ નજ્મ"માં વર્ણન થયેલ "દના" અને "તદલ્લા"ના ગૈર છે. કેમ કે સૂરએ નજ્મમાં જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم ના "દના" "તદલ્લા" દીદારમાં મુરાદ છે.

વળી મુસ્લિમ શરીફમાં હઝરત અબૂઝરની હદીષ છે, જેમાં આવ્યું છે કે, મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને સવાલ પૂછયો કે હુઝૂર ! તમે અલ્લાહ તઆલાને જોયો છે ? તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, **નૂરુન્ અન્ના અરાહુ** "તે નૂર છે, હું તેને કેવી રીતે જોઈ શકુ છું !" એ ઉપરાંત માથા મુબારકની આંખ વડે રબ તઆલાને જોવાની નફી (ઈન્કાર) હદીષમાં પણ આવેલ છે, જેમ કે "રૂહુલ મઆની" વગેરેમાં મૌજૂદ છે અને લુત્ફની વાત એ છે કે એના રાવી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ છે.

તેમજ એ દીદાર સમય, દિશા, તથા દિશાનું અંતર અને જે તે ચીજના ઘેરાવ વિના અશક્ય છે. જો દીદારે અયનીને સાબિત કરવામાં આવે તો અલ્લાહ તઆલાના માટે મઆઝલ્લાહ ! દિશા, સમય, અંતર અને મર્યાદા (હદબંધી) સર્વ સાબિત થઈ જશે !"

**જવાબ :** અહીં વાંચકોને સરળતાપૂર્વક સમજમાં આવે એ રીતની જરૂર પૂરતી રજુઆત કરવામાં આવશે.

ઈમામ અહમદ رضی اللہ عنہ ને પૂછવામાં આવ્યું કે આપ જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને અલ્લાહને જોવું સાબિત કરો છો, તો હઝરત આઈશા رضی اللہ عنہا ની હદીષનો શો જવાબ આપશો કે તેમણે ફર્માવ્યું કે હુઝૂરે અલ્લાહને નથી જોયા ! તો હઝરત ઈમામ અહમદ رضی اللہ عنہ એ જવાબ આપ્યો કે હું હઝરત આઈશાની હદીષનો જવાબ હુઝૂરની હદીષ મુબારકથી આપીશ. હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم એ ફર્માવ્યું, **રઅયતુ રબ્બી.** હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم નો કૌલ મુબારક હઝરત આઈશાના કૌલ (કથન)થી ઘણો મહાન અને ભારે છે.

*(ફત્હુલ્ બારી)*

અને ઈમામ અહમદથી જ રિવાયત થયેલ છે. જ્યારે તેમને પૂછવામાં આવતું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અલ્લાહ તઆલાને જોયો છે ?! તો આપ ફર્માવતા, "હા ! હા ! જોયો છે...! સતત કહેતા રહેતા એટલે સુધી કે શ્વાસ સુધી તૂટી જતો." *(રૂહુલ મઆની, માખૂઝ, અઝ : ફત્હુલ્ મુલ્હિમ, પેજ—૩૩૮)*

**હઝરત અબૂઝર** رضی اللہ عنہ **ની હદીષ :** હઝરત અબૂઝર ફર્માવે છે, મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પૂછયું, હુઝૂર ! આપે અલ્લાહને જોયો ? તો ફર્માવ્યું, **નૂરુન્ અન્ના અરાહુ.** "મેં તેને જ્યાંથી પણ જોયો તે નૂર જ નૂર છે." એ જ પ્રમાણે તેમની બીજી હદીષ છે જે એના પછી મુસ્લિમ, ભાગ—૧ માં વર્ણન થયેલ છે. હઝરત અબૂઝર ફર્માવે છે કે મારા જોવા વિશેના સવાલના જવાબમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ

ફર્માવ્યું, **રઅય્તુ નૂરન્**. "મેં નૂરને જોયું" આ બંને હદીષોમાં "નૂર" શબ્દથી નૂરનો મશહૂર માયનો મુરાદ નથી. કેમ કે નૂર એક "અર્દ" (જે પોતાના વજૂદમાં બીજાનો મોહતાજ હોય) છે. (મઆઝલ્લાહ !) અલ્લાહ તઆલા "અર્દ" તથા "જૌહર"થી પાક છે. બલ્કે અહીં નૂરથી ઝાતની તજલ્લી મુરાદ છે અને અર્થ એ છે કે, "મેં જ્યાંથી પણ જોયું ઝાતની તજલ્લીને જોઈ."

હઝરત ઈકરમાએ જયારે રૂયતે બારી તઆલા (ખુદાના દીદાર)ની અશક્યતાના બારામાં આયતે કરીમા **લા તુદરિકુહુલ્ અબ્સાર**થી દલીલ કરી તો હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ જવાબ આપ્યો, **વય્હક ઝાલિક ઈઝા તજલ્લા બિનૂરિહિલ્લઝી હુવ નૂરુહૂ** તારા પર અફસોસ છે ! દીદાર ન પામવું તો ત્યારે છે કે અલ્લાહ તઆલા પોતાના તે નૂરની સાથે તજલ્લી ફર્માવે જે તેનું નૂર છે. એટલે ગૈર મુત્નાહી (અસીમ) ઝહૂરની તજલ્લી ફર્માવે, જેનો ઈદરાક (પામવુ) અને ઘેરાવ કરવો અશક્ય છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ દીદાર કર્યો એ ગૈરમુત્નાહી ઝહૂરનો ઘેરાવ નથી, જેના (ઘેરાવ કરી લેવાના) અશક્ય હોવાનું આયત **લા તુદ્રિકુહુલ્ અબ્સાર**થી સાબિત કરાવમાં આવે. *(રૂહુલ મઆની, પારા–૨૭, પેજ–૪૫)*

જે હદીષોમાં દીદારની નફી (નકાર) છે તે સૌ એ પ્રમાણેના દીદાર પર આધારિત છે જે "ઘેરાવની સાથે" હોય. (નજરોમાં સંપૂર્ણ ઘેરાઈ જાય.) હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا નું આયતે કરીમા **લા તુદરિકુહૂલ્ અબ્સાર**થી દલીલ કરવું એ તેનો સ્પષ્ટ પ્રકાર છે. કેમ કે ઈદરાક (પામી લેવું) ઘેરાવને કહે છે. અને ઘેરાવનો ઈન્કાર એ મુત્લક જોવાની નફી (નકાર) માટે લાગુ થતી નથી. એ જ પ્રમાણે રૂયતે અયની (દીદારે અયની)ની નફી (નકાર) વિશે છે. **જમ્અન બય્નલ અદિલ્લાહૂ.** કેમ કે આગળના લખાણોમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના માટે અલ્લાહ તઆલાની રૂયતે અયની (અયની દીદાર માથાની આંખો વડે)ની સાબિતીમાં સ્પષ્ટ અને સાફ હદીષ (જેની સનદો સહીહ અને અતિ મજબૂત છે) વાંચકો સમક્ષ રજુ કરવામાં આવેલી છે. નફી (નકારવું)એ સાબિતીથી વિરૂધ્ધ છે, માટે હવે વિવાદના નિવારણની એ જ સ્થિતિ હોઈ શકે છે કે નકારનારી (નફીવાળી) તમામ હદીષો "ઘેરાવ સાથે દીદાર" પર અવલંબિત અનુમાનવામાં આવે, નહીં તો ટકરાવ દૂર થશે નહીં. અને જો આ રીતે વિવાદ (ટકરાવ) દૂર કરવામાં ન આવે તો પછી ઉસૂલી તૌર પર અમારા તરફથી એ જ જવાબ હશે કે જે "તફસીરે મઝહરી"એ આપ્યો છે :

"ખુદાના દીદારની હદીષોના મુકાબલામાં હઝરત ઈબ્ને મસ્ઊદ અને હઝરત આઈશાના કથનો નફીની સાક્ષી પૂરે છે. અને જાહેર છે કે સાબિતીની સાક્ષીઓ અધિક્તર થાય છે જેથી દીદારની નફી (નકાર)નો કૌલ મરજૂઅ (રુજૂઅ કરેલો, પાછો ખેંચેલો) ઠરશે."

એનું દૃષ્ટાંત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું કા'બા શરીફની અંદર નમાઝ પઢવું છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના (ખાનએ કા'બાની અંદર) નમાઝ પઢવાની "નફી" કરે અને હઝરત બિલાલ رضی اللہ عنہ તેને (પઢવાને) "સાબિત" કરે છે અને ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખાનએ કા'બાની અંદર નમાઝ પઢી. નકાર તથા હકાર બંનેની હદીષો સહીહ બુખારીમાં મૌજૂદ છે. મુહદ્દિષોએ આ વિવાદને એ રીતે હલ કર્યો કે ઈસ્બાત (સાબિતી) નફીથી બેહતર છે, જેથી સાબિતીની હદીષ પર સરસાઈ પામશે. (રાજેહ થશે.)

## ★ દીદારે ઈલાહીના મસ્અલા વિશે અંતિમ શબ્દો ★

ઈમામ કસ્તલાની رحمۃ اللہ علیہ એ "મવાહિબે લદુનિય્યહ્"માં ઉસ્તાઝ અબ્દુલ અઝીમ મહદી رحمۃ اللہ علیہ નો કૌલ નકલ કર્યો છે, જેનો ખુલાસો અંતમાં રજુ કરીએ છીએ :–

''હુઝૂર ﷺ જ્યારે મેઅરાજની સફરથી પાછા આવ્યા તો હુઝૂર ﷺ એ દરેકને તેની બુદ્ધિ અને મર્તબા પ્રમાણે હાલતો વર્ણવી. કાફિરોને જેઓ સૌથી નીચે અને અતિશય પસ્તીમાં હતા તેમને કેવળ ''આલમે અજસામ''ની વાતો બતાવી. દા.ત. મસ્જિદે અકસાની સ્થિતિ જે તેઓને પહેલેથી જાણમાં હતી અથવા માર્ગના કાફલાની સ્થિતિ બતાવી જે વહેલી તકે તેમના સુધી આવી ગયા. જેના કારણે તેમનાં દિલો આ પ્રસંગમાં હુઝૂર ﷺ નું સમર્થન કરવા મજબૂર થઈ ગયાં. ત્યારબાદ હુઝૂર ﷺ એ (મેઅરાજનો વાક્યો બયાન કરવામાં) કાંઈક તરક્કી કરી અને આસ્માનો પર તશરીફ લઈ જવાના અને ત્યાંની અજીબો ગરીબ ચીજોનો અનુભવ વર્ણન કર્યો. પરંતુ દરેક સહાબીને તેની હાલત પ્રમાણે ખબર આપી. જે, જે મર્તબાના હતા તેની સાથે તેના મુજબ વાત કરી. અને સાતેવ આસ્માન સુધીની વિગતો રોકટોક વિના વર્ણવી.

(પ્રસંગો વર્ણવતાં) હુઝૂર ﷺ જ્યારે મકામે જિબ્રઈલ પર પહોંચ્યા તો ઉફકે મુબીનની વાત બતાવી અને તેનાથી ઉપરના મકામ **''દના ફતદલ્લા''** અને **ફઅવ્હા ઈલા અબ્દિહુ મા અવ્હા**નું તે બુલંદ મુકામ જ્યાં મખ્લૂકાતની કલ્પનાઓ પણ ખત્મ થઈ જાય છે અને અલ્લાહ સિવાય તમામ સૂરતો અદ્રશ્ય થઈ જાય છે, એ બારગાહે અકદસની ખબર પર સહાબાએ કિરામને (તેમના મર્તબાને અનુરૂપ) આપી. આ મેઅરાજનું બયાન જાણે કે સાંભળનાર સહાબાઓ માટે મર્તબા મુજબની મેઅરાજ હતી, એટલા માટે દરેકે એમાં પોતાના મર્તબા પ્રમાણે હિસ્સો લીધો. કોઈ મકામે જિબ્રઈલ (ના બયાન) સુધી રહ્યું, કોઈ રૂયતે ફવાદ તથા બસીરત સુધી પહોંચ્યું અને કોઈને રૂયતે (દીદાર) અયનીના બયાનનો હિસ્સો નસીબ થયો. એટલા માટે કોઈએ કહ્યું કે, હુઝૂર ﷺ એ જિબ્રઈલ عليه السلام ને જોયા, તેણે પણ સાચુ જ કહ્યું, કોઈએ કહ્યું, હુઝૂર ﷺ એ અલ્લાહ તઆલાને જોયો, તેની વાત પણ હક્ક છે. વળી જેના હિસ્સામાં રૂયતે કલ્બીનું બયાન આવ્યું તેણે કલ્બી (દિલથી) દીદારનું બયાન કર્યું અને જેણે અયની દીદારની વાત સાંભળી તેણે સાફ કહ્યું કે મુહમ્મદ મુસ્તફા ﷺ એ પોતાના માથા મુબારકની આંખો વડે પોતાના રબને જોયો. સારાંશ એ કે દરેકે પોતાના મર્તબા અને મકામ મુજબની વાત કરી અને યકીનન સાચી વાત કરી. જ્યારે આ હકીકત સ્પષ્ટ થઈ ગઈ તો સારી પેઠે જણાઈ ગયું કે જિબ્રઈલના દીદાર તથા રબ તઆલાના કલ્બી દીદાર તથા અયની દીદારના વિશે સર્વ મકામો અને તેના વિશેના મતભેદપૂર્ણ કથનો સર્વ સાચાં છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ, હઝરત આઈશા સિદ્દીકા, હઝરત કઅબ કરઝી, હઝરત અબૂઝર ગફ્ફારી, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ સૌ હક્ક પર છે.''
*(મવાહિબે લદુનિય્યહ, ભાગ–૩, પેજ–૩૭/૩૮)*

**વળી અંતિમ વાંધો** કે દિશા, સમય અને અંતર તથા મર્યાદા વગેરેનો ઉલ્લેખ કરી જે માણસ દીદારે ઈલાહી બાબતે વાંધો ઉઠાવતો હોય તેને પૂછવામાં આવે કે તે આખેરતમાં મો'મિનોને અલ્લાહનો દીદાર થશે એવું માને છે કે નહીં ? જો તે માને છે કે આખેરતમાં મો'મિનોને અલ્લાહ તઆલાનો દીદાર થશે, તો તેને અમારો પ્રશ્ન છે કે તે દીદાર દિશા, અંતર, મુકાબલા (સામનો) વગેરેથી થશે કે નહીં ? જો કહે કે વગર મુકાબલે તથા દિશાએ મો'મિનોને અલ્લાહનો દીદાર થશે. તો અમારું પણ કહેવું છે કે એ જ રીતે મેઅરાજની રાત્રે હુઝૂર ﷺ ને પણ દીદાર થયો. અને આ દુનિયવી જીવનમાં સરકાર ﷺ ની જ એ વિશિષ્ટતા છે કે આપે માથાની આંખો વડે પોતાના રબના દીદાર કર્યા. આપના જેવો પૂરી દુનિયામાં કોઈ માણસ નથી થયો ન થશે કે જેણે આ જીવનમાં હુઝૂર ﷺની જેમ રબના દીદાર કર્યા હોય. આ પરથી તે વહાબીઓ જેઓ હુઝૂરને પોતાના જેવા માનવ કહે છે તેઓ સબક લે અને હઠધર્મી તથા ગુમરાહીથી તૌબા કરે.

વળી જો આ દીદાર સંબંધે વાંધો ઉઠાવનાર જો આખેરતમાં મો'મિનોને રબના દીદાર થશે એનો વિરોધી હોય તો તે કેટલીયે આયતો તથા હદીષોનો ઈન્કાર કરીને બદ્અકીદાના જહન્નમી ગિરોહ **મોઅતઝલા**માં દાખલ થાય છે, જેથી તેને તેના હાલ પર છોડી મૂકીએ છીએ. *(સંપૂર્ણ)*



# હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہ ની કેટલીક કરામતો

કાર્યાલય

હુઝૂર ગરીબનવાઝ સુલ્તાનુલ હિંદ સરકાર મુઈનુદ્દીન ચિશ્તી સંજરી અજમેરી رحمۃ اللہ علیہ થકી ઘણી મશહૂર કરામતો જાહેર થયેલી. આપ નજીબુત્તરફૈન સૈયદ છે. હિંદુસ્તાનના વલીઓના સરદાર છે. આપના દસ્તે હક્ક્ પરસ્ત પર આપની કરામતો તથા આપના અખ્લાકે કરીમાના જોઈને લાખો લોકોએ આપના નાનાજાનના ધર્મ ઈસ્લામનો સ્વીકાર કર્યો હતો. અત્રે આપ હઝરતની અમુક કરામતોનો ઝિક્ર કરીએ છે.

**દરેક રાત્રે તવાફે કા'બા માટે જવું :** આપના જાનશીન તથા ખલીફએ અવ્વલ કુતબુલ અક્તાબ હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہ બયાન કરે છે કે, હઝરત ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہ દર વર્ષે અજમેરથી ખાનએ કાબા જયા કરતા હતા. પરંતુ જ્યારે એમનું કામ કમાલિયત પર પહોંચી ગયું, એટલે કે જ્યારે આપ કમાલના દરજાએ બિરાજમાન થઈ ગયા તો હાજી હજના માટે જયા કરતા તેઓ આપને ત્યાં જોતા, જ્યારે કે આપ ઘરમાં ગોશાનશીન રહ્યા કરતા હતા. છેવટે જાણવા મળ્યું કે ખ્વાજા મુઈનુદ્દીન رحمۃ اللہ علیہ દરેક રાત ત્યાં પસાર કર્યા કરતા, અને સવારની નમાઝ બાજમાઅત પોતાના ઘરે અદા કરતા હતા.

*(ફવાઈદુસ્સાલેકીન)*

**મુસાફા માટે હાથ બહાર કાઢવો :** હઝરત મૌલાના જલાલુદ્દીન બુખારી મખ્દૂમ જહાનિયાં જહાંગશત رحمۃ اللہ علیہ હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہના આસ્તાના પર પોતાની હાજરીનો ઉલ્લેખ કરતાં ફર્માવે છે કે, અજમેરની ભૂમિમાં ચિશ્તી સિલસિલાના સરદાર હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ આરામ ફર્માવી રહ્યા છે. આપની કબ્ર શરીફ પાસે દાડમનું એક ઝાડ હતું જેની એ ખાસિયત હતી કે જે શખ્સ સાત અનાર ખાય લેતો તે વલી બની જતો, અને જેણે પણ ઔલાદની તમન્ના સાથે ખાધુ ખાધુ તેને હક્ક્ તઆલાએ ફરઝંદ અતા કર્યુ. હિંદમાં આપના જ દમ કદમથી ઈસ્લામ આવ્યો. ફકીર જ્યારે આપના મઝાર પર હાજર થયો તો અર્ઝ કરી, "અસ્સલામુ અલૈકુમ ! યા ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી ! આપનો દસ્ત મુબારક આપો કે દસ્તબોસી કરું !" એ જ વખતે મઝાર મુબારકથી એક નૂરાની હાથ બહાર આવ્યો અને સલામનો જવાબ પણ મળ્યો. મેં મુસાફા તથા દસ્તબોસીનો શરફ હાંસલ કર્યો.

**કબ્ર શરીફથી સલામનો જવાબ આવ્યો :** નકલ થયેલ છે કે હઝરત શહેનશાહ ઓરંગઝેબ આલમગીર عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ જયારે ગરીબનવાઝ رحمۃ اللہ علیہના આસ્તાના પર હાજરી આપવા પ્રથમ વાર અજમેર શરીફ હાજર થયા તો તેમના દિલમાં એક ખયાલ પેદા થયો કે હું શરઅ શરીફ પ્રમાણે સરકાર ગરીબનવાઝમાં સલામ પેશ કરીશ, જેવું કે બતાવવામાં આવે છે કે હઝરત ખ્વાજા પોતાની કબ્ર શરીફમાં ઝિંદા છે. જો આપ ખરેખર ઝિંદા છે તો મારા સલામનો જવાબ આવવો જોઈએ, કેમ કે સલામ કરવી સુન્નત અને જવાબ આપવો વાજિબ છે. જો જવાબ ન આવ્યો તો હું દરગાહને શહીદ કરાવી દઈશ. જેથી જ્યારે આપ સરકાર ગરીબનવાઝના આસ્તાના પર હાજર થયા તો મોટા અવાજે સલામ મસ્નૂન પેશ કરી. તેમની સલામના જવાબમાં કબ્ર શરીફથી અવાજ આવ્યો, "વ અલૈકુમ સલામ ! આલમગીર હુજ્જતી !" શહેનશાહ આલમગીર આ બનાવથી ઘણા જ ખુશ થયા અને ગરીબનવાઝ رحمۃ اللہ علیہની રૂહાની બુઝુર્ગી

તેમના દિલમાં અધિક બેસી ગઈ. *(મુઈનુલ અરવાહ, ૨/૩૧૭, સીરતે ગરીબનવાઝ, પેજ–૩૬૨)*

**છ રોટલીઓ ઈનાયત ફર્માવી :** ગંજે શકર હઝરત બાબા ફરીદુદ્દીન رحمۃ اللہ علیہની ખિદમતમાં આપના એક મુરીદે અર્ઝ કર્યું કે હુઝૂર ! એક દિવસે એક ખ્વાબ જોયો હતો કે હઝરત ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہએ મને છ રોટલીઓ અર્પણ કરી. એ દિવસથી આજ સુધી ૬૦ વરસોનો લાંબો અરસો ગુજરી ગયો મને એ વઝીફો સતત પહોંચી રહ્યો છે, એટલે મને દરરોજ છ રોટલીઓ મળતી રહે છે. હઝરત ગંજ શકર બાબા ફરીદુદ્દીને ફર્માવ્યું, એ ખ્વાબ ન હતો બલ્કે હક્ક તઆલાનો કરમ હતો કે હઝરત ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہએ તારા પર મહેરબાની કરી કે જેથી તું મુફલિસીમાં ન સપડાય." *(મસાલિકુસ્સાલિકીન, ૨/૨૮૬)*

**કત્લ થયેલ ઝિંદા થઈ ગયો :** નકલ થયેલ છે કે એક શખ્સને સમયના હાકિમે વિના વાંકે ફાંસીની સજા અપાવી દીધી. હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہ વુઝૂ કરી રહ્યા હતા એવામાં કત્લ થનારની મા રડતી કકડતી આપની ખિદમતમાં હાજર થઈ, અને પોતાના પુત્રને નિર્દોષ બતાવીને આપનાથી ઈન્સાફ તથા રહમની ભીખ માગવા લાગી. આપ પોતાનો અસા મુબારક લઈને તે સ્ત્રીની સાથે ચાલી નીકળ્યા. સૂફીઓ, ખાદિમો તથા અન્ય ઘણા હઝરાત પણ આપની સાથે થઈ ગયા. કત્લ થનાર હજી ફાંસીના તખ્તા પર જ હતો. આપ એની નજીક પહોંચી ગયા અને પોતાના અસા મુબારકથી એના તરફ ઈશારો કરીને ફર્માવ્યું, "હે મઝલૂમ ! જો તને નિદોર્ષ કત્લ કરવામાં આવ્યો છે તો ખુદાના હુકમથી જીવતો થઈને ફાંસીના તખ્તાથી નીચે આવી જા !" આપનું આ ફર્માવવું હતું કે કત્લ થનાર રબના હુકમથી ઝિંદા થઈ ગયો અને ફાંસીના તખ્તાથી ઉતરીને આપના કદમોમાં પડી ગયો અને આપનાથી ફયઝયાબ થયા બાદ પોતાની મા સાથે ઘરે ચાલ્યો ગયો. *(મસાલિકુસ્સાલિકીન, ૨/૨૮૫)*

**બાળક માના પેટમાં બોલી ઉઠયું :** એકવાર કુતબુલ અકતાબ હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہ શહનશાહે હિંદ સુલ્તાન શમ્સુદીન અલ્તમશના હાથમાં હાથ રાખીને સૈરો તફરીહ કરી રહ્યા હતા. કેટલાક અમીરો તથા વઝીરો પણ સાથે હતા કે એ દરમિયાન એક બદકાર સ્ત્રીએ સુલ્તાનની સમક્ષ આવીને ફરિયાદ કરી, હુઝૂર ! મારા નિકાહ કરાવી દો નહીં તો હું અલ્લાહના અઝાબમાં સપડાય જઈશ. સુલ્તાને કહ્યું, તું કોની સાથે નિકાહ કરવા ચાહે છે ? તે બદકાર સ્ત્રીએ હઝરત કુત્બુદ્દીનની તરફ ઈશારો કરતાં કહ્યું કે આ પુરૂષ સાથે ! અને તેણીએ આપના પર એ ધૃણાજનક આક્ષેપ મૂક્યો કે, આ કુત્બુલ અકતાબ બનીને ફરે છે અને (નઊઝુબિલ્લાહિલ અઝીમ) એમણે મારી સાથે હરામકારી કરી છે ! પછી પોતાના પેટ તરફ ઈશારો કરીને કહ્યું કે આ એમનો હમલ છે !

હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہએ ફાહિશા સ્ત્રીને બેહૂદા વાતો સાંભળીને શરમથી પસીના પસીના થઈ ગયા તથા બાદશાહ, વઝીરો, અમીરો સૌ મંત્રમુગ્ધ થઈ ગયા. આપે એ જ વખતે અજમેર શરીફની તરફ મોં કરીને ફર્માવ્યું, યા પીર મુર્શિદ ! મારી મદદ ફર્માવો ! આપનું આવું ફર્માવતાં જ હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہ આવતા નજરે પડયા. આપે તથા બાદશાહે કદમબોસી કરી, હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, બેટા ! શું વાત છે કે મને યાદ કર્યો ? હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہની આંખો વરસી પડી અને આપે રડતાં રડતાં પૂરો બનાવ કહ્યો. હુઝૂર ગરીબનવાઝ પોતાના મુરીદને રડતો જોઈને મહોબ્બતના આવેશમાં તડપી ઉઠયા અને બદકાર સ્ત્રીના પેટની તરફ ઈશારો કરતાં ફર્માવ્યું, હે બાળક !

તું જ બતાવ ! તારી મા કુતુબ સાહબને તારો બાપ બતાવે છે, શું આ સાચુ છે ? પોતાની માના પેટથી બાળક તરત જ બોલી ઉઠયું, ''હુઝૂર ! આ આક્ષેપ સરાસર ગલત છે. આ સ્ત્રી અત્યંત ફાસિક્, ધોકાબાઝ તથા બદકાર છે. હું કદાપિ કુતુબ સાહબનો પુત્ર નથી !'' તે સ્ત્રીએ જ્યારે પોતાના પુત્રની વાત સાંભળી તો પોતાની ભૂલ સ્વીકારીને માફી માગવા માંડી અને રાઝ ખોલ્યું કે કુતુબ સાહબના દુશ્મનોએ એમના પર આક્ષેપ લગાડવા માટે મને તૈયાર કરીને મોકલી હતી. *(મસાલિકુસ્સાલિકીન, ૨/૨૮૬)*

**હાથી પથ્થરનો બની ગયો** : હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہને અજમેરમાં રોકાણ કર્યે હજી એક અરસો ગુજર્યો હતો એવામાં પૃથ્વીરાજના ઈશારા પર તેના કાર્યકરોએ પોતાની ફિતરી શરારતને પ્રદર્શિત કરતાં એક મસ્ત હાથી આપની તરફ દોડાવી દીધો. જેવો તે મસ્ત હાથી આપની નજીક પહોંચ્યો તો આપે જમીનથી થોડીક સરખી માટી ઉઠાવીને એ હાથીની તરફ ફેંકી દીધી. જેવી આપે માટી ફેંકી કે તરત તે હાથી પથ્થરનો બની ગયો !

હાથીની નિસ્બતથી અજમેર શરીફમાં આજે પણ એક મહોલ્લો ''હાથીવાડા''ના નામથી મૌજૂદ છે. એ લોકોએ પથ્થરનું પૂતળુ બનેલ હાથીને તો ત્યાંથી હટાવી દીધો પરંતુ તેના નામથી સંબંધિત મહોલ્લાનું નામ હજી સુધી બદલી શક્યા નથી.

**ખાનએ કા'બા બતાવી દીધો** : નકલ થયેલ છે કે હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہ મદીના મુનવ્વરાથી હિંદુસ્તાન આવતાં સમરકંદમાં રોકાયા હતા. એક દિવસ ફકીહે આ'ઝમ સમરકંદ હઝરત ખ્વાજા ફકીહ અબુલ લૈષ સમરકંદી رحمۃ اللہ علیہના મકાન સાથે આવેલી મસ્જિદના બારામાં એક શખ્સે વાંધો ઉઠાવ્યો કે આ મસ્જિદના કિબ્લાની દિશા સહીહ નથી.

હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہ પણ એ મસ્જિદમાં નમાઝ અદા કરતા હતા. આપે પ્રથમ તો એ શખ્સને સમજાવ્યો કે એની દિશા બિલ્કુલ સહીહ છે, પણ તે ના જ પાડતો રહ્યો અને પોતાની વાત પર અડેલો રહ્યો. આપને જલાલ આવી ગયો અને તેને ગરદન પકડીને કહ્યું, જો સામે જો ! તેણે જોયું તો ખાનએ કા'બા તેની નજરો સામે હતો ! જેનાથી તેને યકીન થઈ ગયું કે આ મસ્જિદની કિબ્લાની દિશા તદ્દન સહીહ છે.

**મઝલૂમ નવાઝી** : એકવાર એક મુરીદે આપની ખિદમતમાં હાજર થઈને પોતાની પરેશાની વર્ણવી કે, હુઝૂર ! શહેર વાલી (હાકિમ) મને શહેરથી તડીપાર કરવા ચાહે છે, તેણે અલ્લાહ عزوجلની મખ્લૂકને ખૂબ જ પરેશાનીમાં સપડાવી દીધી છે. આપે પૂછયું, અત્યારે એ જાલિમ ક્યાં છે ? મુરીદે અર્ઝ કરી, હમણા એ થોડીવાર પહેલાં સવાર થઈને શિકાર ખેલવા ગયો છે. આપે ફર્માવ્યું, તેણે ખતા કરી, જો તે ઝિંદા સલામત આવી ગયો તો ઘણા જ આશ્ચર્યની વાત ગણાશે. થોડીવારમાં સાંભળવામાં આવ્યું કે શહેરનો વાલી ઘોડાથી પડીને મરી ગયો.

*(અસ્રારુલ અવલિયા, પેજ–૯૨)*

**ગયબની ખબર આપી** : નકલ થયેલ છે કે ઉદયપુરથી એક શખ્સ હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી, ફલાણા જાગીરદારે હઝરતનો પૂરાણો કુર્તો મંગાવ્યો છે. આપે ફર્માવ્યું, જાવ ! હવે એને કુર્તાની જરૂરત નથી. જ્યારે તે શખ્સ ઉદયપુર પાછો આવ્યો તો જાણવા મળ્યું કે એ જાગીરદારનું મૃત્યુ થઈ ગયું છે.

**કોઢથી નજાત મળી ગઈ** : હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہની બારગાહમાં એક

જાગીરદાર હાજર થયો. તે કોઢની બીમારીના કારણે ખૂબ જ પરેશાન હતો. તેણે અર્ઝ કર્યું, હું ખૂબ જ ઈલાજ કરાવી ચૂક્યો છું પરંતુ કોઈ રીતે મને આ મૂઝી બીમારીથી છૂટકારો નથી મળતો, આપની નિગાહે કરમનો તાલિબ છું. આપે એક માટીના ગ્લાસમાં પાણી મંગાવીને એમાંથી થોડુક પોતે પીધું અને બચેલુ પાણી એ કોઢવાળા જાગીરદારને પીવડાવી દીધું. અલ્લાહ તઆલાના ફઝ્લો કરમથી તેને કામિલ શિફા હાંસલ થઈ ગઈ અને તે ખુશી ખુશી પરત થઈ ગયો.

*(સીરતે ખ્વાજા ગરીબનવાઝ, પેજ–૩૦૮)*

**ખૂબસૂરત છોકરો પેદા થયો :** નકલ થયેલ છે કે એક રઈસ શખ્સની પત્નીના પેટથી એક પછી એક સાત છોકરીઓ પેદા થઈ ચૂકી હતી. તે છોકરીઓની અધિકતાના કારણે ખૂબ જ પરેશાન તથા પોતાની પત્નીથી સખત નારાજ હતો. તેણે પોતાની પત્નીને કહ્યું કે જો આ વખતે પણ છોકરી પેદા થઈ તો હું બીજી શાદી કરી લઈશ. તેની પત્ની હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہની બારગાહમાં હાજર થઈ અને અર્ઝ કરી, હુઝૂર ! હું ફરી સગર્ભા છું, આ વખતે અલ્લાહ عزوجلથી મને પુત્ર અપાવી દો ! નહીં તો મારો પતિ બીજી શાદી કરી લેશે. આપે ફર્માવ્યું, "જા તારો મક્સદ પૂરો થશે !" હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہની નજરના ફયઝાનથી થોડા મહીના બાદ તેના પેટથી ખૂબ જ ખૂબસૂરત પુત્ર પેદા થયો. *(સીરતે ખ્વાજા ગરીબનવાઝ, પેજ–૩૦૯)*

**બાગ લીલોછમ હર્યોભર્યો થઈ ગયો :** અજમેર શરીફથી થોડાક કિ.મિ.ના અંતરે એક ખૂબસૂરત બાગ હતો જેનાં સર્વ ઝાડો કોઈક કારણસર સૂકાય ગયાં. બાગનો માલિક ઘણો જ પરેશાન થયો. તે હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہનો અક્રીદતમંદ હતો. તે એક દિવસ આપની બારગાહમાં હાજર થયો અને અર્ઝ કરી, હુઝૂર ! બાગના ઝાડો તદન સૂકાઈ ગયાં અને ફળફૂલ વિનાનાં થઈ ગયાં છે. આપે માટીના લોટામાં પાણી ભરીને આપ્યું અને ફર્માવ્યું, આ પાણી તેમનાં મૂળોમાં રેડી દો. તે શખ્સ પાણી લઈને ગયો અને આપના હુકમ પર અમલ કરતાં તેને ઝાડોનાં મૂળોમાં રેડી દીધું. અલ્લાહ عزوجلના ફઝ્લથી તે બાગ હરીયાળો અને ફળફૂલવાળો થઈ ગયો. *(સીરતે ખ્વાજા ગરીબનવાઝ, પેજ–૩૦૯)*

**ગાય જીવતી થઈ ગઈ ! :** નકલ થયેલ છે કે હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہ જે દિવસોમાં પોતાના સાથીઓની સાથે અનાસાગરની પાસે રોકાયેલા હતા ત્યાં નજીકમાં એક ગરીબ સ્ત્રી રહેતી હતી. તેણી પાસે એક ગાય હતી જેનું દૂધ વેચીને તે પોતાની જિંદગી પસાર કરતી હતી. સંજોગોવસાત તે ગાય મરી ગઈ તો તે સ્ત્રીને ખૂબ જ અફસોસ થયો. અને ચોધાર આસુંએ રડવા લાગી. આપનાથી તેનું રૂદન ન જોઈ શકાયું. આપે અલ્લાહ عزوجلની બારગાહમાં દુઆ કરી. અલ્લાહ عزوجلએ એ દુઆની બરકતથી એ ગાયને જીવતી કરી આપી. *(સીરતે ખ્વાજા ગરીબનવાઝ, પેજ–૩૧૦)*

**નાબીના (અંધ)ને આંખો અતા કરી :** સુલ્તાન મોઅઝ્ઝમ અબૂ ઝફર હઝરત ઔરંગઝેબ આલમગીર عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَان ના દૌરનો બનાવ છે કે શહેશાહ એકવાર ગરીબ નવાઝના આસ્તાના પર ખૂબ જ ખુલૂસ તથા અદબભેર હાજર થયા. જ્યારે ફાતિહા ખ્વાની બાદ મઝારના પગોની બાજુ ગયા તો જોયું કે એક નાબીના ગળામાં રસ્સી રાખેલ છે અને જાળીઓમાં બંધાયેલો પડેલો છે. શહેનશાહે તેને પૂછયું કે તારો શો મક્સદ છે ? અને તું અહીં ક્યારથી પડેલો છે ? તેણે કહ્યું, જહાંપનાહ ! હું એક વરસથી અહીં છું અને મારી આંખોની રોશનીનો મક્સદ લઈને અહીં આવ્યો છું પણ હજી સુધી મારી આંખો રોશન નથી થઈ. શહેનશાહે કહ્યું, અમે જામા મસ્જિદમાં નમાઝ અદા કરીને આવીએ છીએ, જો

ત્યાં સુધીમાં તેની આંખો રોશન ન થઈ તો તેનું માથુ ઉડાડી દેવામાં આવશે. આવું ફર્માવીને જામા મસ્જિદે શાહજહાનીમાં ચાલ્યા ગયા. આ તરફ એ અંધ વ્યક્તિએ જ્યારે મૌતને માથા પર મેહસૂસ કર્યું તો ખૂબ જ ગદગદ થઈને અને ખૂબ જ તડપી તડપીને રૂદન આજીજી કરવા લાગ્યો અને સાચા દિલથી બારગાહે ગરીબનવાઝમાં માગવા લાગ્યો. એ અંધના દિલથી નીકળનારી દુઆ બાબે ઈજાઝતથી ટકરાઈ. હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہનો કરમનો દરિયો જોશમાં આવ્યો અને તેની આંખો રોશન થઈ ગઈ.

સુલ્તાન ઔરંગઝેબ જ્યારે નમાઝથી ફારિગ થઈને પરત થયા તો જોયું કે નાબીના ખૂબ જ ખુશ થઈને બેઠો છે અને તેની આંખો રોશન થઈ ગઈ છે. શહનશાહે તે શખ્સને કહ્યું કે જો તારી તલબ સાચી હોત તો આટલી વાર શાથી લાગતી ? એટલા માટે જ્યારે બુઝુર્ગોના આસ્તાના પર જાવ તો સાચી લગનથી જાવ, સાચી તડપ તથા તલબ લઈને જાવ. દિલમાં એ અક઼ીદો બેસાડીને જાવ કે આ દરથી જરૂર મળશે. જ્યારે સાચા જઝબા સાથે જશો તો ઈન્શા અલ્લાહુર્રહમાન કદી ખાલી હાથ પરત થશો નહીં. *(હયાતે ખ્વાજએ ખ્વાજગાં એક નઝરમેં, પેજ–૨૬)*

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની નજરમાં આસ્તાનએ ખ્વાજા :** ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત, આ'લા હઝરત ઈમામ અહમદ રઝાંખાં મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : હઝરત ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہના મઝાર મુબારકથી ખૂબ જ અધિક પ્રમાણમાં ફયઝો બરકતો હાંસલ થાય છે. મૌલાના બરકાત અહમદ મર્હૂમ જે મારા પીર ભાઈ છે અને મારા વાલિદે માજિદ رحمۃ اللہ علیہના શાગિર્દ હતા. તેમણે મને બયાન કર્યું કે મેં મારી આંખો વડે જોયું કે એક હિંદુના પગથી માથા સુધી ફોલ્લા હતા. અલ્લાહ તઆલા જ જાણે છે કે કેટલા પ્રમાણમાં હશે. તે બરાબર બપોરના આવતો અને દરગાહ શરીફની સામે ગરમ કાંકરાઓ અને પથ્થરો પર આળોટતો અને આ પ્રમાણે કહેતો, "ખ્વાજા ! અગન લાગી છે !" ત્રીજા દિવસે મેં તેને જોયો કે તે તદ્દન સાજો થઈ ગયો.

**શાને ગરીબનવાઝી :** નક઼લ થયેલ છે કે ભાગલપુરથી એક સાહબ દર વર્ષે અજમેર શરીફ હાજર થયા કરતા હતા. તેમની એક વહાબી રઈસ સાથે દોસ્તી હતી તેણે કહ્યું કે તમે દર વર્ષે ક્યાં જયા કરો છો ? બેકાર એટલા રૂપિયા દર વર્ષે બર્બાદ કરતા રહો છો ! એ સાહબે જવાબ આપ્યો કે આપ એકવાર સાથે ચાલો અને ઈન્સાફની આંખોથી જુઓ પછી તમને અખત્યાર છે. ખૈર, તે એક વરસ સાથે આવ્યો. જોયું કે ફકીર સોટો લઈને રોઝા શરીફનો તવાફ કરી રહ્યો છે અને આ સદા લગાડી રહ્યો છે, ખ્વાજા ! પાંચ રૂપિયા લઈશ અને એક કલાકની અંદર લઈશ ! અને એક શખ્સથી લઈશ ! જ્યારે એ વહાબીને ખયાલ થયો કે ઘણો સમય વહી ગયો છે, એક કલાક થઈ ગયો હશે અને હજી સુધી તેને કોઈએ કાંઈ ન આપ્યું, તો પોતાના ખિસ્સામાંથી પાંચ રૂપિયા કાઢીને તેના હાથમાં રાખ્યા અને કહ્યું, મિયાં ! તમે ખ્વાજાથી માગી રહ્યા હતા, ભલા ખ્વાજા શું આપશે ! લો હું આપુ છું ! ફકીરે તે રૂપિયા તો ખિસ્સામાં રાખ્યા અને એક ચક્કર લગાડીને જોરથી કહ્યું, ખ્વાજા ! તારી બલિહારી જાઉં ! અપાવ્યા પણ તો કેવા ખબીષ મુન્કિરથી ! *(અલ્મલ્ફૂઝ, ૩/૪૭, પ્રકાશક : કાદરી મિશન બરેલી)*

**બદકાર વલીયે કામિલ બની ગયો ! :** કહે છે કે હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہ હિંદુસ્તાન તશરીફ લાવતાં પહેલાં જ્યારે બગદાદ શરીફમાં રોકાયેલા હતા તો ત્યાં એ મશહૂર હતું કે જે શખ્સ આપની ખિદમતે બાબરકતમાં ત્રણ દિવસ રોકાણ કરી લે છે તે વલીયે કામિલ બની જાય છે. એક દિવસે

એક અત્યંત ફાસિકો ફાજિર બદકાર શખ્સ આપની ફયઝ વેરતી બારગાહમાં આવ્યો. આપે તેને તેના સર્વ નાના મોટા ગુનાહોથી તૌબા કરાવી. ત્યારબાદ તે ત્રણ દિવસો સુધી આપની ખિદમતે અક્દસમાં રહ્યો અને આપની સાથે પાબંદીની સાથે નમાઝે પંજગાના અદા કરતો રહ્યો. છેવટે તે શખ્સ આપની નિગાહે કરમથી વલીયે કામિલ બની ગયો.

*(મસાલિકુસ્સાલિકીન, ૨/૨૮૧)*

*નિગાહે વલીમેં વો તાષીર દેખી*
*બદલતી હઝારોંકી તકદીર દેખી*

*ન તખ્તો તાજ ન લશ્કરો સિપાહમેં હૈ*
*જો બાત મર્દે કલંદર કી બારગાહમેં હૈ*

*સોહબતેં સાલેહ તુરા સાલેહ કુનદ*
*સોહબતે તાલેહ તુરા તાલેહ કુનદ*

**શહેનશાહ જહાંગીરની મન્નત પૂરી થઈ** : તુઝકે જહાંગીરમાં છે કે શહેનશાહ નૂરૂદ્દીન જહાંગીર એકવાર શિકારના માટે એક નીલગાયની પાછળ દોડતા દોડતા ઘણા દૂર નીકળી ગયા. નીલગાય પણ પોતાની જાન બચાવવા પૂરી તેજ ગતિથી ભાગી રહી હતી. શહેનશાહ જહાંગીર હારીને તથા નિરાશ થઈને બેસી ગયા કે હવે નીલગાયનો શિકાર થશે નહીં, અને આ નિષ્ફળતાને કારણે તેણે અમીરો, વઝીરો સામે શર્મિંદા થવું પડશે. જેથી આ નિષ્ફળતા અને શર્મિંદગીથી બચવા માટે તે દિલો દિલ હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہ તરફ ધ્યાનિત થયા અને અર્ઝ ગુજારી કે, સરકાર ! જો આપના કરમથી જો નીલગાયનો શિકાર કરવામાં કામયાબ થઈ ગયો તો આસ્તાના આલિયા પર લાવીને ઝબહ કરીને આપના ખાદિમો તથા ફકીરોમાં વહેંચી દઈશ. આ વિનવણી બાદ શહેનશાહે જ્યારે પોતાનો ઘોડો નીલગાય તરફ દોડાવ્યો તો તે ભાગવાને બદલે એક જગાએ ઉભી થઈ ગઈ. જેથી સુલ્તાને ખૂબ જ સરળતાથી તેનો શિકાર કરી લીધો અને મન્નત પ્રમાણે આસ્તાના પર લાવીને ઝબહ કરીને ગોશ્ત પકાવ્યો અને ખાદિમો ફકીરોમાં વહેંચી કાઢયો. *(તુઝકે જહાંગીરી, પેજ–૯૧, ગાઝીપુર)*

આ બનાવના બે ત્રણ દિવસ બાદ સુલ્તાન જહાંગીર પોતાના વઝીરો તથા અમીરો સાથે એકવાર ફરી શિકાર માટે નીકળ્યા હતા, એવામાં એક નીલગાય જોવામાં આવી. સુલ્તાને ખૂબ જ દોડધૂપ કરી કે તે કોઈ જગાએ રોકાય અને હું બંદૂક ચલાવું, પરંતું એવો કોઈ મોકો હાથ ન આવ્યો અને સુલ્તાન ખભા પર બંદૂક ઉઠાવીને તેની પાછળ પાછળ સાંજ સુધી ફરતો રહ્યો, ત્યાં સુધી કે સૂર્યાસ્ત થઈ ગયો અને સુલ્તાન નિરાશ થઈ ગયો. પણ તરત જ એ મન્નત માની કે, "ખ્વાજા ! નીલગાય આપની નઝર છે." આ બાજુ સુલ્તાન મન્નત માની અને પેલી બાજુ નીલ ગાય તરત જ બેસી ગઈ અને સુલ્તાને સરળતાથી શિકાર કરી લીધો અને આસ્તાના પાકમાં લાવી ઝબહ કરી અને ગોશ્ત પકાવીને ફકીરોને ખવડાવી દીધો. –*(તુઝકે જહાંગીરી, પેજ–૯૧, ગાઝીપુર)*

આ બંને આશ્ચર્યજનક બનાવોમાં નીલગાયે ભાગવાને બદલે રોકાયને પોતાની ઝબાને હાલથી એ હકીકત જાહેર કરી આપી કે સુલ્તાને મોઅઝ્ઝઝ આપ મને શિકાર ન કરી શક્યા ! મેં મને પોતાને હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہના નામે પાક અને તેમની મરજી પર કુર્બાન કરી દીધી. *(સીરતે ગરીબનવાઝ رحمۃ اللہ علیہ, લે. મુમતાજ આલમ મિસ્બાહી, મુફતીયે શહર કાનપુર, જમાઅતે રઝાએ મુસ્તફા–યુ.કે.)*


## નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# રહમતુલ્લિલ્ આલમીનનો અઝીમુશ્શાન લકબ તેની વિશિષ્ટતાઓ અને ફઝાઈલ


સંપાદક : ઈલ્યાસ અહમદ પટેલ દયાદરવી

(અહમદાબાદ)


لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا

બેશક ! અલ્લાહનું મોટું એહસાન થયું મુસલમાનો પર કે તેમનામાં તેમનામાંથી જ એક રસૂલ મોકલ્યા." *(સૂરએ આલે ઈમરાન, ૩/૧૬૪)*

અલ્લાહપાકની શાન અત્યંત નિરાલી છે તે સર્વશક્તિમાન ઝાતે સમગ્ર સૃષ્ટિનું સર્જન કર્યું અને ઈન્સાનોને પેદા ફર્માવી તેને ઉપભોગવા માટે સોંપી તે પાક ઝાત માટે આ કોઈ મુશ્કેલ કે અસંભવ બાબત હતી જ નહીં અને તેણે તે બાબતે કોઈ એહસાન પણ ન જણાવ્યું. તો તે પાક ઝાતે કયું મોટુ એહસાન ફર્માવ્યું અને શા માટે ? ઈન્સાનની મખ્લૂકનું સર્જન અજ્ઞાનતા નાસમજ અને કમબુધ્ધિના ગુણો સાથે થયું છે, તેને કારણે તેનું જહાલત અને ગુમરાહીમાં ફસાય જવું માનવસહજ પ્રકૃતિ છે. આથી જ અલ્લાહપાકે તેને જહાલત અને ગુમરાહીમાંથી બહાર કાઢવા અને સાચો રસ્તો બતાવવા, તેની હિદાયત માટે નબીઓ મોકલ્યા. આ નબીઓના મોકલવા પર પણ અલ્લાહપાકે કોઈ એહસાન જતાવ્યું નથી. પરંતુ જ્યારે અંતિમ નબીની પધરામણીનો સમય આવ્યો, તો અલ્લાહપાકે તેને મોટા એહસાન તરીકે જતાવ્યું. અંતિમ નબી તરીકે અલ્લાહપાકે તેના સૌથી પ્યારા, સૌથી મેહબૂબને પસંદ કરી રાખવામાં આવ્યા હતા. અંતિમ નબી અલ્લાહ પાકનું સરાપા નૂર અને રહમત હતા અને તેમના દ્વારા નબુવ્વતના સિલસિલાને ખત્મ કરી, આપની રિસાલતને કયામત સુધી અને રોજે મેહશરમાં પણ, આપનો કોઈ ઉમ્મતી, આપની દરિયાએ રહમતથી મેહરૂમ ન રહી જાય તેવું આયોજન હતું. આથી જ અંતિમ નબીની પધરામણીને અલ્લાહપાકે મોટુ એહસાન બતાવ્યું તેમાં અનેક જાહેરી અને બાતિની રહસ્યો છુપાયેલાં/સમાયેલ છે. જે અંતિમ નબીની બાબરકત ઝાત દ્વારા જાહેર થયાં અને અલ્લાહપાકે પોતાની નિરાલી શાન મુજબ, તેની જાહેરાત પણ વિશિષ્ટ રીતે કરી, મુકદ્દસ કિતાબ કુર્આન મજીદમાં આ જાહેરાત નીચે મુજબ વર્ણવવામાં આવી છે.

**(૧)** "અને અમે તમને ન મોકલ્યા પણ રહમત સર્વ આલમોના માટે." *(સૂ. અંબિયા, ૨૧/૧૦૭)*

**(૨)** "અને હે મેહબૂબ ! અમે તમને ન મોકલ્યા પણ એવી રિસાલત સાથે જે તમામ લોકોને સમાવનારી છે, ખુશખબરી તથા ડર સંભળાવતા." *(સૂ. સબા, ૩૪/૨૮)*

**(3)** "બેશક ! અમે તમને મોકલ્યા હાઝિરો નાઝિર, ખુશખબરી અને ડર સંભળાવતા અને અલ્લાહની તરફ તેના હુકમથી બોલાવતા અને ચમકાવી દેનાર સૂરજ." *(સૂ. અહઝાબ, ૩૩/૪૬)*

**(૪)** "બેશક ! તમારી પાસે અલ્લાહના તરફથી એક નૂર આવ્યું અને રોશન કિતાબ" *(સૂ. માઈદા, ૫/૧૫)*

અલ્લાહપાકે તેના પ્યારા હબીબ અહમદે મુજતબા મુહંમદ મુસ્તફા ﷺને સર્વ આલમો માટે રેહમત બનાવી મોકલ્યા અને તેમના પર જ નબુવ્વત ખત્મ કરવામાં આવી.

સૂરએ અંબિયાની આયત ૧૦૭માં આવેલ શબ્દ "રહમતુલ્લિલ્ આલમીન" આપનો અઝીમુશ્શાન લકબ છે અને અત્યંત વિશાળ કાર્યક્ષેત્રને સમાવી તેનું અર્થઘટન ધરાવે છે. આ

મુબારક આયતની વિસ્તૃત સમજૂતીથી તે સ્પષ્ટ થાય છે.

"ગમે તે હોય, જિન્નાત હોય કે મનુષ્ય હોય, મો'મિન હોય કે કાફિર હોય, હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે, હુઝૂર ﷺનું રહમત હોવું બધા માટે છે, ઈમાનવાળા માટે પણ અને તેના માટે પણ જે ઈમાન લાવ્યો નહીં. મો'મિન માટે તો આપ દુનિયા અને આખેરત બન્નેમાં રહમત છે. અને જે ઈમાન લાવ્યો નહીં તેનાં માટે આપ (માત્ર) દુનિયામાં રહમત છે કે આપને કારણે અઝાબ લંબાવ્યો, અને ધરતીમાં ધસી જવું, શિકલો બગડી જવી, તેમજ સર્વનાશ થવો વિગેરે અઝાબો ઉઠાવી લેવામાં આવ્યા."

તફસીરે રૂહુલ બયાનમાં આ આયતની તફસીરમાં મહાન લોકોનું આ કથન ટાંક્યું છે કે, આયતનો એ અર્થ છે કે અમે તમને બિન શરતી, સંપૂર્ણ, પૂરેપૂરી, સર્વ સામાન્ય, પ્રત્યેકને સમેટી લેનાર, દરેક જાતની રહમતનું એકત્રીકરણ કરનાર, બધાને દોરી લેનાર, ગેબી તેમજ ઈલ્મ, આંખ અને અસ્તિત્વ વડે, દેખાતી, પહેલાંની અને પાછળની રહમત બનાવીને મોકલ્યા છે. પ્રત્યેક જગત માટે આલમે અરવાહ હોય કે આલમે અજસામ (આત્માનું જગત હોય કે શારીરિક જગત), બુધ્ધિશાળીઓની દુનિયા હોય કે બુધ્ધિહિન મખ્લૂકની દુનિયા હોય, અને જે બધાય જગતો માટે રહમત હોય તો અનિવાર્ય છે કે તે બધાય જગતોથી ઉત્તમ પણ હોય. *(કન્ઝુલ ઈમાન, ગુજરાતી તર્જુમો–તફસીર, ભાગ–૨, પાના : ૬૬૫)*

તફસીરે રૂહુલ બયાનના લેખક લખે છે, "અને મારી નજીક પસંદીદા મસ્લક એ છે કે નબી કરીમ ﷺ આલમોના દરેક દરેક વ્યક્તિ માટે રહમત બનાવીને મોકલવામાં આવ્યા છે. ફરિશ્તા, ઈન્સાનો અને જિન્નાત સૌના માટે રહમત છે. અને આ બાબતમાં જિન તથા માનવી, કાફિર તથા મો'મિન વચ્ચે કોઈ ફરક નથી. અને દરેકના માટે અલગ અલગ અને વિવિધ પ્રકારો ધરાવે છે. *(રૂહુલ મઆની, પારા–૧૭, પેજ:૯૭)*

આમ, આયતે મુબારકની સમજૂતી સ્પષ્ટ કરે છે કે અલ્લાહપાકની અસીમ દરિયાએ રહમત બાદ, અતાએ ઈલાહીથી આપ ﷺની રહમતને પણ વિસ્તૃત અને સર્વગ્રાહી કરવામાં આવેલ છે.

અહીંથી આગળ વધીએ તે પહેલાં કુર્આન મજીદમાં અલ્લાહપાક માટે પ્રયોજાયેલ શબ્દો 'રહમાન' અને રહીમ' અને નબી સાહેબનો લકબ રહમતુલ્લિ આલમીન" આ ત્રણેવ શબ્દો લગભગ સમાનાર્થી છે અને તે વિશે વિસ્તૃત વિગત અને તફાવત જાણવો ખૂબ જ જરૂરી છે. "રહમાન"નો અર્થ કે ઘણો મહેરબાન. અને "રહીમ"નો અર્થ છે "રહમતવાળો અથવા રહમ કરવાવાળો. આ બન્ને શબ્દો અલ્લાહપાકના મુબારક નામોમાંથી છે જે અલ્લાહપાકની સિફાતે ગિરામી છે. અલ્લાહપાકની આ સિફતો કાયમી અને અનંત છે. ઉલમાના મત મુજબ રહમાન શબ્દમાં જ રહીમની ફઝીલતો સમાય ચૂકેલ છે. હયાતે જિંદગીમાં, દુનિયામાં તેની રહમત સર્વત્ર છે જેનો લાભ મો'મિન અને કાફિર સર્વને સમાન રીતે મળે છે, તેમાં કોઈ ભેદભાવ નથી. પરંતુ આખેરતમાં તે ફક્ત અને ફક્ત રહીમ જ રહેશે. અને તેની રહમત મોમેનીન માટે ખાસ રહેશે. આમ અલ્લાહપાકની આ સિફતો જાતીય છે અને તેમાં કોઈ દખલ નથી.

રહમતુલ્લિલ આલમીનનો અર્થ થાય છે બધાય જગત માટે રહમત, આ અલ્લાહપાકનો તેના ઝીશાન નબીને અતા ફર્માવવામાં આવેલ લકબ છે એટલે કે અતાએ ઈલાહી છે. અત્રે આ લકબ આપના ઉચ્ચતમ અખ્લાક માટે પ્રયોજવામાં આવ્યો છે જેના ફૈઝથી હયાતે જિંદગીમાં સમગ્ર સૃષ્ટિને માલામાલ કરવાનો છે. આ જ ઉચ્ચતમ અખ્લાક દ્વારા આપની શાનને બુલંદ કરવાનો છે અને આપને પૂરી કાયેનાત માટે દષ્ટાંતરૂપ (Role Model) તરીકે પેશ કરવાનો છે અને તે દ્વારા ભાવિ પેઢીનું ઘડતર કરવાનો છે.

નબીએ બરહક ﷺને અતા ફર્માવવામાં

આવેલ આ લકબ ખાસમ ખાસ અદ્વિતિય અને વિશિષ્ટ છે કારણ કે તેમાં અલ્લાહપાકના મુબારક નામોની સિફાતનો પણ સમાવેશ છે. અલ્લાહપાકે મૂસા عليه السلام ને કલીમુલ્લાહ (અલ્લાહથી કલામ વાતચીત કરનાર)ના લકબથી નવાજ્યા અને ઈસા عليه السلام ને રૂહુલ્લાહ (અલ્લાહની રૂહ) લકબથી નવાઝિશ કરી. મુખ્ય ફર્ક અહીં જ છે. અગાઉના નબીઓની નબુવ્વત અથવા રિસાલત જે તે કૌમ માટે અને વિસ્તાર માટે હતી, તેઓને અતા ફર્માવેલ લકબનો ફૈઝ તેમની કૌમ પૂરતો મર્યાદિત હતો, તેઓના પરદો કરતાં જ તેમના ફૈઝનો અંત આવતો હતો. કુરબાન થજો નબીએ આખિરૂઝ્ઝમાની ઝીશાન હસ્તી પર કે આપને અતા ફર્માવેલ આ લકબ દ્વારા આપના અખ્લાક઼, આપની વિશિષ્ટ ખાસિયતો આપના વિશિષ્ટ મુકામને બુલંદ કરવાની સાથે જે આમ ને જે ખાસ મિશન માટે ચૂંટી કાઢ વામાં આવ્યા હતા તે છે. આપને કયામત સુધી આવનાર પેઢીઓ માટે અમન, શાંતિ અને સલામતી દ્વારા વિશ્વશાંતિના દૂત તરીકે મોકલવામાં આવેલ છે. આથી જ આપની રિસાલતને આપની રહમતને સમય મર્યાદાથી પર, જાતિ અને કૌમોથી પર, વિસ્તારથી પર સમગ્ર સૃષ્ટિને આવરી લેતી હતી. તેનો મુખ્ય હેતુ માનવીની જાહેરી અને બાતિની (આંતરિક–રૂહાની) સુધારાના કરવાનો પણ હતો કે તે રોઝે મેહશર અલ્લાહપાકની માફી અને બક્ષિશનો સબબ બને અને જન્નતની હકદાર બને.

વાસ્તવિક હક઼ીક઼તમાં નબીએ મુરસલ ﷺ ઈન્સાની સૂરતમાં નખશીખ નૂર અને રહમત હતા અને અલ્લાહપાકની અસિમ રહમતનું સીધું પ્રતિબિંબ હતા. તેથી આપ ﷺનો દરિયાએ રહમત હરપલ, હર ઘડી, દરેક જગ્યાએ, દરેક પ્રસંગે ગાલિબ રેહતો હતો અને સંપર્કમાં આવનાર તમામ ફૈઝયાબ પણ થતા હતા. આપ સદાય ખુશહાલ અને મિલનસાર હતા, ધીર ગંભીર અને સત્ય વચની હતા. હમેશાં તટસ્થ રહી હક્ક઼ વાત બતાવતા હતા.

તેમની હક્ક઼નિયતને અલ્લાહપાકે કુર્આન મજીદમાં આ રીતે બયાન ફર્માવી છે :

"અને તેઓ કોઈ વાત પોતાની ઈચ્છાથી નથી કરતા. તે તો જે વહી તેમને કરવામાં આવે છે તેના સિવાય (બીજુ કશું જ) નથી. *(સૂ. નજમ, આયત : ૩ અને ૪)*

સીરતકારોએ આપ સરકાર ﷺની રહમતને પાયાના સાત સ્તંભો તરીકે ટૂંકમાં નીચે મુજબ વર્ણવેલ છે :

(૧) દયા (સહાનૂભૂતિ) : આપના દરિયાએ રહમત હેઠળ જરૂરતમંદો યતીમો, વિધવાઓ અને ઉપેક્ષિત વ્યક્તિઓ (ગુલામો તથા હાથ નીચે કામ કરનાર)નો સમાવેશ થયો.

(૨) ધીરજ અને સહનશીલતા : અપમાનો અને તકલીફો સહન કરતા રહ્યા, દરેકને માફ કરતા રહ્યા અને સર્વેના હકમાં દુઆ કરતા રહ્યા.

(૩) નિષ્પક્ષ સાથે ન્યાયપ્રિયતા : દરેક બાબતમાં નિષ્પક્ષ રહ્યા અને સદાય ન્યાયના પક્ષે રહી સર્વનું ભલુ ઈચ્છયું.

(૪) વિનમ્રતા : સદાય નફરત અને ધિક્કારવૃતિથી પરહેઝ કર્યું, દરેકની સાથે આત્મીયતા અને સન્માનપૂર્વક વર્તન કર્યું. કુટુંબીજનો તથા સાથીઓ સાથે સન્માનીય વેહવાર કરતા રહ્યા.

(૫) ઉદારતા અને નિસ્વાર્થવૃત્તિ (નિઃસ્પૃહ) દરેકની સાથે સમાન રીતે ભોજન સમય અને સંપત્તિ ભાગીદાર રહ્યા. સદાય જાહેર અને ખાનગી રીતે દાનશીલ રહ્યા.

(૬) સૃષ્ટિના સર્જનની દેખભાળ રાખવાની / જતન કરવાની તત્પરતા, હમેશાં અબોલ પશુપક્ષીઓ પ્રત્યે દયાભાવ દાખવ્યો, પર્યાવરણની દરકાર સાથે નેઅમતોના વ્યયથી બચવાની તાલીમ આપી અને ભાવિ પેઢી માટે વિચારવંત રહ્યા.

(૭) માનવજાતની આખેરતની જિંદગી માટે ચિંતિત રહી દરેક માટે માર્ગદર્શક બની દુઆ ગુજારતા રહ્યા. સબર અને સંયમ સાથે ઈસ્લામની તાલીમ આપતા રહ્યા.

ઉમ્મતે મુસ્લિમાની સુધારણા અને આખેરતની જિંદગી માટે આપ સતત ચિંતિત રહેતા હતા, આપની ચિંતાને અલ્લાહપાકે કુર્આન મજીદમાં આ રીતે વર્ણવી છે :

"બેશક ! તમારી પાસે પધાર્યા તમારામાંથી તે રસૂલ જેમના પર તમારું તકલીફમાં પડવું ભારે (અણગમતું) છે, તમારી ભલાઈના ખૂબ ચાહક, મુસલમાનો પર અતિશય મહેરબાન છે."

*(સૂ. તૌબા, ૯/૧૨૭)*

વલ્લાહ ! શું શાન છે ઈબ્નુઝ્ ઝબીહેન, ઝુલ કિબ્લતૈનનો અઝીમુશ્શાન લકબ ધરાવનાર અલ્લાહના પ્યારા હબીબ ﷺની ! આ આયતે કરીમામાં અલ્લાહપાકે આપને રઉફ (મૂળ ભલમનસાઈ દર્શાવનાર) અને રહીમ કૃપાળુ, મહેરબાનના લકબોથી નવાજ્યા. રઉફ અને રહીમ બન્ને લકબો અલ્લાહપાકની સિફાતે ગિરામીમાંથી છે અને અલ્લાહપાકની દરિયાએ રહમતને અતિશયોક્તિ કહી શકાય તે હદે દર્શાવે છે. અલ્લાહપાકને આપના લકબ 'રહમતુલ લિલ આલમીનને પરિપૂર્ણ કરવા આ અન્ય લકબોથી નવાઝિશ કરી, આપની રહમદિલીને ચાર ચાંદ લગાવી દીધા. ટૂંકમાં આપના કબલમાં રહમત સિવાય કંઈ ન હતું.

અલ્લાહપાકે આપને અનુપમ દાનિશમંદીની ત્રણ વિશિષ્ટતાઓથી નવાજી આપની દુનિયામાં પધરામણી કરેલ :

(૧) હકારત્મક વિચારસરણી (**Positive Attitude**) (૨) વાણી અને વર્તનમાં જઝબાતથી પરહેઝ અને (૩) અથડામણથી બચવાની બેમિસાલ નિર્ણયશક્તિ, આ અદ્‌ભૂત દાનિશમંદી દ્વારા અલ્લાહપાકે આપને વિશ્વશાંતિના દૂત બનાવી દીને ઈસ્લામને પરિપૂર્ણ કરવા અંતિમ કિતાબ કુર્આન મજીક દ્વારા કાયમી હિદાયતનો સબબ બનાવવા, નબુવ્વતના સિલસિલાને ખત્મ કરવા તથા શરીઅતના નીતિ નિયમો, કાયદા કાનૂન અને સજાઓ દ્વારા વિશ્વશાંતિના મિશનમાં એક સર્વગ્રાહી, સર્વ સંમત અને સર્વ સ્વીકૃત બંધારણ ઘડી અમલમાં લાવવાનું આયોજન કરેલ હતું. અંતે ફતહે મક્કા બાદ, અરફાતના મેદાનમાં હજ્જતુલ વિદાઅના આખરી સંબોધન દ્વારા તેના પર આખરી મહોર મારવામાં આવી. કુર્આન મજીદમાં તેનું એલાન આ મુજબ થયું છે :

આજે મેં તમારા માટે તમારો ધર્મ સંપૂર્ણ કરી દીધો અને તમારા પર મારી નેઅમત પૂરી કરી દીધી, ને તમારા માટે ઈસ્લામને ધર્મ (તરીકે) પસંદ કર્યો.

*(સૂ. માએદા, ૫/૩)*

આ આયત દ્વારા નબીએ રહમત ﷺનું મિશન પૂર્ણ થયું તેવી ઘોષણા સાથે આપને ઈશારો પણ કરી આપ્યો કે આપનો પરદો કરવાનો સમય નજીક છે. અને ખરેખર જ નબીએ આખિરૂઝ્ઝમાં ﷺએ ફક્ત ત્રણ મહિનાના ટૂંકા ગાળામાં જ દુનિયાથી પરદો ફર્માવ્યો.

## ★ રહમતુલ્લિલ્ આલમીનની રહમતનો ફૈઝ ★

**(૧)** શાને વિલાદતથી પહેલાં : આપ ﷺની આ ધરતી પર તશરીફ આવરી થાય તે પહેલાં જ આપના ફૈઝ (બરકતો)થી ધરતીવાળાઓને નવાઝવાનું અલ્લાહપાકે શરૂ કરી દીધું, જેમ કે,

★ પૂરી કૌમના સર્વનાશનો અઝાબ ઉઠાવી લેવામાં આવ્યો.

★ અલ્લાહના હુકમોની તથા નબીની તૌહીન બદલ શકલો બદલી નાખવાનો અઝાબ રોકી દેવામાં આવ્યો.

★ જમીનનું ધસી જવું અને સર્વનાશનો અઝાબ ઉઠાવી દેવામાં આવ્યા.

★ ધરતી પર રોશન થાય અઝાબોને લંબાવી દેવામાં આવ્યા.

★ આપના માટે તથા આપની ઉમ્મતે મુસ્લિમા માટે અલ્લાહપાકે સમગ્ર જમીનને પાક

અને પવિત્ર બનાવી દીધી. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે સરવરે કૌનેન ﷺએ ઈર્શાદ ફર્માવ્યું :

"અને મારે લીધે સમગ્ર જમીન પાક કરવાવાળી અને સજદાગાહ બનાવી દેવાઈ." *(સહીહ મુસ્લિમ)*

અગાઉની કૌમો માટે હુકમ હતો, જો ઈબાદત કરવી હોય તો ખાસ જગ્યા પર જ ઈબાદત કરો, તે લોકો તે જગ્યા સિવાય બીજી જગ્યાએ ઈબાદત કરી શકતા ન હતા.

★ આવી જ રીતે પાછલી કૌમો માટે તયમ્મુમ ન હતો. પરંતુ આપની બરકતના સદકામાં, આપના ઉમ્મતીઓને જો કોઈ જગ્યાએ પાણી ન મળે તો માટીથી તયમ્મુમ કરી પાક થવાની આસાન સહૂલત કરી આપવામાં આવી.

★ આપની તશરીફ આવરી મક્કા મોઅઝ્ઝમાં થવાની હોય, મક્કા શરીફમાંના કાબતુલ્લાહને નષ્ટ કરવાનો ઈરાદો ધરાવનાર યમનના ઈસાઈ બાદશાહ અબરહાના લશ્કરને અલ્લાહ પાકે તબાહ બરબાદ કરી નાખ્યું. અલ્લાહપાકે ન ફક્ત કા'બતુલ્લાહની હિફાઝત ફર્માવી, સાથે જ મક્કાવાસીઓને પણ જાનમાલના મોટા નુકસાનથી બચાવ્યા. અસ્હાબે ફીલના આ બનાવના ૫૫ દિવસ બાદ આપનો મુબારક જન્મ થયો.

**(૨)** વાલિદા માજેદાના શિકમમાં : સગર્ભાવસ્થાની સ્થિતિમાં સામાન્ય રીતે સ્ત્રીઓને જે દર્દ, તકલીફ અને પરેશાનીનો અનુભવ થાય છે તેવી કોઈ તકલીફ આપની વાલેદાએ મેહસૂસ કરેલ નથી, ઉપરાંત પ્રસવ દરમ્યાનની તકલીફોથી પણ આપ મેહફૂઝ રહ્યા.

**(૩)** વિલાદતથી એલાને નબુવ્વતનો સમય : ભત્રીજા (નબી ﷺ)ની પેદાઈશની ખુશખબર સંભળાવનાર લોંડી સુવૈબાને અબૂ લહબે ખુશ થઈને આઝાદ કરી આપી. આ જ સુવૈબાએ, સૌથી પહેલાં આપને દૂધ પીવડાવ્યું. અબૂ લહબ સગો કાકો એલાને નબુવ્વત બાદ કટ્ટર દુશ્મન બની ગયો. તેને મૌત બાદ, દર સોમવારે (જે આપ સરકાર ﷺની વિલાદતનો દિવસ છે) તેના અઝાબમાં કમી કરવામાં આવે છે.

★ વિલાદતના વર્ષે જ અલ્લાહપાકે વરસાદ વરસાવી કુરૈશને સખત દુકાન અને તંગીની હાલતથી નજાત અતા ફર્માવી. જાનવરો તથા સજીવ સૃષ્ટિને પણ તરોતાઝા કરી દીધી.

★ તે વર્ષે હવાઝિન કબીલા બની સઅદ બિન ઝિક્રની બીબી હલીમા સઅદિયાનું તકદીર ચમકી ઉઠયું. તાજદારે મદીના ﷺને દૂધ પીવડાવવાનું સન્માન આપના ભાગે આવ્યું. નૂરાની પયગમ્બરને ગોદમાં લેતાં તેમના ઘર અને ઢોર ઢાખરમાં ખૈર અને બરકત રોશન થઈ ગઈ. આપ ﷺ એ સદાય એક તરફની છાતીથી દૂધ પી, બીજી છાતીનું દૂધ શરીકભાઈ માટે બાકી રાખતાં ન્યાય અને ઈન્સાફપરસ્તીનાં લક્ષણો બાળપણથી જ રોશન થવા લાગ્યાં.

★ બચપનથી જ અમન અને શાંતિપ્રિય હોવાથી, ન્યાયપ્રિય હોવાથી, હમેશાં હકની તરફદારી કરી જેનું ઉદાહરણ જંગે ફુજ્જારમાં તથા હલકુલ ફુઝૂલમાં આપની હાજરી છે.

★ જુવાનીમાં પહોંચતાં આપે વ્યાપારને પસંદ ફર્માવ્યો અને તે દ્વારા આપની સચ્ચાઈ, પ્રમાણિકતા અને વચનપાલનના ગુણો જાહેર થયાં અને લોકો આપને 'અમીન' અને 'સાદિક' કહીને બોલાવવા લાગ્યા.

★ કાબતુલ્લાહની નવરચના સમયે હજરે અસ્વદને તેના સ્થાને ગોઠવવાનો મામલો લોહીયાળ ઝઘડા સુધી પહોંચી ગયો. આપના દાનિશમંદીભર્યા નિર્ણયથી ભયાનક ખૂનરેઝીના વાતાવરણને આપે સુખદ અંતમાં તબદીલ કરાવ્યો. આપનો હિકમતભર્યો પક્ષપાત વિનાનો ઈન્સાફ રોશન થયો.

ટૂંકમાં એલાને નબુવ્વત પહેલાં, અલ્લાહ પાકે આપની પાકીઝા જવાનીમાં જે ઉચ્ચતમ અખ્લાક

રોશન કરાવ્યા જેનો ફૈઝ મક્કાવાસીઓ મેળવી રહ્યા હતા તેમાં મુખ્યત્વે, ઈન્સાફ અને ન્યાયપ્રિયતા, સચ્ચાઈ અને પ્રમાણિકતા, અમાનતદાર અને ઈમાનદાર, ઘણા જ ઉદારદિલ અને મોટુ મન ધરાવનાર, દયાભાવ અને ક્ષમાવૃત્તિ દાખવનાર, મહોબ્બત વધારનાર, તમામ પ્રકારની જાહેરી અને બાતિની બુરાઈઓથી પર, અબોલ પશુપક્ષીઓ પ્રત્યે પણ દયાભાવ દાખવનાર, વાયદાના પાકકા અને વેપારના હિસાબમાં સાચા અને પ્રમાણિક હતા. આપના આ સર્વોત્તમ અખ્લાકનું કુર્આન મજીદમાં આ રીતે વર્ણન થયું :

''અને બેશક ! તમારું ચારિત્ર અતિ ઉચ્ચ છે.'' *(સૂ. કલમ, ૬૮/૪)*

આમ, મુકદસ કિતાબ કુર્આન મજીદમાં જે ઉચ્ચ અખ્લાકોની તાલીમ આપવામાં આવી છે, રસૂલે કરીમ ﷺએ તમામના નખશીખ ઉદાહરણ હતા. દષ્ટાંતની રીતે કુર્આને કરીમ કિતાબ સ્વરૂપે કિતાબ છે અને નબીએ બરહક ﷺની ઝાતે અકદસ અમલી કુર્આન છે. ઈન્સાની સૂરતમાં આવું દષ્ટાંત (**Role model**) મળવું અસંભવ જ નહીં અશક્ય છે. આ જ તો અલ્લાહના પ્યારા હબીબ ﷺની નિરાલી શાન છે. અલ્લાહપાકે આપની ઉમ્મતને તેનું જ અનુકરણ કરવાનું બતાવેલ છે. તે જ કામયાબી અને સદભાગ્યનો રસ્તો છે. જેવી જેની તકદીર.

**(૪)** એલાને નબુવ્વત બાદનો સમય : મુબારક વય ૪૦ વર્ષ થતાં અલ્લાહપાકે આપની પાસે નબુવ્વતનું એલાન કરાવ્યું, રિસાલતની ઝિમ્મેદારી સોંપી. આ સાથે જ આપના કાર્યક્ષેત્રને વિશાળ બનાવી દેવામાં આવ્યું. આપને અમન અને શાંતિના વિશ્વદૂત તરીકે રજૂ કરવાના હોય (રોલ મોડલ બનાવીને) તથા આપની ઉમ્મતે મુસ્લિમાને તેનું અનુકરણ કરી, ભાવિ પેઢીઓ માટે માર્ગદર્શક બનાવવાના હતા. આપના માર્ગદર્શન અને હિદાયત માટે કુર્આન મજીદ નાઝિલ કરવામાં આવ્યું અને તે દ્વારા સતત રહનુમાઈ કરી એક અમન અને શાંતિપ્રિય સમાજનું ઘડતર કરવા, નિર્માણ કરવા માટેનું બંધારણ રચવાનું શરૂ કર્યું.

એલાને નબુવ્વત થતાં અને લાઈલાહ ઈલ્લલ્લાહનો નારો સાંભળતાં જ મક્કાવાસીઓ ભડકી ઉઠયા. એક અલ્લાહની વાત તેમના માટે કારમો ઘા હતી. તેમની ભડક શરૂઆતમાં ગુસ્સા સ્વરૂપે, ગાળી ગલોચ, મેણાંટોણાં દ્વારા તથા આપની સતામણી દ્વારા થવા લાગી. ધીમે ધીમે તે શારીરિક તકલીફોમાં તબદીલ થવા લાગી અને અંતે વાત આપને કત્લ કરવા સુધી પહોંચી ગઈ. અલ્લાહપાકે હિજરત દ્વારા આપને સહીસલામત મદીનતુલ મુનવ્વરા પહોંચાડી આપ્યા જ્યાં આપને માનવાવાળા અને આપને તમામ રીતે સાથ સહકાર આપનાર જુથ તૈયાર હતું.

મદીનતુલ મુનવ્વરામાં આપ સૌ પ્રથમ મુહાજિર અને અન્સારો વચ્ચે ભાઈચારો કાયમ કરી, આપસી સુલેહ શાંતિની સ્થાપના કરી. ત્યારબાદ મદીનતુલ મુનવ્વરાની શાંતિ અને સલામતી માટે અન્ય કૌમો, ખાસ કરીને શરારતી અને ફિત્નાખોર યહૂદીઓ સાથે કરાર કર્યો. આવા જ શાંતિ કરાર મદીનતુલ મુનવ્વરા આસપાસ રહેતા અન્ય કબીલાઓ સાથે પણ કરી મદીનતુલ મુનવ્વરામાં અમન અને શાંતિનું વાતાવરણ સ્થાપ્યું. પણ શાંતિ ક્યાં હતી ?! મક્કાના કુરેશીઓ અને મદીનતુલ મુનવ્વરાના ફસાદખોર યહૂદીઓએ આપને જંગમાં લડવા મજબૂર કરી દીધા. ધીમે ધીમે આપ મક્કમતાથી આગળ વધતા ગયા અને પોતાનું સ્થાન મજબૂત કરતા ગયા. સાથે જ આપના સહાબાની જાહેરી અને બાતિની ઈસ્લાહ દ્વારા એક મજબૂત ટીમ તૈયાર કરતા ગયા જે અસ્હાબે રસૂલ ﷺ તરીકે મશહૂર થયા. અંતે અલ્લાહપાકે ફતહે મક્કા દ્વારા આપને વિજયી બનાવી પૂરા અરબમાં

આપને શક્તિશાળી નેતા તરીકે રોશન કર્યા. અમન અને શાંતિ તથા સલામતીની ખાતરી થતાં જ અરબના કબીલાઓ દ્વારા આપની દઅવતનો સ્વીકાર થવા લાગ્યો અને દીને ઈસ્લામ ઝડપથી ફેલાવા લાગ્યો.

તેર વર્ષના મક્કા મોઅઝ્ઝમાનો અત્યંત સંઘર્ષભર્યો સમય અને હિજરત બાદના દસ વર્ષનો સમય આપની મુબારક જિંદગીના અનેક અખ્લાકોને રોશન કરે છે. આ સમય દરમ્યાન આપની જિંદગીના અનેક ચઢાવ ઉતાર આવ્યા. અહીં આપના દ્વારા રોશન થયેલ અખ્લાકો અને તેની સામાજિક અસરોને ટૂંકમાં વર્ણવેલ છે. આની વિસ્તૃત માહિતી સીરતની તમામ કિતાબોમાંથી મેળવી શકાય છે.

**(૧)** સહનશીલતા અને સંયમ : દરેક શાબ્દિક અને શારીરિક તકલીફોમાં ખૂબ જ સહનશીલતા દર્શાવી અને સંયમથી કામ લીધું. કોઈથી પણ બદલો લીધો નથી, ન કોઈના હકમાં બુરા શબ્દો કહ્યા કે બદ્દુઆ કરી.

**(૨)** પડોશીઓ : પડોશના લોકો તથા અન્ય કોમો સાથેનો વ્યવહાર પડોશીઓની તમામ તકલીફોને સહન કરી (ખાસ કરીને મક્કામાં) પડોશીઓના હક્કો નક્કી કર્યા. સાથમાં જ રહેતી અન્ય કૌમો સાથેના વ્યવહારના નિયમો સ્થાપિત કરી ભાઈચારાને કાયમ કરવાના પ્રયત્નો કરી શાંતિ સ્થાપી.

**(3)** ગઝવાતના પ્રસંગોએ દર્શાવેલ અદ્વિતિય દાનિશમંદી : પ્રથમ તો કયારેય હથિયાર ઉઠાવ્યું નથી. શક્ય હોય ત્યાં સુધી સંઘર્ષને ટાળવાનો પ્રયત્ન કર્યો. પોતાના તરફથી ક્યારેય જંગનું એલાન કર્યું નથી. જંગ કરી તો ફક્ત અને ફક્ત અલ્લાહપાકના હુકમોનું પાલન કરાવવાના હેતુથી જ કરી. જંગ દરમ્યાનની જાહિલિયતની તમામ રસમો પર રોક લગાવી દીધી. માનવીય અભિગમ ધરાવતા જંગને લગતા નવા નીતિ નિયમો પ્રસ્થાપિત કર્યા અને તેનો અમલ કર્યો.

**(૪)** માફી અને દરગુઝર કરતું બેમિસાલ વ્યક્તિ : દરેક પ્રસંગે માફી અને દરગુઝરથી કામ લીધું. તાઈફનો કિસ્સો અને ફતહે મક્કાની આમ માફીનું એલાનનું દૃષ્ટાંત આપવા માટે વિશ્વના તમામ દેશના નેતાઓ આજની તારીખે પણ લાચાર છે.

**(૫)** માનવ અધિકારોની પ્રસ્થાપના અને તે માટેના નિયમો કાયદા અને સજાની જોગવાઈઓ : ગમે તેટલી બદગોઈ તથા વિરોધી પ્રચાર કરવામાં આવે આ નિર્વિવાદ હકીકત છે કે ઈસ્લામ માનવ અધિકારોનું રક્ષણ કરવામાં સર્વોત્તમ છે. ઈસ્લામે પ્રસ્થાપિત કરેલ આ અધિકારો, માનવીને માન સમ્માન સાથે જીવન જીવવાનો અધિકાર બક્ષે છે. રસૂલે બરહક ﷺએ નીચે મુજબના માનવ અધિકારો પ્રસ્થાપિત કરી તેનો અમલ કરી બતાવ્યો :

★ માતા પિતાના હક્કો અને અધિકારો
★ ભાઈઓના હક્કો અને અધિકારો
★ બહેન અને દીકરીના હક્કો અને અધિકારો
★ બાળકોની પરવરિશના નિયમો
★ સગા સંબંધીઓના હક્કો
★ પડોશીઓના હક્કો
★ સ્ત્રી અને પુરુષના, પતિ અને પત્નીના સંબંધો અને હક્કો
★ નિકાહ અને તલાકના નિયમો, તલાક શુદાના, વિધવાના જીવનનિર્વાહના હક્કો.
★ બાળકીઓને નવજીવન (જાહિલિયતની પ્રથા પર રોક) દીકરીઓનો ઉછેર જન્નતનો સબબ બનાવ્યો.
★ શિક્ષકો (ઉસ્તાદો)ના હક્કો, તાલિબે ઈલ્મના હક્કો
★ વારસાઈના હક્કો
★ યતીમ બાળકોના હક્કો
★ વકફનો હક્ક, ઈસ્લામનો વિશિષ્ટ કાનૂન.

**(૬)** સામાજિક જીવનની સફળતાના સિધ્ધાંતો પાળીને આદર્શ દષ્ટાંતરૂપ બન્યા.

**(૭)** સારા સમાજનું નિર્માણ કરવાના કાયદા કાનૂનોનો અમલ.

**(૮)** ન્યાય અને શિક્ષા દ્વારા સારા સમાજનું ઘડતર.

**(૯)** વિશ્વશાંતિના પ્રતિનિધિ, સુલહે હુદૈબિયાનો કરાર.

આપસી ટકરાવ અને લડાઈનો રસ્તો બંધ કરવાનો દૂરંદેશીભર્યો નિર્ણય : વિશ્વના રાજવીઓને ઈસ્લામની દાવત આપી, ઈસ્લામનો વિશ્વ શાંતિનો પયગામ પહોંચાડયો.

**(૧૦)** જુલ્મોને ખત્મ કરવા :

★ કોઈની ઈજ્જત આબરૂ ખોલવાની મનાઈ
★ ઝિના પર પાબંદીને સમાજની શાંતિની જમાનત ઠેરવી.
★ લવાતત (સજાતીય સંભોગ) પર પાબંદી.
★ ચોરી, ડાકૂગીરી પર પાબંદી.
★ જમીન તથા માલ મિલ્કત પચાવી પાડવા પર પાબંદી.
★ વાદા ખિલાફીથી બચવાનો અનુરોધ.
★ દારૂના દૂષણને ડામવા દારૂ પીવા પર પાબંદી.
★ આત્મહત્યાથી બચવાની ખાસ તાકીદ.

**(૧૧)** દીને ઈસ્લામનો વિશ્વશાંતિ અને સલામતીનો સંદેશ.

★ દીને ઈસ્લામમાં કોઈ જબરદસ્તી નથી.
★ અન્ય ધર્મના લોકો સાથે ધાર્મિક વાદ વિવાદ પર રોક.
★ અન્ય ધર્મના મઅબૂદોને કોસવાની મનાઈ ફર્માવી.
★ ઈસ્લામની તબલીગમાં હિકમત અને સારી નસીહતો દ્વારા આમંત્રણ.
★ મુસલમાન અને મોમિનની વ્યાખ્યા સુનિશ્ચિત કરી આપી.
★ મુસ્લિમ તે છે જેની જીભ તથા હાથથી બીજા મુસલમાન સલામત રહે. *(સહીહ બુખારી, ૧/૧૧)*
★ મો'મિન તે છે જેનાથી લોકો પોતાના માલો તથા જાનોને સુરક્ષિત સમજે *(સુનને ઈબ્ને માજહ, ૨/૧૨૯૮)*
★ જમીનવાળાઓ પર રહમ કરવાની તાકીદ
★ નાહક કત્લથી બચવાની તાકીદ
★ એહસાન જતાવવાની પણ મનાઈ.
★ મુસલમાન અમ્નો શાંતિનો પ્રતિનિધિ છે તેની પદ્ધતિ કરાવવાની જવાબદારી અદા કરવાની તાકીદ.

પયગંબરે હક્ક નબીએ રહમત ﷺના ઘડેલા સમાજના બંધારણમાં નાના મોટા સૌના હક્કો નિશ્ચિત કરવામાં આવેલા છે, તેને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યું છે, અને તેને આરક્ષિત પણ કરવામાં આવેલ છે. આ બંધારણ દરેક વ્યક્તિને શાંતિ અને સલામતીથી તેનું આત્મસન્માન જળવાય રહે તે મુજબ જીવન જીવવાનો અધિકાર બક્ષે છે. કુર્આન મજીદની આયતો અને હદીષોમાં વારંવાર આ હક્કોની અદાયગી કરવાની તાકીદ કરવામાં આવેલ છે. વિશ્વશાંતિ દૂત, સરવરે કૌનેન, રાહતે કલ્બો સીના, રહમતુલ લિલ આલમીન, અહમદે મુજતબા, મુહમ્મદ મુસ્તફા ﷺની મુબારક જિંદગી દરેક માટે અનુકરણીય છે. પરંતુ નબુવ્વતના ૨૩ વર્ષમાં આપની તાલીમે ઈન્સાનિયતને હક્કને ઓળખનાર બનાવી દીધી. સાથે જ આપે મોહસિને ઈન્સાનીયતના લકબને પણ સાર્થક કર્યો. છે કોઈ જે ઈન્સાનિયતની આવી મિસાલ પેશ કરી શકે ? જવાબ આદીથી અનાદિ (અનંત) સુધી 'ના' છે.

★ તે ગોરા મુખડાવાળો જેના પ્રકાશિત વદનના વાસ્તાથી રહમતના વાદળો માટે દુઆઓ માગવામાં આવે છે ! તે અનાથોનો આધાર ! તે વિધવાઓ અને નિરાધારોનો સરપરસ્ત !! *(અબૂ તાલિબ : માનવ શ્રેષ્ઠ મુહમ્મદ ﷺમાંથી સાભાર)*

# આહ ! એક મુખ્લિસ સુન્નિયતના સિપાહીની ફાની જગતને અલવિદા !!

આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીના મહત્વના સ્તંભ સમા જનાબ અલ્હાજ ઉષ્માનભાઈનો તા. ૭–૧૦–૨૦૨૫ મુ. ચાંદ ૧૫ જમાદીઉલ અવ્વલ હિ.સ. ૧૪૪૭ જુમ્આના રોજ જુમ્આની નમાઝ પહેલાં મસ્જિદમાં વુઝૂ કરીને તિલાવત કરવા બેઠા અને ત્યાં જ અચાનક ઈન્તેકાલ થઈ ગયો. اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رٰجِعُوْنَ મર્હૂમ ખૂબ જ મુતસલ્લિબ સુન્ની, અધિકતર મસ્જિદમાં રહેનાર, સતત તિલાવતે કુર્આનના પાબંદ તેમજ દીની તથા સામાજિક કાર્યોમાં અગ્રેસર રહેનારા, સેવાભાવી, મિલનસાર, વેલ એજ્યુકેટેડ, મદબ્બિર પ્રકૃતિના નેક ઈન્સાન હતા. સુન્ની દા'વતે ઈસ્લામીની સ્થાપ્નામાં તેમનો પાયાનો રોલ રહ્યો. ઈસ્માઈલ હબીબ મસ્જિદ તેમજ મુંબઈની અન્ય મસ્જિદોના પણ ટ્રસ્ટી હતા. સુન્ની દા'વતે ઈસ્લામીના વાદીએ નૂરમાં થતા ઈજતેમાના આયોજનમાં, તેના માટે વિવિધ વિભાગોની પરમિશન મેળવવામાં તેમજ દરેક પ્રકારનાં કામોમાં આપનો અગ્રેસર રોલ રહેતો હતો. નાચીઝને ઈ.સ. ૧૯૯૨થી આપના સાથે સંબંધ રહ્યો છે. દયાદરા ખાતે ૧૯૯૪માં થયેલ બેદિવસીય સુન્ની દા'વતે ઈસ્લામીના ઈજતેમામાં અમીરે સુન્ની દાવતે ઈસ્લામી તથા અન્ય સાથીઓ સાથે મર્હૂમ ખુદ લકઝરી બસો લઈને મુંબઈથી હાજર થયા હતા. દયાદરા ખાતે ગૌષપાક رضی اللہ عنہના બાલ મુબારકની અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીના માધ્યમથી મર્હૂમે જ વ્યવસ્થા કરી અમને ઈનાયત કર્યા હતા. મુંબઈ વાદીયે નૂરમાં સુન્ની દા'વતે ઈસ્લામીના દર વર્ષે ઈજતેમા બાદ તંત્રના વિવિધ વિભાગો તેમજ વ્યક્તિઓ તેમજ ઉલમા વગેરેની આભારવિધિ આપ જ કરતા હતા. આપનો ઈન્તેકાલ એક અતિ દુઃખદ બનાવ છે. આપના દુનિયાથી વિદાય થવાથી કદી ન પૂરાય તેવી એક ખોટ સર્જાયી છે. આપની જનાઝાની નમાઝ ઈસ્માઈલ હબીબ મસ્જિદ (મર્કઝ : સુન્ની દા'વતે ઈસ્લામી) ખાતે થઈ હતી અને દફનવિધિ દયારે રહમત, ચંદનવાડી, બડા કબ્રસ્તાન બાજુમાં, ન્યુ મરીન લાઈન, મુંબઈ ખાતે થઈ હતી. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકે મર્હૂમની કબર પર રહમતો નૂરની સદા વર્ષા કરે, આપની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતુલ ફિરદોસમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનો ચાહકોને જમીન અતા કરે. (આમીન) *–તંત્રી બરકાતે ખ્વાજા માસિક (ખાદિમે સુન્ની દા'વતે ઈસ્લામી)*


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧)**
**૧ થી ૫ હિસ્સા**
**બહારે શરીઅત (ભાગ : ૨)**
**૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક઼ વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો)

**બંને ભાગના રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ રૂા. ૧૦૦/–)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧

**બરકાતે ખ્વાજા માસિકનું**
**વાર્ષિક લવાજમ ફક્ત : રૂા. ૩૦૦/–**

:: Bank of Baroda ::
A/c. No. **34620100000302**
**Anjuman e Raza e Mustafa,**
IFSC:BARB0DAYADR

**Phonepay/Googlepay/Paytm**
**Mo. 94274 64411**
WhatsApp No. **Mo.9664521477**

## દારુલ ઉલૂમ ગુલશને અજમેર-ભરૂચના પ્રમુખ અલ્હાજ સૈયદ મકબૂલ હુસૈન ચોકવાલાની વસીમી વિદાય !

**ભરૂચ** : (મકતમપુર) ખાતે અલ્હાજ સૈયદ મકબૂલહુસૈન પીરસાબ મિયાં ચોકવાલા પ્રમુખ : દારુલ ઉલૂમ ગુલશને અજમેરનો ટૂંકી માંદગી બાદ તા. ૨૬–૯–૨૦૨૫ મુ. ચાંદ ૧૩–રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૪૭ મંગળવારના રોજ ઈન્તેકાલ થયો અને તા. ૨૭–૯–૨૦૨૫ રવિવારે સવારે ૧૧ વાગ્યે આપની દફનવિધિ મકતમપુર કબ્રસ્તાનમાં કરવામાં આવી. દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચની સ્થાપ્ના ઈ.સ. ૧૯૮૬થી જીવનના અંતિમ શ્વાસ સુધી આપ ટ્રસ્ટના પ્રમુખ સ્થાને રહ્યા અને ગવર્નમેન્ટ જોબથી રિટાયર્ડ થવા બાદ ખૂબ જ સક્રિયપણે છેવટ સુધી ઈદારાના સંચાલનમાં કાર્યરત રહી સાથી ટ્રસ્ટીઓને માર્ગદર્શન આપતા રહ્યા. આપની વસમી વિદાયથી દારુલ ઉલૂમમાં એક ખોટ સર્જાઈ છે. આપના ઈસાલે સવાબ અર્થે તા. ૭–૯–૨૦૨૫ના રોજ મગરિબ બાદ મસ્જિદમાં કુર્આનખ્વાની રાખવામાં આવી હતી બાદમાં નિયાઝ જમાડવામાં આવી હતી. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકે મર્હૂમની મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનો, ચાહકો સર્વને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *(તંત્રી બરકાતે ખ્વાજા માસિક)*


**દયાદરા** : ખાતે તંત્રી બરકાતે ખ્વાજા મંથલીના કાકી જુબેદાબેન દાઉદ પટેલનો તા. ૧૪–૧૧–૨૦૨૫ મુ. ચાંદ ૨૨ જમાદિઉલ અવ્વલ હિ.સ. ૧૪૪૭ જુમ્આના રોજ સવારમાં લગભગ ૭૯ વરસની વયે ઈન્તેકાલ થયો છે. આપની દફનવિવિધ અસરની નમાઝ બાદ દયાદરા કબ્રસ્તાનમાં કરવામાં આવી.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે તથા ઈસાલે સવાબ કરવાની તૌફીક આપે. (આમીન) –(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

## ★ તશરીફે જહાં ★

**જુનાગઢ** : થી બરકતે ખ્વાજા મંથલીની ચાહક / ગ્રાહક જનાબ ઈલ્યાસખાન હાજી મુહમ્મદખાન શેરવાની લખી જણાવે છે કે તેમના ફરઝંદ કાશિફ રઝાખાન શેરવાની હાલ મોઝામ્બિક બૌરા (આફ્રિકા)ને ત્યાં તા. ૨–૧૦–૨૫ના રોજ બેબીનો જન્મ થયો જેનું નામ "માહિયા ફાતિમા" રાખેલ છે. આ ખુશીના અવસરે અમો સર્વ કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ પાઠવીએ છીએ. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકે નવાંગતુકને બંને દુનિયાની નેઅમતોથી નવાઝે, દાદા દાદી, માબાપની આંખોની ઠંડક બનાવે, નેક ઈમાની જિંદગી અતા કરે. (આમીન) *–તંત્રી બરકાતે ખ્વાજા માસિક*

**ઉમલ્લા (તા. ઝઘડિયા)** : ખાતે મર્હૂમ ઈબ્રાહીમ ખત્રી (અભા)ના નેક ફરઝંદ નબીલને ત્યાં પુત્ર જન્મ થયો છે જેનું નામ "મુહમ્મદ અખ્તર રઝા" રાખવામાં આવેલ છે. સર્વ ખત્રી ફેમેલીને મુબારકબાદ ! રબ તઆલા નવાંગતુકને નેક બનાવે, બંને દુનિયામાં આબાદ રાખે, માબાપની આંખોની ઠંડક બનાવે, બેશુમાર નેઅમતોથી નવાઝે. (આમીન) *–(તંત્રી બરકાતે ખ્વાજા માસિક)*




# સીરતે રસૂલે અરબી ﷺ

**ભાગ : ૧ અને ભાગ : ૨**

**પેજીસ : ૯૨૮** **કિંમત : ૫૦૦/-**


(ટપાલ ખર્ચ અલગ)

**લેખક :** رحمۃ اللہ علیہ
**હઝરત અલ્લામા મૌલાના નૂરબખ્શ તવક્કુલી (પાક.)**

**અનુવાદક**
**જનાબ હાફિઝ મૂસા વેમી ઝંઘારવી (પ્રેસ્ટન-યુ.કે.)**

રસૂલે પાક ની સીરત ﷺ (જીવન ચરિત્ર) પર ગુજરાતી સુન્ની મુસ્લિમોના સારા નસીબે પ્રસ્તુત કિતાબ **"સીરતે રસૂલે અરબી ﷺ"** (લેખક : હઝરત મૌલાના નૂરબખ્શ તવક્કુલીલ પાક.) જનાબ હાફેઝ મૂસા વેમી ઝંઘારવી (હાલ : પ્રેસ્ટન, યુ.કે.)એ ગુજરાતીમાં અનુવાદ કરી છે. મુઝ નાચીઝ અલ્પજ્ઞાનીના મત મુજબ આ કિતાબમાં હુઝૂર રહમતુલ્લિલ્ આલમીન ﷺની જે ખૂબીઓ વિસ્તારપૂર્વક વર્ણવેલી છે એવી અન્ય ગુજરાતી કિતાબમાં નથી. આપ ﷺ ના અન્ય પાસાંનાં વર્ણનો ઉપરાંત મુબારક અંગો હાથ મુબારક, કદમ મુબારક, કાન મુબારક, આંખ મુબારક.... વગેરેનું વર્ણન ઈમાનમાં તાજગીભરી આપે છે. તેમજ કાફિરો તરફથી લાગુ કરેલ જંગોમાં આપની રહબરી તથા હિકમત, અડગતા, હિંમત તથા સહાબાની તર્બિયતને વાંચનાર પ્રભાવિત થયા વિના નથી રહેતો. તેમજ મો'જિઝાઓ, આપની પાક બીવીઓ, ઔલાદે કિરામ, ઉમ્મત પર આપના હક્કો, આપના તબર્રુકાત, વસીલો, વફાત શરીફ વગેરેનું પણ વાંચશો. ખાસ કરીને "રસૂલુલ્લાહ ﷺ નો હુસ્ને અખ્લાક (સદવર્તાવ)" આ પ્રકરણને વાંચનાર જો એના પ્રમાણે જીવન જીવવા લાગે તો દેશમાં, સમાજમાં, કુટુંબમાં, ઘરમાં, સોસાયટીમાં એકબીજાની મહોબ્બત તથા લાગણી તથા પ્રેમભાવનું વાતાવરણ સ્થાપિત થઈ જાય, દુનિયા અમ્નો શાંતિ, ચૈન સુકૂન તથા સલામતીનો ગુલશન બની જાય. નબીએ રહમત ﷺએ પોતાની જાનના દુશ્મનો સાથે કેટલો માફી આપતો વર્તાવ કર્યો તેને તેમજ સ્ત્રીઓ, ગુલામો, યતીમો, ગરીબો, વિધવાઓ, ચોપગાં જાનવરો પર, પક્ષીઓ પર એટલું જ નહીં ધાતુ, પથ્થર, વનસ્પતિ પર કૃપા કરવાના જે બનાવો તથા આદેશો આપે આપ્યા છે તેને **મુસલમાન તો મુસલમાન કોઈ ગૈર પણ ઈન્સાફની નજરે હક્કની તલાશમાં વાંચી લે તો તેને પોતાની મંઝિલ ઈસ્લામનો કલમો પઢવામાં નજર આવશે. ઈન્શાઅલ્લાહ ! અને ઈસ્લામને આતંકવાદનો નહીં પણ વિશ્વ શાંતિનો જામિન સ્વીકારી લેશે.** એવું અસરકારક વર્ણન પ્રસ્તુત કિતાબમાં જોવા મળે છે.

**બુખારી શરીફની હદીષોની શરહ**




# નુઝહતુલ કારી શરહે સહીહ બુખારી

**લેખક : શારેહે બુખારી મુફ્તી શરીફુલ હક્ક** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

**બુખારી શરીફની હદીષોની સમજૂતી સરળ ગુજરાતીમાં મેળવો**

**કુલ નવ ભાગોમાં**

**ભાગ : ૧ થી ૯**

હદિયો **રૂા.૨૦૦૦/-** ટપાલ ખર્ચ સહિત

**તમામ કિતાબો મંગાવા માટે આ સરનામા પર સંપર્ક તથા ઓનલાઈન પેમેન્ટ કરશો**

સરનામું
**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ-૩૯૨૦૨૦

બેંક ઑફ બરોડા
A/c. Number
34620100000302
Anjumane Razae Mustafa
IFSC Code :
BARB0DAYADR
Zero

PhonePe G Pay paytm
Mo. 94274 64411
+91 9664521477

**પેમેન્ટ કરી વોટસ્અપ નંબર પર એડ્રેસ મોકલી આપવું...**

RNI NO. : GUJ GUJ/2004/13209
BARKATE KHWAJA (MONTHLY)
Publishing Date : 30th of every month

Post Regd. No. : G2/RNP/BCH/130/2024-2026
Vol. : 22 Issue : 263 December_2025
Posting Date : 1st of every month

Sunni Dawate Islami's
33rd Annual
SUNNI IJTEMA
APPEAL BY:
Daai e Kabeer Hafiz o Qari Maulana
MOHAMMED SHAKIR NOORIE
Ameer e Sunni Dawat e Islami
CELEBRATING 1500 YEARS OF MEELAD 2025
SUNNI DAWATE ISLAMI
WADI-E-NOOR
AZAD MAIDAN Opp. C.S.M.T Station, Mumbai - 400 001
12 DEC 2025 FRIDAY For Ladies Namaz e Jumma Till Namaze Isha
13 DEC 2025 SATURDAY For Gents From Namaz e Fajr
14 DEC 2025 SUNDAY For Gents Till 10:00 Pm.
Centre: Ismail Habib Masjid,
126, Kambekar St., Mumbai - 03
Tel: 9821567865/ 9850598089
SUNNI DAWATE ISLAMI
LIVE SDIchannel
Follow us on:

सुन्नी दावते इस्लामी
का 33वाँ सालाना
सुन्नी इज्तेमा
अद्-दाई:
दाई-ए-कबीर हाफ़िज़-ओ-क़ारी
मौलाना मुहम्मद शाकिर नूरी
अमीरे सुन्नी दावते इस्लामी
CELEBRATING 1500 YEARS OF MEELAD 2025
वादी-ए-नूर आज़ाद मैदान
सी.एस.एम.टी. स्टेशन के सामने, मुंबई - 01
औरतों के लिए 12 दिसंबर 2025 जुमा बाद नमाज़े जुमा ता इशा
मर्दों के लिए 13 दिसंबर 2025 सनीचर बाद नमाज़े फज्र
मर्दों के लिए 14 दिसंबर 2025 इतवार रात 10 बजे तक
मर्कज़ इस्माइल हबीब मस्जिद
126, काम्बेकर स्ट्रीट, मुंबई - 03
Tel: 9821567865/ 9850598089
SUNNI DAWATE ISLAMI
LIVE SDIchannel
Follow us on:

*Bara-e-isale Sawab*

**HUZOOR MUFTI-E-AAZAME HIND**

**Late :** Abubakar Zakariya (Babla) **Dua ke Taliba :** Jamila Abubakar Babla

★ Late Zikar Abdul Latif Babla ★ Late Dadi Ma ★ Dadhibai Zikar Latif Babla ★ Phuima Aamnabai Sakhi ★ Phui Parsabai Zikar Abdul Latif Babla ★ Late Abubakar Zikar Babla ★ Phui Zaibun Hajiyani Haji Razak Chana ★ Maa Aaisha Hajiyani Haji Usman Khakhu ★ Usman Haji Abdullah Khakhu ★ Haji Nasirbhai Khanda ★ Haji Suleman Usman Khakhu ★ Haji Ashraf Usman Khakhu ★ Haji Yakub Usman Khakhu.

## જયારે મુશ્કેલીનો ભય હોય

જયારે કોઈ વ્યક્તિને કોઈ મુશ્કેલી અથવા ભયાનક કામમાં ફસાઈ જવાનો ખતરો હોય અથવા કોઈ મોટુ કામ આવી પડયું હોય તો પઢે :

حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ الْوَكِيلُ، نِعْمَ الْمَوْلٰى وَنِعْمَ النَّصِيرُ، عَلَى اللّٰهِ تَوَكَّلْنَا.

**હ઼સ્બુનલ્લાહુ વનિઅ્મલ વકીલ, નિઅ્મલ મૌલા વ નિઅ્મન્નસ઼ીર અ઼લલ્લાહિ તવક્કલ્ના.**

**તર્જુમા :** અલ્લાહ અમારા માટે કાફી છે અને તે બેહતરીન કારસાઝ અને બેહતરીન આક઼ા તથા બેહતરીન મદદગાર છે. અમે અલ્લાહ પર જ ભરોસો કર્યો. (નૂરી અવરાદો વઝાઈફ)

Babla Printers
Siddique A. Babla & Brothers. Tel. : +91 9323963429
PAPRO INDUSTRIES
DUA KE MUSTAHIQ
Babla Printers

Printed Published & Owned by PATEL SHABBIR ALI RAZVI, Printed At : TECHNO PRINT, KATWALA ESTATE, Yakutpura, Vadodara & Published at Islamic Welfare Mission Office : Dayadara, Di. Bharuch (Guj.) Editor : PATEL SHABBIR ALI RAZVI

*Design by : Muzammil Patel-Ikhar +91 9723862728*